ખેડા..ગાંધીનગર..પાટણ..બનાસકાંઠા...

પાનાં : ૧૬ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૧૬ નવેમ્બર ૨૦૨૬ સોમવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૭ વર્ષ : ૯૪, અંક : ૩૦૯ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

ગુજરાત સમાચાર
futuristic
કલ્પનાઓની દુનિયાની વાસ્તવિકતા
હવે રેતીમાં પાણી રોકીને
ઉજ્જડ રણમાં પણ પાક લહેરાશે!
AI કો-સાયન્ટિસ્ટે
MYC પ્રોટીનનો અનોખો ઉકેલ શોધ્યો
વાંચો અંદરના પાને...

ઈલોન મસ્કની કંપનીએ સ્પેસશિપનો અનેક વખત ઉપયોગ થઈ શકે તેવા યુગનો પ્રારંભ કર્યો

સ્પેસએક્સની ઐતિહાસિક સિદ્ધિ

સ્ટારશિપ રોકેટ લોન્ચિંગપેડ પર પાછું ફર્યું

૨૭,૩૫૦ કિ.મી.ની ઝડપે ૨૨ કલાકમાં ૧૪ વખત પૃથ્વીની પ્રદક્ષિણા કરી પાછા ફરેલા અવકાશયાનને ૨૬ મીટર લાંબા યાંત્રિક હાથોએ લોન્ચપેડ ઉપર હવામાં ઝીલી લીધું

વોશિંગ્ટન/બોકા ચિકા (ટેક્સાસ), તા. ૧૫

ઈલોન મસ્કની અંતરિક્ષ કંપની સ્પેસએક્સએ શનિવાર, ૧૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ અવકાશ સંશોધનના ક્ષેત્રે એક અકલ્પનીય અને ઐતિહાસિક સિદ્ધિહાંસલ કરી છે. 'સ્ટારશિપ ફ્લાઈટ-૧૫' મિશન અંતર્ગત ૨૨.૫ કલાકની અંતરિક્ષ યાત્રા પૂર્ણ કરીને, પૃથ્વી પર પરત ફરેલા ૧૭૧ ફૂટ ઊંચા અપર-સ્ટેજ અવકાશયાનને લોન્ચ ટાવરના વિશાળ યાંત્રિક હાથો ('ચોપસ્ટિક્સ') વડે હવામાં જ સુરક્ષિત રીતે ઝીલી લેવામાં આવ્યું છે. વિશ્વમાં પ્રથમ વખત, આ રીતે કોઈ ઓર્બિટલ રોકેટ શિપને, ટાવર પર સફળતાપૂર્વક ઝીલવામાં આવ્યું છે. જોકે, શુક્રવારે લોન્ચિંગ બાદ પ્રથમ તબક્કાના 'સુપર હેવી બૂસ્ટર'માં, તકનીકી ખામી સર્જાતા તેને પાછાં મેળવવાની (રિટર્ન મેન્યુવર) પ્રક્રિયા ૨૬ કરવામાં આવી હતી.

૧૩ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ટેક્સાસના બોકા ચિકા સ્થિત સ્ટારબેઝના 'પેડ-૨' પરથી સ્થાનિક સમય મુજબ સાંજે ૪:૪૭ કલાકે (ભારતીય સમય મુજબ શનિવારે વહેલી સવારે ૪:૧૭ વાગ્યે) ૪૦૭ ફૂટ ઊંચા વિશાળ સ્ટારશિપ રોકેટે ગગનચુંબી ગર્જના સાથે ઉડાન ભરી હતી. ઉડાન ભર્યાની લગભગ સાડા છ મિનિટ બાદ, પ્રથમ તબક્કાના 'સુપર હેવી બૂસ્ટર'માં ઈંધણના ઓછા જથ્થા (લો ફ્યુઅલ માસ) અંગેનું એલાર્મ વાગ્યું હતું. સાથે સાથે ગાઈડન્સ અલાઈનમેન્ટમાં પણ સમસ્યા સર્જાઈ હતી. સુરક્ષાના ભાગરૂપે બૂસ્ટરની ઓટોમેટેડ એબોર્ટ સિસ્ટમ સક્રિય થઈ હતી. જેના કારણે સુપર હેવી બૂસ્ટર, લોન્ચ પેડ પર પરત ફરવાને બદલે

(અનુસંધાન ૧૧મે પાને)


હવામાં જ યાનને ઝીલી લેવાનો રોમાંચક નજારો

શનિવારે બપોરે સ્ટારશિપે 'ડી-ઓર્બિટ બર્ન' પ્રક્રિયા પૂર્ણ કરી, પૃથ્વીના વાતાવરણમાં પુનઃપ્રવેશ કર્યો હતો. અત્યંત ઊંચા તાપમાનનો સામનો કરતા સ્ટેનલેસ સ્ટીલના બનેલા, આ યાને પોતાની ચાર એરોડાયનેમિક ફ્લેપ્સ(પાંખો)ની મદદથી ઉત્તર મેક્સિકો અને દક્ષિણ ટેક્સાસના આકાશમાં નિયંત્રિત ગતિજાળવી રાખી હતી. સ્ટારબેઝ લોન્ચ સાઈટ નજીક પહોંચતા જ, યાને અંતિમ લેન્ડિંગ બર્ન અને સીધા થવાની પ્રક્રિયા (ફ્લિપ મેન્યુવર) કરીને પોતાની ગતિ એકદમ ધીમી કરી હતી. ટાવરની બિલકુલ બાજુમાં હવામાં સ્થિર થયેલા, આ મહાકાય યાનને લોન્ચ ટાવરના વિશાળ યાંત્રિક હાથોએ અત્યંત ચોકસાઈપૂર્વક જકડી લીધું હતું. આ દ્રશ્ય જોઈને સ્પેસએક્સના કંટ્રોલ રૂમમાં વૈજ્ઞાનિકો અને ઈજનેરો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા.

સ્ટારશિપે લોન્ચિંગની ૩૬ મિનિટ બાદ સ્ટારલિંકના ૨૬ સેટેલાઈટ અવકાશમાં તરતા મૂક્યા

ભવિષ્યના ચંદ્ર અને મંગળ મિશન માટે નવી આશા

આંતરરાષ્ટ્રીય અહેવાલો મુજબ, સ્પેસએક્સની આ સફળતા, અંતરિક્ષ વિજ્ઞાન માટે ગેમ-ચેન્જર સાબિત થશે. અપર સ્ટેજને સુરક્ષિત પાછું મેળવવાથી એ સાબિત થયું છે કે 'રોકેટના બંને ભાગોનો સંપૂર્ણપણે પુનઃઉપયોગ શક્ય છે. આ ટેકનોલોજીથી અંતરિક્ષ યાત્રાનો ખર્ચ અત્યંત ઘટી જશે, જે નાસાના આગામી 'આર્ટમિસ' ચંદ્ર મિશન અને સ્પેસએક્સના ભવિષ્યના મંગળ, મિશનને સાકાર કરવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.



ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે સ્ટારશિપની ૧૫મી ટેસ્ટ ફ્લાઈટમાં ઐતિહાસિક સફળતા મેળવી. સ્પેસમાં લગભગ ૨૨ કલાક વિતાવ્યા બાદ સ્ટારશિપનો ઉપરનો ભાગ કંપનીએ લોન્ચિંગ ટાવરના વિશાળ યાંત્રિક હાથ કે જેને ચોપસ્ટિક કહેવામાં આવે છે તેની મદદથી હવામાં જ પકડી લીધો. આ પહેલી વખત છે જ્યારે, સ્ટારશિપનું ઉપરનું યાન સ્પેસની સફર પૂર્ણ કરીને સીધું લોન્ચિંગ ટાવરના હાથમાં પકડાયું છે. સ્ટારશિપને સરળ ભાષામાં સમજીએ. સ્ટારશિપ બે મુખ્ય ભાગ ધરાવે છે. નીચેના મોટા ભાગને સુપર હેવી બૂસ્ટર કહેવાય છે, જે રોકેટને પૃથ્વીથી સ્પેસ સુધી પહોંચવા માટે પાવર આપે છે. તેને ઘણી વખત ચોપસ્ટિકના માધ્યમથી કેચ કરવામાં આવ્યું છે. જ્યારે, તેના ઉપરના ભાગને સ્ટારશિપ ધ સ્પેસક્રાફ્ટ કહેવાય છે જે સ્પેસમાં આગળની મુસાફરી કરે છે. તેને પહેલી વખત ચોપસ્ટિકના માધ્યમથી કેચ કરવામાં આવ્યું છે.



લલિત મોદીએ ભારત સરકારને થાપ આપી અને બ્રિટનનું નાગરિકત્વ મેળવ્યું. ૨૦૧૦માં ભારત છોડીને ભાગી ગયેલા લલિત મોદીને પરત ભારત લાવવા સરકાર કશું જ ન કરી શકી. લલિત મોદીનું આઈપીએલ અને બીસીસીઆઈમાં વર્ચસ્વ હતું. સરકાર તેમને ભારત લાવી શકી હોત. પરંતુ, અંદરખાને થયેલી સમજૂતીને ધ્યાને લઈને લલિત મોદી ભારત ન આવ્યા. લલિત મોદીના આશીર્વાદથી જ અમિત શાહના દીકરાને બીસીસીઆઈના પ્રમુખપદ મળ્યું હતું, તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું. ખેર, હવે તો લલિત મોદી બ્રિટનના નાગરિક બની ગયા છે એટલે, હવે સમય જતા લલિત મોદીને ભારત પાછા લાવવાની વાત ભૂલાઈ જશે. અને ભારતે અત્યાર સુધી વકીલો પાછળ ખર્ચેલા કરોડોની રકમ પણ ભૂલાઈ જશે.

અમદાવાદ વિમાન અકસ્માતની ઘટના બાદ કાર્યવાહી

અમેરિકન એફએએ ભારતના વિમાનોની સુરક્ષાનું ઓડિટ કરશે

નવી દિલ્હી, તા. ૧૫

અમેરિકન ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન એફએએ ભારતની ઉડ્ડયન સુરક્ષા મુદ્દે ઓડિટ કરવા માટે ભારત આવશે. ભારતીય એરક્રાફ્ટ ઓપરેશન્સ, લાઈસેન્સિંગ વગેરેનું ૧૬ નવેમ્બરથી ઓડિટ શરૂ કરાશે જે ૨૦ તારીખ સુધી ચાલશે.

ભારત સિવિલ એવિએશન માર્કેટમાં સૌથી ઝડપી વિકાસ કરનારો દેશ હોવાનો દાવો થઈ રહ્યો છે. જેને એવિએશન મુદ્દે અમેરિકાની આ એજન્સી દ્વારા કેટેગરી ૧માં રાખવામાં આવેલ છે. એફએએ પોતાના આંતરરાષ્ટ્રીય એવિએશન સેફ્ટી એસેસમેન્ટ પ્રોગ્રામ હેઠળ એવા દેશોના એવિએશનની ચકાસણી કરે છે કે જે અમેરિકામાં ફ્લાઈટ્સ ઓપરેટ કરવા માગતા હોય.

અધિકારીઓના જણાવ્યા મુજબ એફએએ ટીમ દ્વારા ૧૬થી ૨૦ નવેમ્બર દરમિયાન ઓડિટ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. હાલમાં માત્ર એર ઈન્ડિયા અમેરિકાના શહેરોમાં ભારતથી ડાયરેક્ટ ફ્લાઈટ ઓપરેટ કરે છે. આઈએએસએ પ્રોગ્રામ હેઠળ એફએએ દ્વારા ડીજીસીએનું

(અનુસંધાન ૧૧મે પાને)

૧૬થી ૨૦ નવેમ્બર સુધી એફએએની ટીમ ભારતીય ઉડ્ડયન સુરક્ષા મુદ્દે સઘન ચકાસણી કરશે

યુએનમાં મૃત્યુદંડ પર પ્રતિબંધનો પ્રસ્તાવ પાસ, ભારત સહિત ૩૩ દેશોનો વિરોધ

નવી દિલ્હી, તા.૧૫

દુનિયામાં અનેક માનવ અધિકાર અંગેના સંગઠનો મૃત્યુદંડની સજાનો વિરોધ કરી રહ્યા છે ત્યારે મેક્સિકોએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (યુએનજીએ)માં મૃત્યુદંડની સજા પર પ્રતિબંધ મૂકવા માટે એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવનો ભારત, અમેરિકા સહિત ૩૩ દેશોએ વિરોધ કર્યો હતો જ્યારે ૧૬ દેશ ગેરહાજર રહ્યા હતા, પરંતુ ૧૩૩ દેશો આ સજા

(અનુસંધાન ૧૧મે પાને)



ભારત છોડ્યા બાદ ૧૬ વર્ષથી વિદેશમાં જલસા કરતો કૌભાંડી

ભાગેડુ લલિત મોદીને બ્રિટનની નાગરિકતા મળી, ભારત લાવવો મુશ્કેલ

લંડન, તા. ૧૫

કૌભાંડી લલિત મોદી ભારત છોડીને વિદેશ ગયાને ૧૬ વર્ષ વીતી ગયા છે. સરકાર હજુસુધી તેને પરત ભારત લાવવાની વાતો કરી રહી છે એવામાં લલીત મોદીએ બ્રિટનની નાગરિકતા મેળવી લીધી છે. ૧૫મી સપ્ટેમ્બરના રોજ તેને બ્રિટનની નાગરિકતા મળી હતી જેની જાહેરાત લલિત મોદીએ તાજેતરમાં એક કાર્યક્રમમાં કરી હતી. મની લોન્ડરિંગ સહિતના આરોપોનો સામનો કરી રહેલ લલિત મોદીને હવે ભારત લાવવાની પ્રક્રિયા વધુ જટીલ બની શકે છે.

બ્રિટિશ નાગરિકતા મળતા મિત્રો અને પરિવાર સાથે ભરપૂર ઉજવણી કરી, મારા માટે આ ગૌરવની ક્ષણ : લલિત મોદી

કૌભાંડી અને ભાગેડુ જાહેર કરાયેલા લલિત મોદીએ શનિવારે જાહેર કર્યું કે તેણે ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૬ના દિવસે સત્તાવાર રીતે બ્રિટિશ નાગરિકત્વ મળ્યું છે. મારા માટે આ જીવનની ગર્વોન્નત ક્ષણ હતી.

૧૪મી નવેમ્બરે ઓક્સફર્ડ યુનિયનમાં બોલતી વખતે તેણે આ માહિતી આપી હતી. અને કહ્યું કે બ્રિટિશ નાગરિકત્વ મળતાં મેં મારાં કુટુમ્બીજનો અને મિત્રો સાથે ઉજવણી કરી હતી. લલિત મોદીએ વધુમાં કહ્યું કે બ્રિટન વર્ષોથી મારું ઘર રહ્યું છે.

કૌભાંડી અને આઈપીએલના સ્થાપક તેમજ પૂર્વ ચેરમેન લલિત મોદીએ કહ્યું હતું કે બ્રિટનના લોકો, સંસ્થાઓ અને પરંપરાઓને હું સન્માનથી જોઉં છું. બ્રિટિશ નાગરિક બનવું તે માત્ર વિશેષાધિકાર જ નથી પરંતુ એક જવાબદારી પણ છે. અને મેં ગર્વ કૃતજ્ઞતા અને પોતાપણાની ગહન ભાવના સાથે બ્રિટિશ નાગરિકત્વ સ્વીકાર્યું છે. તેણે સોશિયલ મીડિયા પર વધુમાં લખ્યું હતું કે મારા માટે ગૌરવની ક્ષણ છે, એક નવો અધ્યાય શરૂ થયો છે. લલીત મોદીને આઈપીએલના ચેરમેન પદેથી હટાવ્યા બાદ તે ૨૦૧૦માં ભારત છોડીને વિદેશ ભાગી ગયેલ, મની લોન્ડરિંગ, ફેમા કાયદાના ભંગ સહિતના તેના પર આરોપો છે.

ઈડી તેની સામે તપાસ કરી રહી છે જ્યારે તેના પ્રત્યાર્પણ માટે પણ પ્રયાસો થઈ રહ્યા છે. જોકે લલીત મોદી તમામ આરોપો નકારતો આવ્યો છે.

લલિત મોદી પર મની લોન્ડરિંગ સહિત અનેક આરોપો ઈડીના પ્રત્યાર્પણના પ્રયાસો છતાં કોઈ પરિણામ નહીં

દિલ્હીની વાત

એનસીપીના બંને જૂથો એક થશે?

નવીદિલ્હી, તા. ૧૫

એનસીપી (શરદ પવાર) અને એનસીપી (અજીત પવાર) ફરીથી ભેગા થઈને એક એનસીપી બનાવશે એવી ચર્ચા મહારાષ્ટ્રના રાજકારણમાં થઈ રહી છે. એનસીપી (શરદ પવાર)ના કાર્યકારી પ્રમુખ અને સાંસદ સુપ્રિયા સૂલેએ આ બાબતે નિવેદન આપ્યું છે. એમણે કહ્યું છે કે એમના ભાઈ અજીત પવાર જીવતા હતા ત્યા સુધી બંને જૂથો વચ્ચે વિલયની ચર્ચા ચાલુ રહી હતી. જોકે એમના મૃત્યુ પછી આ ચર્ચા અટકી ગઈ છે. સુલેએ કહ્યું હતું કે, 'મારા ભાઈ જે દિવસે અમને છોડીને ચાલ્યા ગયા હતા એજ દિવસથી વાતચીત અટકી ગઈ હતી.'

(અનુસંધાન ૧૧મે પાને)

ચીનની મોટી સિદ્ધિ : ૧૯ બેઠકવાળા ઈલેક્ટ્રિક વિમાનનું ૧૬ મિનિટનું ઉડાન

વાંચો પાના નં.૧૩

બેધડક -મંજુલ



સાહેબ, જબરજસ્ત માસ્ટર સ્ટ્રોક છે ! દૂધના વધતા ભાવોના કારણે ગરીબો હવે આરોગ્યપ્રદ બ્લેક ટી તરફ વળશે !

સંજય નહીં, તમારા પતિ રાજીવ ગાંધી એક દિવસ વડાપ્રધાન બનશે!

વાંચો ન્યુઝ ફોકસ

કોસમોસ કો-ઓપરેટીવ બેંક લિ. (મલ્ટીસ્ટેટ શિડ્યૂલ્ડ બેંક)
કોસ્મો આનંદોત્સવ-૨
ડિપોઝિટ સ્કીમ ૧૪.૧૨.૨૦૨૬ સુધી જ
સામાન્ય / સંસ્થાકિય ૭.૪૦% ૭૪૦ દિવસ માટે
વરીષ્ઠ નાગરિક ૭.૭૫% ૭૭૫ દિવસ માટે
માસિક વ્યાજ ચુકવણી !
મો.: ૯૮૨૫૨ ૬૧૬૨૬
આશ્રમ રોડ શાખા : ૦૭૯-૨૬૫૪૫૬૯૩/૯૪
Toll Free No.: 1800 233 0234

શિલજ સર્કલ હિટ & રન કેસમાં અંદરની વાત

જી સર! IPSનો સંબંધી આરોપી અકસ્માત કેસમાં કલાકોમાં મુક્ત

અમદાવાદ, રવિવાર

શિલજ સર્કલ પાસે ધારાસભ્યના ભત્રીજાએ રેન્જ રોવરથી બાઈકને ટક્કર મારતાં એકનું મૃત્યુ નિપજ્યાની ઘટનામાં કારચાલકનું કલાકો પછી હાજર થવું અને થોડા જ કલાકમાં મુક્તિની ઘટનામાં એક સિનિયર આઈપીએસની ભૂમિકા પોલીસ તંત્રમાં ચર્ચાસ્પદ બની છે.

પાંચ મહિના પહેલાં સાણંદની પાર્ટીમાં દરોડા પછી આ જ પાર્ટી શોખિનને IPSએ બચાવ્યાની પણ ચર્ચા

શિલજ સર્કલ ઉપર રેન્જ રોવરની ટક્કરથી રેપિડો બાઈક ઉપર નોકરીએ જઈ રહેલાં નારણપુરાના હર્ષદભાઈ પુરબિયાનું મૃત્યુ નિપજ્યું હતું. અકસ્માત સર્જાયા પછી રેન્જ રોવર કાર લઈને તેનો ચાલક જતો રહ્યો હતો. બોપલ પોલીસે સીસીટીવીના આધારે તપાસ કરતાં આ કાર મહેશ કુશ્વાહના નામે નોંધાયેલી હોવાનું અને તેમના પુત્ર રાઘવેન્દ્ર કુશ્વાહે જીવલેણ અકસ્માત સર્જ્યાની વિગતો ખુલી હતી. આરોપી રાઘવેન્દ્ર બાપુનગરના ધારાસભ્યદિનેશસિંહ કુશ્વાહનો ભત્રીજો થતો હોવાથી પોલીસે તેને હાજર થવા માટે પૂરતો સમયઅનેવ્યવસ્થાકરીઆપીતેમજપોલીસ સ્ટેશનમાંથીકલાકોમાંજામીનઅપાયાનામુદ્દે વિવાદઅનેચર્ચાજાગ્યાહતા.

આરોપીરાઘવેન્દ્રકલોલતરફયોજાયેલી પાર્ટીમાંથી મિત્રો સાથે પરત આવતો હતો ત્યારે અકસ્માતની ચર્ચા હતી. હવે, પોલીસ તંત્રના નજીકના વર્તુળોમાં બોપલ પોલીસે આરોપીનેસરળતાકરીઆપીતેમાટેસિનિયર આઈપીએસની ભૂમિકા હોવાની ચર્ચા વેગવાનબની છે. આરોપીના પિતાના વેવાઈ પક્ષે નજીકના સંબંધી એવા સિનિયર આઈપીએસએ પાડોશી એવી અમદાવાદ ગ્રામ્ય પોલીસને સુચના આપતાં 'જી સર' સાથે અમલ કરી વગદાર આરોપી સામેની કાર્યવાહી સરળ બનાવાયાંની ચર્ચા વેગવાન છે. એવી પણ ચર્ચા છે કે, પાંચેક મહિના પહેલાં પણ સાણંદ નજીકની પાર્ટી ઉપર અમદાવાદ ગ્રામ્ય પોલીસે દરોડો પાડ્યો ત્યારે પણ ધારાસભ્યના ભત્રીજા એટલે કે સિનિયર આઈપીએસના નજીકના સંબંધી એવા આ યુવાનને પાર્ટીશોખિનઆરોપીને બચાવાયો હતો. પાંચ જ મહિનામાં એક જ યુવકને બચાવવા સંબંધી એવા સિનિયર પોલીસ અધિકારીએ બે-બે વખત ભૂમિકા ભજવ્યાની ચર્ચા છે. ગુજરાતમાં કાયદાનો અમલ કરાવતાં અમુક પોલીસ અધિકારીઓ તેમના સંબંધીઓના સંતાનો માટે અંદરખાને ભલામણો કરી સમાજ માટે કેવું 'અનુપમ ઉદાહરણ' પાડે છે? તેવો સવાલ પોલીસ તંત્રના જાણકારોમાં વેગવાન છે.

વેકેશનમાં ફરવા જનારાના આયોજન ખોરવાયા

અમદાવાદ-બાગડોગરા ફ્લાઇટ અચાનક રદ, મુસાફરોનો હોબાળો

અમદાવાદ,રવિવાર

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી બાગડોગરા જવા માટે રવાના થનારી સ્પાઈસજેટની ફ્લાઈટ અચાનક રદ કરી દેવામાં આવતા મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો.

ફ્લાઇટ કેન્સલ થયા બાદ રિફંડની પ્રક્રિયામાં પણ મુશ્કેલી પડી રહી હોવાની મુસાફરોની ફરિયાદ

પ્રાપ્ત વિગતો અનુસાર આ ફ્લાઇટ બપોરે ૩:૨૦ના રવાના થઈને સાંજે ૬:૦૫ના બાગડોગરા પહોંચતી હોય છે. પરંતુ આજે કોઈ પૂર્વ સૂચના વિના ફ્લાઇટ કેન્સલ થતાં તમામ મુસાફરો એરપોર્ટ પર અટવાઈ પડ્યા હતા, જેના કારણે ટર્મિનલ પર ભારે હોબાળો મચ્યો હતો. ફ્લાઇટ રદ થવાની જાહેરાત થતાં જ મુસાફરોએ એકઠા થઈને એરલાઈન્સના કાઉન્ટર પર વિરોધ નોંધાવ્યો હતો.

મુસાફરોનો આક્ષેપ છે કે ફ્લાઇટ રદ થયા બાદ તેમને ન તો કોઈ વૈકલ્પિક ફ્લાઈટની સુવિધા આપવામાં આવી હતી કે ન તો ટિકિટના રિફંડ અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી હતી. એરલાઈન્સના સ્ટાફ તરફથી સંતોષકારક ઉત્તરને બદલે ઉડાઉ જવાબ મળતા મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. બાગડોગરા જનારા મુસાફરોએ આગળના પ્રવાસ અને હોટલ બુકિંગનું આયોજન કર્યું હોવાથી અચાનક ફ્લાઇટ રદ થતાં તેમને હાલાકી ભોગવવી પડી છે. રિફંડની પ્રક્રિયામાં પણ મુશ્કેલી પડી રહી હોવાની ફરિયાદ મુસાફરોએ કરી હતી.

સિવિલ હોસ્પિ.માં ૨૬૧માં અંગદાનથી ચારને નવજીવન

અમદાવાદ, રવિવાર

અસારવા સિવિલ હોસ્પિટલમાં ૨૬૧મું અંગદાન થયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર ૫૨ વર્ષીય પુરુષને માર્ગ અકસ્માતમાં માથામાં ઈજા થતાં સિવિલમાં દાખલ કરાયા હતા. સઘન સારવાર બાદ બ્રેઇનડેડ જાહેર કરાતાં પત્નીએ અંગદાન માટે સંમતિ આપી હતી. આ અંગદાન થકી એક લીવર, બે કિડની, એક હૃદય, બે આંખોનું દાન મળ્યું છે.

હેલ્પલાઈનમાં આવતા બેમાંથી એક કોલ ઘરેલુ હિંસાનો

ઘરેલુ હિંસાના કેસમાં વધારો : ૩ વર્ષમાં ૧૨ હજારથી વધુ ફરિયાદો

અમદાવાદ, રવિવાર

એક સમય હતો જ્યારે ઘર એટલે હૂંફ, વિશ્વાસ, સમજણ અને સુરક્ષાનું પ્રતીક. દિવસભરના થાક બાદ પરિવાર સાથેની થોડીક વાતચીત પણ માનવીને માનસિક શાંતિ આપતી હતી. પરંતુ બદલાતી જીવનશૈલી, વધતી અપેક્ષાઓ, આ થક દબાણ, સોશિયલ મીડિયાનો અતિરેક અને સંબંધોમાં ઘટતી સહનશક્તિએ હવે ઘરના વાતાવરણને પણ તણાવપૂર્ણ બનાવી દીધું છે. જે ઘરમાં બે વ્યક્તિએ સાથે મળીને જીવન વિતાવવાનાં સપનાં જોયાં હતાં, એ જ ઘરમાં આજે અહંકાર-શંકા- અસહમતી અને મારઝૂડ જેવી ઘટનાઓ સંબંધોને તોડી રહી છે. અમદાવાદમાં ઘરેલુ હિંસાને લગતા છેલ્લા ત્રણ વર્ષના આંકડા આ સામાજિક પરિવર્તનની ગંભીર તસવીર રજૂ કરે છે.



૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના આંકડા અનુસાર, છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદમાંથી કુલ ૨૪,૧૩૬ મહિલાઓએ વિવિધ પારિવારિક અને ઘરેલુ સમસ્યાઓના સંદર્ભમાં મદદ માટે સંપર્ક કર્યો હતો. તેમાંથી ૧૨,૭૨૧ ફરિયાદો એટલે કે ૫૨.૭ ટકા જેટલી ફરિયાદો ઘરેલુ હિંસા અને શારીરિક અત્યાચાર સંબંધિત હતી. બીજા શબ્દોમાં કહીએ તો હેલ્પલાઈન પર મદદ માટે આવેલા દર બે ફોનમાંથી એક કરતાં વધુ ફોન પાછળ ઘરની ચાર દીવાલો વચ્ચે થતી હિંસાની પીડા છુપાયેલી હતી.

આ આંકડા માત્ર પતિ-પત્ની વચ્ચેના સામાન્ય ઝઘડાની વાત નથી કરતા, પરંતુ અનેક પરિવારોમાં મહિલાઓએ સહન કરવી પડતી શારીરિક અને માનસિક યાતનાની ગંભીરતા દર્શાવે છે. પતિ કે સાસરિયાં દ્વારા મારપીટ, અપમાન, ગાળાગાળી, સતત માનસિક દબાણ અને ઘરમાંથી કાઢી મૂકવા જેવી ઘટનાઓ પણ આ ચિત્રનો ભાગ છે. હેલ્પલાઈનના વર્ષવાર આંકડા જોઈએ તો વર્ષ ૨૦૨૪માં ઘરેલુ હિંસાની ૪,૭૨૧ ફરિયાદો નોંધાઈ હતી.

વર્ષ ૨૦૨૫માં આ સંખ્યા ૪,૪૮૯ રહી હતી, જ્યારે વર્ષ ૨૦૨૬માં ૨૪ ઓક્ટોબર સુધીના અહેવાલમાં ૩,૫૧૧ ફરિયાદો નોંધાઈ હોવાનું જણાવાયું છે. આમ, ત્રણ વર્ષમાં કુલ ૧૨,૭૨૧ ફરિયાદો સામે આવી છે.

વર્ષ ૨૦૨૪ની સરખામણીએ ૨૦૨૫માં ફરિયાદોમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ૨૦૨૬ના આંકડા પણ ચિંતાજનક છે.

અમદાવાદમાં ઘરેલુ હિંસાના ક્યારે-કેટલા કેસ?

- વર્ષ ૨૦૨૪માં ઘરેલુ હિંસાની ૪,૭૨૧ ફરિયાદો નોંધાઈ હતી. વર્ષ ૨૦૨૫માં આ સંખ્યા ૪,૪૮૯ રહી હતી, જ્યારે વર્ષ ૨૦૨૬માં ૨૪ ઓક્ટોબર સુધીના અહેવાલમાં ૩,૫૧૧ ફરિયાદો નોંધાઈ.
- ત્રણ વર્ષમાં કુલ ૧૨,૭૨૧ ફરિયાદો સામે આવી છે. વર્ષ ૨૦૨૪ની સરખામણીએ ૨૦૨૫માં ફરિયાદોમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે.
- ત્રણ વર્ષમાં ૩,૯૮૪ કિસ્સાઓમાં મહિલાઓએ ગંભીર શાબ્દિક દુર્વ્યવહાર અને માનસિક પ્રતાડનાનો સામનો કર્યો.
- ૧,૩૬૫ કિસ્સાઓમાં પારિવારિક વિવાદ એટલી હદે વકર્યો હતો કે પરિણીત મહિલાઓને સાસરીનું ઘર છોડવાની ફરજ પડી.
- છેલ્લા ત્રણ વર્ષમાં લગ્નેતર સંબંધો અને વર્ચ્યુઅલ જોડાણોને લગતા ૧,૧૬૮ કિસ્સાઓ સામે આવ્યા હતા. વર્ષ ૨૦૨૪માં આવા ૪૫૨ કિસ્સા નોંધાયા હતા, જે વર્ષ ૨૦૨૫માં ઘટીને ૩૯૨ અને વર્ષ ૨૦૨૬માં ૩૨૪ થયા હતા.
- છેલ્લા ત્રણ વર્ષમાં બાળકોની મુલાકાત, કસ્ટડી અને માતા-પિતાથી અલગ થવા સંબંધિત ૭૧૪ કિસ્સાઓમાં અભયમની રેસ્ક્યૂ વાન અને કાઉન્સેલરની મદદ લેવાની જરૂર પડી હતી. વર્ષ ૨૦૨૪માં આવા ૨૮૩ કિસ્સા હતા, જે વર્ષ ૨૦૨૫માં ૨૩૪ અને વર્ષ ૨૦૨૬માં ૧૯૭ નોંધાયા હતા.

સંવાદ-સહનશક્તિ ઘટતાં કેસમાં વધારો

મનોવિજ્ઞાનીઓ અને પરિવારના પ્રશ્નો સાથે સંકળાયેલા નિષ્ણાતોના મતે, આજના સમયમાં પરિવારોમાં સંવાદ અને સહનશક્તિ ઘટતી જાય છે. પહેલાં સંયુક્ત પરિવારમાં વડીલોની હાજરીને કારણે પતિ-પત્ની વચ્ચેના નાના મતભેદોનો ઉકેલ આવી જતો હતો. જોકે, હવે વિભક્ત પરિવારોનું પ્રમાણ વધતાં અનેક દંપતીઓને પોતાના પ્રશ્નોનો ઉકેલ જાતે જ શોધવો પડે છે. આ થક જવાબદારીઓ, મોંઘવારી, લોનના હપ્તા, જીવનશૈલી જાળવવાની હોડ અને સામાજિક અપેક્ષાઓ પણ માનસિક તણાવ વધારે છે. આવા સંજોગોમાં નાની બાબતોમાં ગુસ્સો, એકબીજાની વાત ન સાંભળવી અને પોતાની વાત જ સાચી હોવાનો આગ્રહ સંબંધોમાં અંતર ઊભું કરે છે. કેટલાક કિસ્સાઓમાં વ્યસન, જુગાર અને આ થક બેદરકારી પણ ઘરેલુ વિવાદને હિંસક બનાવે છે. સંબંધોમાં સત્તા જમાવવાની વૃત્તિ અને મહિલાને સમાન દરજ્જો ન આપવાની માનસિકતા પણ ઘરેલુ હિંસાના મહત્ત્વનાં કારણો બની શકે છે.

પતિ-સાસરિયાના ત્રાસથી માંડીને માનસિક હેરાનગતિ, લગ્નેતર સંબંધો તેમજ સંતાનોની કસ્ટડીના વિવાદમાં ચિંતાજનક વધારો

ઘરની ચાર દીવાલો વચ્ચેનો ત્રાસ સહન કરવો એ સમાધાન નથી

ઘરેલુ હિંસાની સમસ્યામાં એક મોટો પડકાર એ છે કે અનેક મહિલાઓ સામાજિક બદનામીના ડરથી ફરિયાદ કરતી નથી. બાળકોનું ભવિષ્ય, આ થક નિર્ભરતા, પરિવારની પ્રતિષ્ઠા અને લગ્નજીવન તૂટી જવાની બીકને કારણે મહિલાઓ લાંબા સમય સુધી અત્યાચાર સહન કરતી રહે છે.

જાહેર નોટિસ

મોજે - વિરોચનગર

ડિસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ સાણંદ તાલુકાના મોજે - વિરોચનગર ગામની સીમનાં બ્લોક નં. ૧૬૫૯ ની હે.આરે.ચો.મી. : ૯-૭૯-૮૮ ની ખેતીની જમીન (૧) હજરતખાન જૈનખાન, (૨) હયાતખાન જૈનખાન, (૩) બીલોરખાન ઉર્ફે દિલાવરખાન જૈનખાન, (૪) નગીનાબીબી તે અયુબખાન જૈનખાનના વિધવા, (૫) અમજદખાન અયુબખાન, (૬) આયશાબાનું અયુબખાન, (૭) આરીફખાન અયુબખાન તથા (૮) સલમાનખાન અયુબખાનની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૬-૧૧- ૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ,એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ/૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

મોજે-ટીંટોડા

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ ગાંધીનગર ઝોન- ૧ ગાંધીનગર તાલુકાના મોજે- ટીંટોડા ગામની સીમના રી-સર્વે મુજબ નવા (એ) બ્લોક નં.૧૨૦૭ (જુના બ્લોક નં.૧૯-બ-પૈકી) ની બિનખેતીની જમીન કે જેનો ગાંધીનગર સીટી સર્વે કચેરી તરફથી સીટી સર્વે વોર્ડ : ટીંટોડા (બિનખેતી) માં સમાવેશ કરીને સીટી સર્વે નં.NA1207 ની ચો.મી.4266 તથા (બી) બ્લોક નં.૧૨૦૮ (જુના બ્લોક નં.૧૮) ની બિનખેતીની જમીન કે જેનો ગાંધીનગર સીટી સર્વે કચેરી તરફથી સીટી સર્વે વોર્ડ : ટીંટોડા (બિનખેતી) માં સમાવેશ કરીને સીટી સર્વે નં. NA1208 ની ચો.મી.10193 ની બિનખેતીની જમીન (૧) પ્રજાપતિ ભલાભાઈ સોમાભાઈ ગાંડાભાઈ, (૨) પ્રજાપતિ સવિતાબેન સોમાભાઈ, (૩) પ્રજાપતિ રંજનબેન સોમાભાઈ, (૪) પ્રજાપતિ ગીતાબેન સેંધાભાઈ, (૫) પ્રજાપતિ મંજુલાબેન સેંધાભાઈ, (૬) પ્રજાપતિ આશાબેન સેંધાભાઈ, (૭) પ્રજાપતિ વર્ષાબેન સેંધાભાઈ, (૮) પ્રજાપતિ સુરેશભાઈ સેંધાભાઈ, (૯) ભુમિબેન મહેન્દ્રભાઈ પ્રજાપતિ, (૧૦) ફાલ્ગુન મહેન્દ્રભાઈ પ્રજાપતિ, (૧૧) મહેન્દ્રભાઈ સોમાભાઈ પ્રજાપતિ, (૧૨) પ્રહલાદભાઈ સાંકાભાઈ પ્રજાપતિ, (૧૩) અમરતભાઈ સાંકાભાઈ પ્રજાપતિ, (૧૪) ભાનુભાઈ સાંકાભાઈ પ્રજાપતિ, (૧૫) આકાશ તે મૈયત સરોજબેન ચંપાબેન સોમાભાઈની દિકરી સંજયકુમાર પ્રજાપતિ, (૧૬) ગુંજન મૈયત સરોજબેન ચંપાબેન સોમાભાઈની દિકરી સંજયકુમાર પ્રજાપતિ, (૧૭) મિત્તલબેન તે અમરતભાઈ પ્રજાપતિની દિકરી અને તે હાર્દિકકુમાર પ્રજાપતિની પત્ની તથા (૧૮) કાજલબેન તે અમરતભાઈ પ્રજાપતિની દિકરી અને તે ભાવિક પ્રજાપતિની પત્નીની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૬-૧૧- ૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ,એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ/૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ખોડાભાઈ વશરામભાઈ પટેલ, રહેવાસી-સુરેન્દ્રનગરનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે માણકોલની સીમના સર્વે/બ્લોક નંબર-૧૯૬૩/૧/૫૭ની ૪૫૫૩ ચોરસમીટરની બિનખેતીની જમીન કે જેનો સમાવેશ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ સાણંદમાં થતા માણકોલ (બિનખેતી) વોર્ડના શીટ નંબર-NA99 ના સીટી સર્વે નંબર-NA1963/1/57 ની ૪૫૫૩ ચોરસમીટરની બિનખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૧૪-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ખેડા સબ-ડિસ્ટ્રીક્ટ કપડવંજ ના તાલુકા કપડવંજ ના મોજે ભુતિયાની સીમના ખાતા નં.૫ માં ચાલતા સર્વે/બ્લોક નં.૨૩૦ ની ૦-૯૮-૧૪ હે.આરે.ચો.મી., આકાર રૂા.૧.૬૨ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન દિપસિંહ ફતાભાઈ, લખમણસિંહ જીવાભાઈ, શાન્તીબેન ધુળાજી, શાન્તાબેન અમરાજી, ચંદુભાઈ અમરાજી, ભુપતભાઈ અમરાજી, મોહનજી મગાજી, ઝાળા બાપુસિંહ નાનાજી, ઝાલા રમણભાઈ ગલાજી, ઝાલા જેણાજી ઉર્ફે જેસીંગભાઈ ભુરાજી, ઝાલા અલ્પેશભાઈ રતાજી, ઝાલા ઉર્મીલાબેન રતાજી, સ.ઝાલા લક્ષ્મીબેન રતાજીના વાલી રેવાબેન, રંગુબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, ચંદ્રસિંહ શીવાભાઈ ઝાલા, પર્વતસિંહ શીવાભાઈ ઝાલા, અમરતબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, મહેન્દ્રભાઈ અભાજી ઝાલા, કેશાભાઈ અભાજી ઝાલા, જશીબેન જુવાનસિંહ ચતુરજી ઝાલાની વિધવા, રાકેશભાઈ જુવાનસિંહ ઝાલા, તખતભાઈ જુવાનસિંહ ઝાલા, વિનાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, લીલાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કાશીબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, સવિતાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, ઈચ્છાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કૈલાશબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની વિધવા, અશોકભાઈ ભલાભાઈ ઝાલા, સુમિત્રાબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની દિકરી, મેલાભાઈ રાયભણભાઈ, હિરાભાઈ નાનાભાઈ રાઠોડ, શારદાબેન તે રમણભાઈ ઝાલાની પત્ની, ભાવનાબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, ઈન્દુબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, પોપટસિંહ રમણભાઈ ઝાલા નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમકરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ખેડા સબ-ડિસ્ટ્રીક્ટ કપડવંજ ના તાલુકા કપડવંજ ના મોજે ભુતિયાની સીમના ખાતા નં.૫ માં ચાલતા સર્વે/બ્લોક નં.૨૩૧ ની ૧-૧૬-૩૫ હે.આરે.ચો.મી., આકાર રૂા.૧.૫૬ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન દિપસિંહ ફતાભાઈ, લખમણસિંહ જીવાભાઈ, શાન્તીબેન ધુળાજી, શાન્તાબેન અમરાજી, ચંદુભાઈ અમરાજી, ભૂપતભાઈ અમરાજી, મોહનજી મગાજી, ઝાળા બાપુસિંહ નાનાજી, ઝાલા રમણભાઈ ગલાજી, ઝાલા જેણાજી ઉર્ફે જેસીંગભાઈ ભુરાજી, ઝાલા અલ્પેશભાઈ રતાજી, ઝાલા ઉર્મીલાબેન રતાજી, સ.ઝાલા લક્ષ્મીબેન રતાજીના વાલી રેવાબેન, રંગુબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, ચંદ્રસિંહ શીવાભાઈ ઝાલા, પર્વતસિંહ શીવાભાઈ ઝાલા, અમરતબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, મહેન્દ્રભાઈ અભાજી ઝાલા, કેશાભાઈ અભાજી ઝાલા, જશીબેન જુવાનસિંહ ચતુરજી ઝાલાની વિધવા, રાકેશભાઈ જુવાનસિંહ ઝાલા, તખતભાઈ જુવાનસિંહ ઝાલા, વિનાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, લીલાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કાશીબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, સવિતાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, ઈચ્છાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કૈલાશબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની વિધવા, અશોકભાઈ ભલાભાઈ ઝાલા, સુમિત્રાબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની દિકરી, મેલાભાઈ રાયભણભાઈ, હિરાભાઈ નાનાભાઈ રાઠોડ, શારદાબેન તે રમણભાઈ ઝાલાની પત્ની, ભાવનાબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, ઈન્દુબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, પોપટસિંહ રમણભાઈ ઝાલા નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુ



છઠ્ઠ પૂજા એ પ્રાચિન હિન્દુ વૈદિક અને લોકઆસ્થાનું મહાપર્વ છે. જે સૂર્યદેવ તેમના પત્ની ઉષા-પ્રત્યુષા અને છઠ્ઠી મૈયાની આરાધના માટે ઉજવાય છે. મુખ્યત્વે બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, નેપાળ તેમજ સમગ્ર ભારતમાં વસતા પરપ્રાંતીય લોકો આ પર્વ મનાવે છે. ત્યારે અમદાવાદમાં વસતા હજારો પરપ્રાંતિય પરિવારોએ સાબરમતીના કિનારે સૂર્યપૂજા કરી હતી. (તસવીર : સુરેશ મિસ્ત્રી)

સેટેલાઈટમાં આવેલા જ્વેલરી શો રૂમના મેનેજરની કરતૂત

અસલી દાગીનાને બદલે ઈમિટેશન જ્વેલેરી મૂકી ૪૧ લાખની છેતરપિંડી

અમદાવાદ,રવિવાર

શહેરના સેટેલાઈટ શીવરંજની ચાર રસ્તા પાસે આવેલા એક જ્વેલરી શોપમાં સ્ટોર મેનેજર તરીકે કામ કરતા વ્યક્તિએ સ્ટોરમાંથી રૂપિયા ૪૧ લાખની કિંમતના સોનાના દાગીનાની ઉચાપત કરી હોવાની ફરિયાદ સેટેલાઈટ પોલીસ મથકે નોંધવામાં આવી છે. સૌથી નવાઈની વાત એ હતી કે સ્ટોર મેનેજરે અસલી દાગીના ચોરી કરીને તેના સ્થાને ઈમીટેશન જ્વેલરી મુકી દીધી હતી. કંપનીના ઓડિટ દરમિયાન સમગ્ર બાબત સામે આવતા તેનો ભાંડો ફુટ્યો હતો.

કંપનીએ સ્ટોક ઓડિટ કરતા કેટલાંક દાગીનાનો સ્ટોક ઓછો હતો અને અન્ય ઈમિટેશન જ્વેલરીનો સ્ટોક મળી આવ્યો

સેટેલાઈટ શિવરંજની પાસે આવેલા સ્વરા જ્વેલર્સ નામના સોનાના દાગીનાનો શો રૂમ આવેલો છે. જેના સ્ટોર મેનેજર તરીકે વૈભવ સોની (રહે.શ્રીનાથ એપાર્ટમેન્ટ, નવા વાડજ) નામનો યુવક નોકરી કરતો હતો. જેની જવાબદારી તમામ દાગીનાના સ્ટોકની હતી. કંપનીના નિયમ મુજબ દર મહિને વૈભવને સ્ટોક રિપોર્ટ મોકલવાનો હતો. જે ઓડિટમાં અને કંપનીના સ્ટોક અંગે શો રૂમમાં તપાસ કરવામાં આવી ત્યારે સોનાના દાગીનાના અને સિક્કામાં ઘટ જોવા મળી હતી. તેમજ સ્ટોકમાં રહેલા કેટલાંક દાગીના નકલી હોવાનુ પણ જાણવા મળ્યું હતું. બીજી તરફ ઓડિટ સમયે વૈભવ સોની સ્ટાફ માટે નાસ્તો લેવા માટે જવાનું કહીને નીકળી ગયો હતો અને લાંબા સમય સુધી પરત આવ્યો નહોતો. જેથી ફોન કરતા સ્વીચ ઓફ આવતો હતો. બાદમાં કેટલીક તારીખોના સીસીટીવી તપાસ્યા ત્યારે ત્યારે વૈભવે દાગીના સગેવગે કર્યાના પુરાવા મળ્યા હતા અને તપાસ કરતા કુલ ૪૧ લાખની કિંમતના દાગીનાની ઉચાપત થઈ હતી. આ સમગ્ર મામલે સેટેલાઈટ પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.



વડાપ્રધાનની વિદાય બાદ વાતો વહેતી થઈ

અસંતોષ ખાળવા ફરી બોર્ડ અને નિગમનું ગાજર લટકાવાયું

અમદાવાદ,રવિવાર

વડાપ્રધાનની પાટનગરની ઓચિંતી મુલાકાત બાદ રાજકારણ ગરમાયુ છે. દરમિયાન વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને શાસક પક્ષ ભાજપે અત્યારથી જ રાજકીય ચોગઠાં ગોઠવવાનું શરૂ કરી દીધું છે. નરેન્દ્ર મોદીની દિલ્હી વિદાય બાદ ફરી એકવાર બોર્ડ-નિગમમાં નિયુક્તિ થશે તેવી વાતો વહેતી થઈ છે.` પક્ષમાં આંતરિક જૂથવાદ અને અસંતોષ ખાળવા તેમજ વફાદારોને સાચવી લેવા વિવિધ બોર્ડ-નિગમોમાં અધૂરી નિયુક્તિઓ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

મિશન ગુજરાત : ટાર્ગેટ ૧૫૬ પ્લસની વ્યૂહ રચના સાથે ભાજપ ચેરમેન-ડાયરેક્ટરપદ આપી શકે છે

રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી છેકે, મંત્રીમંડળમાં એક 'મીની' ફેરફારની અટકળો વચ્ચે બોર્ડ-નિગમનુ ગાજર લટકાવવામાં આવ્યુ છે. ભાજપ માટે જમીની સ્તર પર દુષ્કાળ, પાણી, વીજળી અને મોંઘવારી જેવા વિષયો પડકારજનક સાબિત થઈ રહ્યા છે.

વિપક્ષ આ મુદ્દાઓ પર આક્રમક બને તે પહેલાં જ સરકાર અને સંગઠન બંનેને સંપૂર્ણ રીતે સક્રિય કરી દેવા ગણતરી રાખી છે. વર્ષ ૨૦૨૭ના અંત સુધીમાં વિધાનસભામાં ફરી એકવાર ૧૫૬+ બેઠકોનો રેકોર્ડ તોડવાનો કે જાળવી રાખવાનો ભાજપનો લક્ષ્યાંક છે. જો આ લક્ષ્યાંકમાં સહેજ પણ પીછેહઠ થાય, તો તેની સીધી અસર વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણીના પરિણામો પર પડી શકે છે, જેને લઈને ભાજપ હાઈકમાન્ડ અત્યારથી જ એલર્ટ છે.

ભાજપ પ્રભારી તરુણ ચુગના ગુજરાત પ્રવાસ અચાનક વધી ગયા છે. તાજેતરમાં જ તેમણે મુખ્યમંત્રી, મંત્રીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ચોમાસાની નબળી સ્થિતિ અથવા લોકપ્રશ્નોને લઈને વિપક્ષ દ્વારા જે નકારાત્મક પ્રચાર ચલાવવામાં આવી રહ્યો છે, તેનો મજબૂતાઈથી સામનો કેવી રીતે કરવો અને સરકારની લોકકલ્યાણ યોજનાઓ જન-જન સુધી કેવી રીતે પહોંચાડવી તેની વ્યુહરચના ઘડવામાં આવી હતી.

ઘણાં વખતથી બોર્ડ-નિગમમાં નિયુક્તિ થઈ નથી ત્યારે હવે આગામી દિવસોમાં ચેરમેન અને ડાયરેક્ટરની નિમણૂંક કરવાની દિશામાં ભાજપ કામ કરે તેવી સંભાવના છે.

ડી.લિટ,ડી.એસસી અને LL.D સહિતના ત્રણ પ્રોગ્રામ્સમાં

ગુજરાત યુનિ.પોસ્ટ ડોક્ટરલ ડિગ્રીમાં પાંચ વર્ષે પણ પ્રવેશ શરૂ કરી શકી નથી

અમદાવાદ,રવિવાર

ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીએચડી પછીના ઉચ્ચ ડોક્ટરેટ ડિગ્રી અભ્યાસક્રમો એટલે કે પોસ્ટ ડોક્ટરલ ડિગ્રી પ્રોગ્રામ્સ માટે ૨૦૨૧માં નિયમો તૈયાર કરીને રૂલ્સ એન્ડ ઓર્ડિનન્સ જાહેર કરવામા આવ્યા હતા.ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૨માં આ પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે અરજીઓ મંગાવાઈ હતી. પાંચ વર્ષ થવા આવ્યા છતાં પણ આ ડિગ્રી પ્રોગ્રામ્સ શરૂ જ થઈ શક્યા નથી.ગુજરાતમાં હાલ એક પણ સરકારી યુનિ.માં પોસ્ટ ડોક્ટરેટ ડિગ્રી કોર્સ ચાલતા નથી ત્યારે ગુજરાત યુનિ.આ જાહેરાત કરનારી પ્રથમ હતી પરંતુ આ પ્રોગ્રામ્સ ગુજરાત યુનિ.પણ શરૂ તો કરી જ શકી નથી.અગાઉ યુનિ.માં માનદ ડી.લીટ ડિગ્રી આપવાની પણ રજૂઆતો આવી ચુકી છે.

ઓર્ડિનન્સ પણ બનાવી દેવાયા હતા અને અરજીઓ પણ મંગાવી લેવાઈ હતી:પરંતુ આ ડિગ્રી કોર્સ શરૂ જ ન થયા

ગુજરાતની સૌથી મોટી અને જુની યુનિવર્સિટી એવી ગુજરાત યુનિવર્સિટી દ્વારા હાઈએસ્ટ પોસ્ટ ડોક્ટરલ ડિગ્રી પ્રોગ્રામ્સ શરૂ કરવા માટે ૨૦૨૧માં તમામ નિયમો સાથે ઓર્ડિનન્સ તો તૈયાર કરી દેવાયા હતા પરંતુ તે પછી ત્રણ કુલપતિ બદલાઈ ગયા પરંતુ આ ડિગ્રી પ્રોગ્રામ્સ શરૂ જ ન થઈ શક્યા . ગુજરાત યુનિ.એ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફિલ્ડ-ફેકલ્ટીમાં પોસ્ટ ડોક્ટરેટ માટે ડી.એસસી(ડોક્ટર ઓફ સાયન્સ), હમ્યુમિનીટી,કોમર્સ,આર્ટસ,મેનેજમેન્ટ અને લીટરેચર સહિતના ફિલ્ડ-ફેક્લટીમાં પોટ ડોક્ટરેટ માટે ડી.લિટ(ડોક્ટર ઓફ લિટરેચર) અને લૉ ફેકલ્ટીમાં પોસ્ટ ડોક્ટરેટ ડિગ્રી માટે એલએલ.ડી (ડોક્ટર ઓફ લૉ) સહિતના ત્રણ હાએસ્ટ પ્રોગ્રામ્સ શરૂ કરવાની જાહેરાત કરી હતી. યુનિવર્સિટી દ્વારા આ પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે જરૂરી લાયકાતો,સમયગાળો, ફી સહિતના તમામ મુદ્દે નિયમો તૈયાર કરાયા હતા અને આ પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે ચેરમેન સહિતના પાંચ સભ્યોની એડમિશન કમિટી તેમજ ચેરમેન સહિતના પાંચ સભ્યોની પોસ્ટ ડોક્ટરલ રિસર્ચ એડવાઈઝરી કમિટી પણ બનાવવાનું નક્કી કર્યુ હતું.

નિયમો સાથેના ઓર્ડિનન્સ જાહેર કરાયા બાદ જાન્યુઆરી ૨૦૨૨માં અરજીઓ મંગાવાઈ હતી અને જેમાં ૨૬ સીનિયર પ્રોફેસરોએ અરજી કરી હતી. જેમાંના કેટલાક ગુજરાત યુનિ.ના જ હતા.

એડમિશન ફોર્મ એન્ડ પ્રોસેસિંગ ફી પાંચ હજાર તેમજ એડમિશન એન્ડ રજિસ્ટ્રેશન ફી પાંચ હજાર તથા સેમેસ્ટર ફી ૨૫,૫૦૦ રૂપિયા નક્કી કરાઈ હતી. એનઆરઆઈ માટે અલગ ફી નક્કી કરાઈ હતી.આ પ્રોગ્રામ્સમાં અભ્યાસ પુરો કરવા માટે લઘુત્તમ સમય બે વર્ષનો અને મહત્તમ સમય ચાર વર્ષનો અપાયો હતો. પાંચ વર્ષ થવા આવ્યા છતાં પણ હજુ સુધી આ હાયર પોસ્ટ ડોક્ટરલ પ્રોગ્રામ્સ શરૂ જ થઈ શક્યા નથી.અનેક ઉમેદવારોની ફી પરત પણ થઈ નથી.મળતી માહિતી મુજબ આ પ્રોગ્રામ્સ માટે અગાઉ સત્તામંડળમાં મંજૂરી મળી ન હતી અથવા તો ઉપરથી ના આવી હોઈ શકે છે. પરંતુ તો પછી નિયમો સાથે જાહેરાત કેમ થઈ તે પ્રશ્ન છે અને અરજી કરનારા ઉમેદવારોમાં એક યુનિ.ના પૂર્વ કુલપતિ પણ હતા જેઓની લાયકાતને લઈને પણ પ્રશ્ન ઉભો થતો થોડા મહિના પ્રોગ્રામ્સ શરૂ કરવાની વાત પડતી મુકાઈ હતી અને તે પછીના કુલપતિઓની ટર્મમાં પણ શરૂ થઈ શક્યા નહીં.હવે ગુજરાત યુનિ.ને નવા કામયી કુલપતિ અને તે પણ પાંચ વર્ષ માટે મળ્યા છે ત્યારે તેઓ આ પ્રોગ્રામ્સ શરૂ કરાવશે કે નહીં તે પ્રશ્ન છે.

પ્રવેશ પ્રક્રિયા પુરી થયાના બે મહિના બાદ

ટેકનિકલ કોર્સીસની વધુ સાત ખાનગી કોલેજોની નવી ફી જાહેર

અમદાવાદ,રવિવાર

ટેકનિકલ કોર્સીસની ખાનગી કોલેજોની ફી નક્કી કરતી ફી રેગ્યુલેશન કમિટી દ્વારા બાકી રહેલી કોલેજોમાંથી વધુ ૭ કોલેજોની નવી ફીનું માળખુ જાહેર કરવામા આવ્યુ છે.ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી ,એમબીએ-એમસીએ સહિતના કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા પુરી થયાને બે મહિના બાદ નવી ફી જાહેર કરાઈ છે.

૨૦૨૬-૨૭થી ૨૦૨૮-૨૯ સુધીના ત્રણ વર્ષ માટેના નવા ફી માળખાને ફી કમિટીની મંજૂરી

ટેકનિકલ ફી રેગ્યુલેશન કમિટી દ્વારા ગત નવેમ્બર-ડિસેમ્બરથી ફી નિર્ધારણની પ્રક્રિયા શરૂ કરાઈ હતી અને જેને આમ તો હવે એક વર્ષ થવા આવનાર છે ત્યારે બાકી રહેલી કેટલીક કોલેજોની નવી ફી મંજૂર કરીને તાજેતરમાં જાહેર કરાઈ છે.પાંચ ટકાથી વધુનો ફી વધારો માંગનારી કોલેજોની દરખાસ્તો મંગાવ્યા બાદ હિસાબો સહિતના વિવિધ માપદંડોની ચકાસણી કર્યા બાદ ત્રણ વર્ષ માટેની ફી નક્કી કરી જાહેર કરાઈ છે.જેમાં અગાઉ મોટા ભાગની કોલેજોની નવી ફી જાહેર કરી દેવાઈ હતી.પરંતુ કેટલીક કોલેજોની ફી બાકી હતી. જેમાં વધુ સાત કોલેજોની ૨૦૨૬-૨૭થી ૨૦૨૮-૨૯ સુધીના ત્રણ વર્ષ માટે નવી ફી નક્કી કરાઈ છે.

આ કોલેજોમાં બી.ઈની બે, બી.ફાર્મની બે, ડિપ્લોમા ઈજનેરીની ૧,એમસીએની ૧ અને એમ.પ્લાનિંગની ૧ કોલેજ છે.જેમાં બી.ઈમાં ૮૦ હજાર અને ૧.૦૩ લાખ, બી.ફાર્મમાં ૭૧ હજાર અને ૮૨ હજાર તથા ડિપ્લોમામાં ૪૧ હજાર તથા એમસીએમાં ૭૬ હજાર અને એમ.પ્લાનિંગમાં ૧.૦૪ લાખ વાર્ષિક ફી આ વર્ષ માટે મંજૂર કરાઈ છે.ફી કમિટીએ કોલેજોને એક સાથે પુરા સેમેસ્ટરની ફી ન ઉઘરાવવાની અને અન્ય કોઈ વધારાની ફી ન લેવા પણ આદેશ કર્યો છે.જો કે પ્રવેશ પ્રક્રિયા ૧૫ સપ્ટેમ્બરે પુરી થઈ ગઈ હોઈ અને કોલેજોએ તો ક્યારની ફી લઈ લીધી છે.જેથી હવે તો વિદ્યાર્થીઓએ ફી તફાવત ભરવાનો રહેશે.

થલતેજમાં કારના કાચ તોડીને રોકડની ચોરી

અમદાવાદ, રવિવાર

બોપલ આંબલી રોડ પર આવેલા પુષ્પક પ્લેટીનિયમમાં રહેતા સરણુભાઈ કળોતરા આશ્રમ રોડ પર આવેલી પોસ્ટ ઓફિસમા પોસ્ટલ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. શનિવારે બપોરના સમયે થલતેજ જે જી ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે તેમના મિત્રને મળવા ગયા હતા અને કાર રોડ પર પાર્ક કરી હતી. થોડીવારમાં પરત આવ્યા ત્યારે જોયુ તો કારનો કાચ તુટેલો હતો અને તેમાંથી ૨.૨૦ લાખની રોકડની ચોરી થઈ હતી.

ત્રણ સવારી સ્કૂટરને મેમો, રિક્ષામાં ૧૦ને બેસાડી કાયદાની ઐસીતૈસી

હપ્તાખાઉ પોલીસના કારણે શટલ રિક્ષામાં હુમલા સાથે લૂંટના કિસ્સા વધ્યા

અમદાવાદ, રવિવાર

અમદાવાદમાં હપ્તાખાઉ ટ્રાફિક પોલીસના કારણે શટલ રિક્ષા ચાલકો બેખોફ બન્યા છે. જેમાં બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશનથી બહાર ગામથી આવતા મુસાફરોને રિક્ષામાં બેસાડીને અવાવરુ સ્થળે લઈ જતા હોય છે શટલ રિક્ષા ચાલકોને જાણે કે પોલીસનો કોઈ ડર ના હોય તેમ મહિલાઓ સહિતના મુસાફરો ઉપર છરીથી હુમલા કરીને લૂંટફાટ કરી રહ્યા છે. સ્કૂટર ઉપર ત્રણ સવારીમાં લોકો જતા હોય તો મેમો આપવામાં આવે છે. જ્યારે શટલ રિક્ષાઓમાં દસ મુસાફરો બેસાડી જાહેર રોડ ઉપર હંકારાતી હોવા છતાં પૈસા ઉઘરાવવમાં મસ્ત પોલીસેને દ્વારા કોઈ રોક ટોક કરવામાં આવતી નથી.

સીટની પાછળ ડ્રાઈવરનો મોબાઈલ નંબર રિક્ષા નંબર લખવાના કમિશનરના જાહેરનામાનો અમલ કે પોલીસ તપાસ થતી નથી

અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી મોડી રાતે શટલ રિક્ષા ચાલકો દ્વારા ગીતા મંદિર તથા પાલડી સહિતના બસ સ્ટેન્ડ પાસેથી તથા કાલુપુર રેલવે સ્ટેશન બહાર ગામથી આવતા પેસેન્જરને શટલ રિક્ષામાં બેસાડીને અવાવરુ સ્થળે લઈને જઈને અલગ અલગ બહાના બતાવીને રિક્ષામાંથી મુસાફરોની નજર ચૂકવીને દાગીના તથા રોકડ સહિતના મુદ્દામાલની ચોરીઓ કરવામાં આવી રહી છે, એટલું જ નહી મહિલા સહિત પેસેન્જરનો બેસાડીને જ્યાં જવાનું હોય તેના બદલે બીજા અવાવરુ અંધારા જેવા સ્થળે લઈને જઈને છરી જેવા હથિયારથી હુમલો કરીને લૂંટી લેવાના બનાવો વધી રહ્યા છે.

પોલીસ સ્ટેશનોમાં માલિક, ચાલકની નોંધણી કરી રિક્ષા ઉપર નંબરની યોજના અભેરાઈએ ચડાવાઈ

ચોરી લૂંટના બનાવો અટકાવવા માટે પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડ્યું હતું કે પોલીસ સ્ટેશન દ્વારા રિક્ષા પાછળ જે તે પોલીસ સ્ટેશનના સ્ટીકરો લગાડવાના તેમજ રિક્ષાની સીટની પાછળ મોબાઈલ નંબર રિક્ષા નંબર ફરજિયાત લખવાનો તેમ છતાં તેનો અમલ થતો નથી. અમદાવાદમાં સવા લાખ જેટલી ઓટો રિક્ષાઓ દોડે છે તેમાં ગણ્યાગાંઠ્યા ઉઠાવગીર રિક્ષાચાલકોથી વર્ષે દહાડે હજારો મુસાફરો લૂંટાય છે. ઓટો રિક્ષામાં મુસાફરોને લૂંટવા, ચોરીની ઘટનાઓ રોકવા હાલના ડીજીપી જ્ઞાનેન્દ્રસિંગ મલિકે શહેરના તમામ પોલીસ સ્ટેશનોમાં તેમના વિસ્તારની ઓટો રિક્ષાના નંબર, માલિક અને તેના ચાલકની નોંધણી કરી હૂડ ઉપર નંબર સાથેના સ્ટીકર લખવાની યોજના અમલમાં મુકી હતી. આ યોજનાથી રિક્ષામાં ચોરી-લૂંટની ઘટનાઓ થોડી અંકુશમાં આવી હતી. પણ, શહેર પોલીસ કમિશનરપદેથી મલિક ગયા તે સાથે જ રિક્ષાના હૂડ ઉપર પોલીસ સ્ટેશનના નામ અને નંબર સાથેના સ્ટીકર લગાવવાની યોજના અભેરાઈએ ચડાવી દેવાઈ છે. સાથે જ, ફરી એક વખત શટલ રિક્ષામાં ચોરી-લૂંટ કરનારાંઓએ માથું ઉચક્યું છે.

રિક્ષામાં બે મહિલાને છરીના ઘા મારી અને વૃદ્ધને છરીની અણીએ લૂંટ્યા

* બે દિવસ પહેલા રાજસ્થાનથી આવેલી બે મહિલા રામોલ રહેતા સંબંધીનું ઓપરેશન કરાયું હોવાથી તેમની ખબર પૂછવા આવ્યાં હતા.ગીતા મંદિર બસ સ્ટેન્ડથી શટલ રિક્ષામાં બેસી જતી હતી શટલ રિક્ષા ચાલક અને તેના સાગરિતો રિક્ષાને રામોલના બદલે નારોલમાં અવાવરુ સ્થળે લઈ ગયા હતા અને રિક્ષા ચાલકે છરીના ઘા મારીને મહિલાઓને લોહી લુહાણ કરીને મોઢુ દબાવીને રોકડ, ૮૦ હજારના દાગીના અને મોબાઈલ સહિત રૂા. ૯૧ હજારની મત્તા લૂંટી લીધી હતી.
* રાજસ્થાનમાં રહેતા ઉદયલાલ ભીલ નામના ૭૦ વર્ષના વૃદ્ધ પગે ઓપરેશન કરાવવાનું હોવાથી ગીતા મંદિરથી વહેલી સવારે શટલ રિક્ષામાં બેસીને વાડજ ખાતેની હોસ્પિટલ જઈ રહ્યા હતા જ્યાં લોકમાન્ય તિલક બાગ પાસે રિક્ષા રોકી હતી અને ગેસ પુરાવા માટે વૃદ્ધ પાસે રિક્ષા ચાલકે રૂા. ૫૦૦ માંગ્યા હતા. વૃદ્ધ ઓપરેશન માટે લાવેલા રૂા.૨૮ હજાર બહાર કાઢ્યા હતા. રિક્ષા ચાલકે છરી બતાવીને મારી નાંખવાની ધમકી આપીને રૂા. ૨૮ હજાર લૂંટી લીધા હતા.

થિયેટરનો પડદો પડ્યો : અમદાવાદમાં પાંચેક વર્ષમાં ૨૦ જેટલી ટોકિઝને તાળા

મોટા પડદા ઉપર પિક્ચર જોવું હવે મોંઘો શોખ બન્યો! સામાન્ય સિનેમા ઘર લક્ઝરી લાઈફસ્ટાઈલમાં ફેરવાયા

અમદાવાદ, રવિવાર

હાઉસફૂલ! એક સમયે નવી ફિલ્મ રીલિઝ થાય અને ગણતરીના કલાકોમાં જ સિનેમાઘરો બહાર હાઉસફૂલના પાટિયા લાગી જતા હતા. સામાન્ય મજૂરથી લઈને શેઠ સુધી તમામ વર્ગ ૨૦થી ૨૫ રૂપિયામાં મોટા પડદા પર મનોરંજન માણતા હતા. પરંતુ આજે સિનેમા અફોર્ડેબલના બદલે લક્ઝરી બની ગયું છે! ૨૦૦થી ૬૦૦ રૂપિયાની ટિકિટ, રૂ.૨૫૦ના પોપકોર્ન અને રૂ.૨૦૦ની કોલ્ડડ્રિંક સાથે મોટા પડદા પર પિક્ચર જોવું મોંઘો શોખ બની ગયો છે. અલબત, સિનેમાનું લક્ઝરી મનોરંજન હવે બધાને પરવડે તેવું રહ્યું નથી. તેના વિકલ્પ સ્વરૂપે મધ્યમ વર્ગના લોકો ઓટીટી પ્લેટફોર્મ તરફ વળ્યા છે. સિનેમાની ૬૦ ફીટની સ્ક્રીન હવે મોબાઈલની ૬ ઈંચની સ્ક્રીનમાં સમાઈ ગઈ છે. પરિણામે સિનેમાનો પડદો પડી રહ્યો હોય તેમ અમદાવાદમાં કોરોના પછી ૧૫થી ૨૦ થિએટરને કાયમ માટે તાળા વાગી ગયા છે.

વર્ષ ૧૯૯૦ અને ૨૦૦૦ના દાયકામાં સિનેમાનો દબદબો હતો. થિએટરમાં ફિલ્મ જોવા લાંબી કતારો લાગતી હતી. બ્લેકમાં ટિકિટો વેચાતી હતી. સિનેમાઘરમાં જમીન પર બેસીને પણ ફિલ્મ જોવા લોકો તૈયાર હતા. પરંતુ આજે મલ્ટિપ્લેક્સની સીટો ખાલી પડી છે. સામાન્ય દિવસોમાં થિએટરમાં તેની ક્ષમતા સામે માંડ ૩૦થી ૪૦ ટકા પ્રેક્ષકો હોય છે. સિંગલ સ્ક્રીન બંધ થયા બાદ ધીમે-ધીમે મલ્ટિપ્લેક્સ અને મિનિપ્લેક્સને પણ તાળા વાગી રહ્યા છે.

મલ્ટિપ્લેક્સના વ્યવસાય સાથે સંકળાયેલા અનુભવી સૂત્રોના જણાવ્યા અનુસાર, અમદાવાદમાં હાલ ૫૫થી ૬૫ જેટલા મલ્ટિપ્લેક્સ અને મિનિપ્લેક્સ છે. છેલ્લાં પાંચેક વર્ષમાં ૧૫થી ૨૦ સિનેમા બંધ થઈ ચૂક્યા છે. આ સંખ્યા વધતી જ જાય છે. તેની સામે નજીવી સંખ્યામાં નવા થિએટર ખુલે છે. ઉપરાંત નવા થિયેટર ફક્ત પ્રીમિયમ સેગમેન્ટને ટાર્ગેટ કરે છે. સિનેમામાં સીટના બદલે સોફા, લાઉન્જ કમ બેડ, ડાઈન-ઈનની સુવિધાઓ ઉપલબ્ધ કરાતા મૂવી જોવું જાણે લક્ઝરી અને લાઈફસ્ટાઈલની બાબત બની ગઈ છે.

મોટા પડદા પર મનોરંજન મોંઘુ થઈ રહ્યું છે. ત્યારે જૂના સમયના સિનેમા ઘર સાથે જોડાયેલા વરિષ્ઠ સંચાલકોના જણાવ્યા મુજબ મોબાઈલ પર મનોરંજનના માધ્યમો વધી રહ્યા છે. અત્યારે સોસાયટીઓમાં પણ થિએટર હોય છે. તેમજ હોમ થિએટર પણ આવી ગયા છે. જેથી બહુ સારી ફિલ્મ હોય તો જ લોકો થિએટર સુધી આવે છે.



અમદાવાદમાં જૂના સમયના યાદગાર થિયેટર

આમ્રપાલી, વસંત, શીતલ, સૂર્ય, પ્રકાશ, લલિતામહલ, કમલ, આશીષ, એવરેસ્ટ, એડવાન્સ, મંગલમ્, અલંકાર, ગીતા, ચંદ્રભાનુ, શિવ, આરાધના, રોશની, સોનલ,ગૌરી,ગેલેક્સી,અશોક,શાલીમાર, સંગમ, એલએન, લક્ષ્મી, ગોલ્ડન, લાઈટ હાઉસ, સેન્ટ્રલ , કૃષ્ણ, નોવેલ્ટી, ઈંગ્લિશ, કલ્પના, મોડલ, અજંતા, ઈલોરા, ઉષા, દિપાલી, અંજલી

સિનેમાનો ઉમળકો કેમ ઓછો થઈ રહ્યો છે?

(૧) સોશિયલ મીડિયા, ઓટીટી પ્લેટફોર્મ સહિત મનોરંજનના વધતા માધ્યમો
(૨) ઓટીટી પર મૂવી રીલીઝ કરવું ઓછું ખર્ચાળ અને સરળ હોવાથી ફિલ્મ નિર્માતાઓ થિએટર કરતા ઓટીટી પર ફિલ્મ રિલીઝ કરવાનું પસંદ કરે છે.
(૩) ફિલ્મોની પાઈરસીના લીધે થિયેટરમાં રીલીઝ થવાના બીજા જ દિવસે તે મોબાઈલ પર તેની કોપી ફરતી થઈ જાય છે.
(૪) નવી ફિલ્મો સિનેમામાં રીલીઝ થવાના ગણતરીના દિવસોમાં જ ઓટીટી પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થઈ જાય છે.

ટીચર્સ યુનિ.ના નવા વીસી માટે અંતે સર્ચ કમિટી રચાઈ

અમદાવાદ,રવિવાર

ગાંધીનગરમાં આવેલી રાજ્યની સરકારી યુનિ.એવી ટીચર્સ યુનિ. (આઈઆઈટીઈ) ના કાયમી કુલપતિની મુદત પુરી થયાને ઘણા મહિના બાદ અંતે સરકારે તાજેતરમાં સર્ચ કમિટી રચી છે.અગાઉ પણ સરકારે ઓક્ટોબર ૨૦૨૪માં એમ.એસ.યુનિ.ના એજ્યુકેશ ફેકલ્ટીના નિવૃત અધ્યાપક ડૉ.આર.સી.પટેલની કુલપતિ તરીકે નિમણૂંક કરી હતી પરંતુ જેઓને ૬૪ વર્ષ પુરા થતા તેઓ કુલપતિ રહી શકે તેમ ન હતા.જેથી સરકારે યુનિ.ના અન્ય સીનિયર અધ્યાપકને કુલપતિને ચાર્જ આપ્યો હતો. સરકારે ટીચર્સ યુનિ.માટે સર્ચ કમિટી રચી છે અને જેમાં ચાર સભ્યો છે.

જો કે મહત્વનું છે કે જીટીયુ અને અન્ય સરકારી યુનિ.ઓની જેમ ટીચર્સ યુનિ.માં પણ સર્ચ કમિટીમાં સભ્યોની નિમણૂંકને લઈને પણ ચર્ચા છે કે સરકારને અનેક મહિના બાદ પણ ચેરમેન કે સભ્યો યોગ્ય મળતા નથી.

પ્લેનની ટિકિટ કરતા ફિલ્મની ટિકિટ મોંઘી ૨૫ રૂપિયાની મૂવી ટિકિટ ૨૫૦૦ની થઈ!

અઢી દાયકા પહેલાં રૂ.૨૫માં મળતી સિનેમા ઘરની ટિકિટ આજે રૂ.૨૫૦૦ સુધી પહોંચી છે! આ વાત સાંભળવામાં જરા નવાઈ લાગશે. પરંતુ હકીકત છે. અમદાવાદના એક મોટા મોલના પલ્ટિપ્લેક્સમાં રામયણ ફિલ્મની ટિકિટનો ભાવ અત્યારે રૂ.૨૫૦૦ સુધીનો છે. એટલે કે પ્લેનની ડોમેસ્ટિક મુસાફરીની ટિકિટ કરતા સિનેમા ઘરની ટિકિટના ભાવ વધારે થઈ ગયા છે. સામાન્ય દિવસોમાં પણ મલ્ટિપ્લેક્સની ટિકિટના ભાવ રૂ.૨૫૦થી ૫૦૦ સુધીના સહેજે રહેતા હોય છે. રજાના દિવસોમાં આ ભાવ વધીને એકાદ હજાર રૂપિયા સુધી પહોંચે છે.

સંચાલન ખર્ચ વધી જતા ટિકિટના દર વધારવા સિવાય કોઈ વિકલ્પ નથી : મલ્ટિપ્લેક્સ સંચાલકો

સિનેમા ઘરના માલિકોના જણાવ્યા અનુસાર, મલ્ટિપ્લેક્સ કે મિનિપ્લેક્સ ચલાવવા અનેક પડકારો વેઠવા પડે છે. ટેકનોલોજી અપગ્રેડેશન, ફાયર સેફ્ટી, ટેક્સ, પ્રેક્ષકોની ઘટતી સંખ્યા સહિતના કારણોથી સંચાલન ખર્ચ વધી જતા સમયાંતરે ટિકિટના દરમાં વધારો કરવો પડે છે. આગામી દિવસોમાં અમદાવાદ શહેરમાં વધારે સિનેમા ઘરોને તાળા લાગશે. ગુજરાતના સૌથી મોટા શહેરની આવી હાલત છે. નાના શહેરોમાં તો હવે સમ ખાવા પૂરતા એકાદ-બે નાના થિયેટરો જ કાર્યરત છે.

જોબ વર્ક માટે / વેચાણથી જોઇએ છે
API બનાવતી, WHO GMP certified
M.9099095244

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,24,900/-
18 KT 1,02,160/- 14 KT 79,680/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

સીટના બદલે સોફા, લાઉન્જ કમ બેડ, ડાઈન-ઈનની સુવિધા, ૩૦૦ રૂપિયાના પોપકોર્ન અને રૂ.૨૦૦ની કોલ્ડડ્રિંકની બોટલ આજના સિનેમા ઘરોની ઓળખ : મધ્યમ વર્ગ માટે થિયેટરનો નવો વિકલ્પ ઓટીટી

રાજ્યના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર પ્રભાકર ધોળકિયાનું અવસાન

અમદાવાદ, રવિવાર

ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર તથા રાજ્યના કાયદા સચિવ તરીકે ફરજ બજાવી ચૂકેલા મૂળ ભુજના વતની પ્રભાકરભાઈ જાદવરાય ધોળકિયાનું અમદાવાદ ખાતે ૮૭ વર્ષની વયે નિધન થયું છે. તેઓ લૉ કમિશનના સભ્ય હોવા ઉપરાંત વિવિધ જિલ્લાઓમાં ન્યાયાધિશ તરીકે પણ રહ્યા હતા. નિવૃત્તિ બાદ તેઓએ સરદાર સરોવર નિગમના કાયદાકીય સલાહકાર તેમજ જી.પી.એસ.સી. ની ઈન્ટરવ્યૂ કમિટીના સભ્ય તરીકે પણ સેવા આપી હતી.

ગુજરાતમાં આદિવાસી

(છેલ્લા પાનાનું ચાલુ)

વલખાં મારવા પડે છે. સગર્ભાને ઝોળીમાં નાંખીને લઇ જવી પડે છે. આદિવાસી વિસ્તારોમાં માતાઓ અને બાળકોમાં કુપોષણનો આંકડો ચિંતાજનક છે. થાનિક રોજગારીના અભાવે યુવાનોને હિજરત કરવાની ફરજ પડી રહી છે. વિપક્ષનું માનવું છે કે આદિવાસી સમાજને હવે માત્ર ભાષણો કે ઉત્સવોની ભીડ નહીં, પરંતુ જમીન પર દેખાતો વિકાસ, શિક્ષણ, આરોગ્ય અને પોતાના બંધારણીય અધિકારો જોઈએ છે.

ધાર્મિક કાર્યક્રમ

જલારામ જયંતિ: જલારામબાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય જલારામ મંદિર-પાલડી ખાતે સવારે ૧૦થી ૧૨ પૂજન વિધિ, બપોરે ૧૨ના મહાઆરતી, બપોરે ૧૨થી ૨-સાંજે ૬:૩૦થી ૯:૩૦ મહાપ્રસાદ, સાંજે ૪થી ૧૦ ભવ્ય અન્નકૂટ દર્શન.

અન્નકૂટ મહોત્સવ : મદનમોહનજીની હવેલી, પ્રશાંત પાર્ક સોસાયટી ખાતે સવારે ૮:૩૦થી ૯:૩૦ ગોવર્ધન પૂજા, સાંજે ૪:૩૦થી ૬:૩૦ અન્નકૂટ દર્શન.

ભજન/સત્સંગ : સ્વ. તોરલબેન ધનરાજ પંડિતની સ્મૃતિમાં રામચરિત માનસના પાઠ, સવારે ૮ કલાકે, વેદ મંદિર-કાંકરિયા ખાતે.

ભજન : મુકેશભાઇ ભટ્ટના ભજન , જલારામ જયંતિ નિમિત્તે, સૌરાષ્ટ્ર સમાજની વાડી, ઈસનપુર રોડ, મણિનગર ખાતે, સાંજે ૪થી ૭.

વાચકોએ નોંધ લેવી કે કોઇપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

અવસાન નોંધ

જેઠવા : સ્વ. રમાબેન કિશનભાઈ જેઠવાનું બેસણું, બુટભવાની મંદિર હોલ, વેજલપુર ખાતે, સવારે ૯થી ૧૧.

કડિયા : સ્વ. ગોવિંદલાલ પોપટલાલ કડિયાનું બેસણું, ૧૦૨-ગજરાજ એપોર્ટમેન્ટ, સિદ્ધેશ્વર પાર્ક પાછળ, ડિયર સર્કલ, સેટેલાઇટ ખાતે, સવારે ૯થી ૧૧.

વાત વાતમાં

બકાનો 'એંનવિડીયા-વારો' કાગળ !

અમારો મહેસાણાવાળો બકો કેટલા વખતથી ગાયબ હતો ? એ હવે સળવળ્યો છે ! અમેરિકન કંપની 'એંનવિડીયા'ના સીઈઓનું લફરું જોઈને બકો બગડ્યો છે ! લો, વાંચો એનો કાગળ...

* * *

મન્નુભાઈ !

આ હાહરા અમેરિકાવારા હાવ ગોંડા જ લાગે ! પૂછો ચમ ?



તો અલ્યા, પેલા એંનવિડીયા વારાએ 'એકશ'માં કબૂલાત કરી, કે હા, મારે પેલી જોડે થોડું લફરું થૈ જૈલું... ઈર્મા તો બચાડાની કંપનીના શેરમોં મોટું દૈત ગાબડું પાડી મેલ્યું !

અલ્યા, તમારા જે હોલીવૂડવારાંનોં તો ચેટ્લોં લફરો છે ? એકને છોડીને બીજોંને પૈણે, ને તીજાં જોડે લફરોં ચાલે... તો ઈર્યાના પિકચરો જોવા હારુ તો ગોંડાઘેલા થઈ જોંય છે ! ને આ બચાડાએ કબૂલ કર્યું ઈમોં ઈનોં શેર વેચી મારવાનોં ?

મું કઉં છું, પેલોં લફરોંવાલા હોલીવૂડનો હીરો હિરોઈનોંનોં પિકચરોનો ચમ તમે બહિસ્કાર નઈ કરતા ? હાવ ગોંડા જ છ અમેરિકાવારા !

અન મુ સું કઉ છું, મન્નુભઈ ? આ બચાડા જેનસન હુઆંગભઈને જેવી ખબર પડી કે હાહરી પેલી તો ચાઇનાંની જાસૂસ છ... તો ફટ લેતાંકને ટ્રમ્પકાકાને ક'ઈ ના દઈએ કે હાહરીને પકડો !

ના... ના... પેલા વેંનેઝુએલાના પ્રેશીડેન્ટને ઈના ઘરમોંથી ટ્રમ્પકાકાએ ઉઠાઈ લીધેલો... તો આ હાહરી ચીની જાસૂસણ વરી શું ચીજ છ ? ઈને ઈના બેડરૂમમોંથી ઢહેડીને બા'ર ના કાઢી લઈએ ?

પણ હાહરા અમેરિકાવારા હાવ ઊંધા જ છ ! કે' છે કે બચાડા જેનસનને પૂછપરછ કરવા બોલાયો છ ! અલ્યા, પૂછપરછ પેલી ચીની જાસૂસણની કરવાની હોય કે આ બચાડાની ?

આખી દુનિયાં જોંણે છ કે ભાયડો ગમ્મે એટલો જબરો હોય, પણ હાહરી રૂપારી છોડી આગર બચાડો પીગરી જ જવાનો છ ! ને ઓંમોં તો વોંક પેલી છોકરીનો જ છ ને ? સુ કો' છો ?

મને તો લાગે કે એંનવિડીયા વારાની બૈરી તો પેલ્લેથી બધુંય જોંણતી જ હશે ! ઈને તો ઈમ, કે બેટો એક વાર બીજી બૈરીમોં લપટાય એટલી જ વાર ! પછેં ડીવોર્સમોં એંશી મિલિયન ડોલર જેટલી પ્રોપરટી કશીયે મહેનત વિનોં મલી જ જવાની છ ને ?

'ને હાચું કહું ? ઓમોં તો અમેરિકાનોં બૈરોં હોય કે ઈન્ડિયાનોં... બધોંય હરખોં જ ! સું કો' છો મન્નુભાઈ ?

- મન્નુ શેખચલ્લી

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઇટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

Regd. NI. GAMC 28

સરખેજમાં ડ્રગ્સ

(છેલ્લા પાનાનું ચાલુ)

એઆઈની મદદથી વધુ માહિતી એકત્ર કરીને અમદાવાદ, વાપી અને મધ્યપ્રદેશના રતલામથી વિવિધ કેમીકલ અને ડ્રગ્સનો જથ્થો લાવીને તેના ઘરે જ એમ ડી ડ્રગ્સ તૈયાર કરતો હતો.


જો કે આરોપીના જણાવ્યા મુજબ તેને એમ ડી ડ્રગ્સ બનાવવામાં સફળતા મળી નહોતી. પરંતુ, હાલ જે પ્રકારનો કેમિકલનો જથ્થો મળી આવ્યો છે. તે જોતા તેણે અગાઉ એમ ડી ડ્રગ્સ તૈયાર કર્યાની શક્યતા નકારી શકાય તેમ નથી. જેથી તેની સમગ્ર મામલે પુછપરછ કરીને તપાસ કરવામાં આવશે.

કયા કેમિકલનો જથ્થો જપ્ત કરાયો?

કેમિકલ	જથ્થો
સોડિયમ હાઈડ્રોક્સાઈડ પેલેટ્સ	૦.૪૨૪ કિગ્રા
સોડિયમ હાઈડ્રોક્સાઈડ ફ્લેક્સ	૦.૬૦૭ કિગ્રા
સોડિયમ બાયોકાર્બોનેટ	૦.૫૩૫ કિગ્રા
એસિટોન	૦.૩૯૮ કિગ્રા
એડેમ્ડમ	૦.૪૮૪ કિગ્રા
સલ્ફ્યુરિક એસિડ	૧.૩૧૧ કિગ્રા
મિથાઈલ એમાઈન	૦.૫૯૨ કિગ્રા
હાઈડ્રોલિક એસિડ	૦.૮૧૦ કિગ્રા
હાઈડ્રોબોમિક એસિડ	૧.૦૩૨ કિગ્રા
પ્રોપાઈનાઈલ ક્લોરાઈડ	૧.૬૨૯ કિગ્રા
એનહાઈડ્રસ એલ્યુમિનિયમ ક્લોરાઈડ પાવડર	૦.૪૧૩ કિગ્રા
હાઈડ્રોજન પેરોક્સાઈડ	૦.૬૫૬ કિગ્રા
બ્રોમિન	૦.૬૪૩ કિગ્રા
ગ્લેશિયલ એસિટિક એસિડ	૪.૦૪૬ કિગ્રા
બ્રોમિન પાવડર	૦.૦૮૩ કિગ્રા
આઈસોપ્રોપાઈન આલ્કોહોલ	૧.૭૯૦ કિગ્રા
ટોલ્યુઈન	૨.૭૧૭ કિગ્રા
ઈથાયલ એસિટેટ	૨.૨૫૮ કિગ્રા
પ્રોપાઈન ક્લોરાઈડ,મિથાઈલ ડાઈક્લો. મિશ્રણ	૯૧.૧૧૫ કિગ્રા
ટેસ્ટ ટ્યુબના સેમ્પલ	૦.૯૯૦ કિગ્રા
મેટ્રો આર્ક કંપાઉન્ડ	૦.૦૩૭ કિગ્રા
સલ્ફર ટોલ્યુઈન	૧૨.૯૨૦ કિગ્રા

એરાઉન્ડ ધ વર્ડ્સ

- રીટા શાહ



આડી ચાવી

૧. ઉકાળીને કરાતું ખાંડનું પ્રવાહી (૩)
૨. મુખ્ય ગ્રહની આસપાસ ફરતો નાનો ગ્રહ (૪)
૪. ..... ના ઈંડાને ચીતરવા ન પડે (૨)
૫. પાસે, નજીક (૩)
૬. સોબત તેવી ..... (૩)
૮. તાળી પાડે છોકરા, ... લાવે ટોપરા (૨)
૧૦. ..... બહાર મૂકવું, જ્ઞાતિજન તરીકેનો વ્યવહાર તોડી નાખવો (૨)
૧૨. ચામડીનો એક રોગ (૩)
૧૪. ..... ભરે પણ તસુ ન ફાડે (૨)
૧૫. .....બગાડવો, રંગમાં ભંગ પડવો (૨)
૧૬. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૨)
૧૮. નિરાંતનો ઉદ્ગાર (૨)
૧૯. ઘમ રે ઘમ ઘંટી, ... ને બંટી (૩)
૨૧. રેતીમાં ..... ચલાવવી, મિથ્યા પ્રયત્ન કરવો (૨)
૨૩. માછલાં પકડવાનો આંકડો (૨)
૨૫. ..... કચરાપેટીમાં નાખો (૩)
૨૬. ..... માં સાગર ભરવો, થોડામાં ઘણું કહેવું (૩)
૨૭. દાઝ્યા ઉપર ..... નો મલમ લગાડાય (૨)
૨૮. વિકલ વિકલ વિઠલા ..... વિઠલા (૪)
૨૯. ગઈકાલ પહેલાનું કે આવતીકાલ પછીનું (૩)

ઊભી ચાવી

૧. ..... હાથ હોવા, અત્યંત પ્રેમ હોવો (૨)
૨. સરખામણી (૩)
૩. હડકાયેલું કૂતરું કરડતા થાય (૪)
૪. મચ્છુ નદી ઉપર વસેલું એક નગર (૩)
૫. સરોવર (૨)
૬. .....પારકું પણ પેટ કંઈ પારકું? (૩)
૭. ..... બરાબર તપ નહિ, જૂઠ બરાબર પાપ નહિ (૨)
૯. મારવું તે (૨)
૧૧. .....ચઢવું, અદેખાઈ કરવી (૨)
૧૩. તપાસ, શોધ (૩)
૧૪. ..... સરી કે વૈદ વેરી (૩)
૧૭. ..... નું વતેસર કરવું, નાની વાતને વધારીને મોટી કરવી (૨)
૧૮. જાવકની ખાતાવાર નોંધ (૩)
૧૯. ખલક ખુદા કા મુલ્ક ..... કા (૪)
૨૦. જેટલા ભોગ તેટલા ..... (૨)
૨૧. નૃત્ય કે તેનો જલસો (૨)
૨૨. વરસાદને કારણે પડતી ઠંડી (૩)
૨૪. .....હાથમાં આવવી, કબજામાં આવવું (૩)
૨૫. ..... ભલા હોગા ભલા (૨)
૨૭. અરધમાં.....નેઅરધમાં ગામ (૨)

ગઈકાલના જવાબ : (આડી ચાવી) : ૧. ગોળ (૩) ૨. ગ્રહ (૪) ૪. ઘરે (૨) ૫. નજીક (૩) ૬. તેવી (૩) ૮. ટોપરા (૨) ૧૦. બહાર (૨) ૧૨. ગોકળ (૩) ૧૪. ઘરે (૨) ૧૫. બગાડવો (૨) ૧૬. લાવા (૨) ૧૮. ઓહ (૨) ૧૯. ઘંટી (૩) ૨૧. ચલાવવી (૨) ૨૩. ગલ (૨) ૨૫. ફેંકો (૩) ૨૬. સાગર (૩) ૨૭. ઠંડી (૨) ૨૮. વિઠલા (૪) ૨૯. કાલ (૩)

(ઊભી ચાવી) : ૧. ગોરણી (૩) ૨. ગ્રહ (૪) ૩. ઘરેણું (૩) ૪. ઘરે (૨) ૫. નજીક (૩) ૭. તાવ (૩) ૯. ટોપરા (૨) ૧૦. બહાર (૨) ૧૧. ચાલવું (૩) ૧૩. ઘરેણું (૩) ૧૪. ઘરે (૨) ૧૭. વાવેતર (૩) ૧૮. ઓહ (૨) ૨૦. ભોગ (૨) ૨૧. ચલાવવી (૨) ૨૨. ઠંડી (૩) ૨૪. ઘરેણું (૩) ૨૫. ફેંકો (૩) ૨૭. ગામ (૨)

CS એન્ટ્રન્સ

(છેલ્લા પાનાનું ચાલુ)

નવી મુંબઈના પરીક્ષા કેન્દ્રથી પરીક્ષા આપનાર વિદ્યાર્થીની ભક્તિ શાહને મળ્યો છે. બીજો રેન્ક ભોપાના વિદ્યાર્થી અભિમન્યુ રાજપુતા અને ત્રીજો રેન્ક નાગપુરની વિદ્યાર્થીની મંજરી જોશીને આવ્યો છે.અમદાવાદમાંથી કુલ ૭ વિદ્યાર્થીએ દેશના ટોપ ૨૫ ઓલ ઈન્ડિયા રેન્કમાં સ્થાન મેળવ્યુ છે.જેમાં ભૂમી નરવાનીએ ચોથો, ઓમ પર્યાનીએ ૮મો, તાનિયા કેવરામાનીએ ૯મો, દેવાંશી ભાવસારે ૧૪મો, જ્હાનવી ગુપ્તાએ ૧૭મો, ધ્રુવ અગ્રવાલે ૧૮મો અને નિધિ મહેતાએ ૨૫મો રેન્ક મેળવ્યો છે.આમ કુલ ૭ વિદ્યાર્થીઓમાં પાંચ યુવતીઓ છે.

ગુજરાત માત્ર

(છેલ્લા પાનાનું ચાલુ)

૩ વર્ષમાં પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર (૪૬,૧૪૧ ધરપકડ) અને રાજસ્થાન (૧૮,૭૮૭ ધરપકડ) ની સરખામણીમાં ગુજરાતમાં કેસની સંખ્યા ઓછી દેખાય છે. પરંતુ ગુજરાત એક ઔદ્યોગિક અને સમૃદ્ધ રાજ્ય હોવાથી ડ્રગ્સ ખરીદવા માટે ગ્રાહકો આર્થિક રીતે વધુ સક્ષમ છે, જે ડ્રગ્સ માફિયાઓ માટે આકર્ષણ છે. હવે માત્ર સરહદો સીલ કરવાથી કે ડીંગો હાંકવામાંથી આ ગંભીર સમસ્યા હલ નહીં થાય, પરંતુ વ્યાપક એન્ટી-ડ્રગ્સ અભિયાન ચલાવવું અનિવાર્ય બન્યુ છે.

આજનુ પંચાંગ

તા.૧૬/૧૧/૨૦૨૬,સોમવાર



જલારામ જયંતી

સૂર્ય વૃશ્ચિકમાં ૧૯ ક. ૪૪ મિ. સુધી

દિવસના ચોઘડિયા : અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, **રાત્રિના ચોઘડિયા :** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, **અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૫૫ મિ. **સૂર્યાસ્ત :** ૧૭ ક. ૫૪ મિ., **નવકારસી સમય :** (અ) ૭ ક. ૪૩ મિ., **જન્મરાશિ :** મકર (ખ, જ) રાશિ આવે, **નક્ષત્ર :** શ્રવણ ૨૬ ક. ૧૭ મિ. સુધી પછી ધનિષ્ઠા નક્ષત્ર આવે., **ગોચર ગ્રહ :** સૂર્ય-વૃશ્ચિકમાં ૧૯ ક. ૪૪ મિ. થી, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-કર્ક, શુક્ર-કન્યા (વ.), શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-મકર, હર્ષલ (યુરેનસ)-વૃષભ, નેપચ્યુન-મીન, પ્લુટો-મકર રાહુકાળ ૭.૩૦ થી ૯.૦૦ (દ.ભા.), **વિક્રમ સંવત :** ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર : સંવત ૨૫૫૩, દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક : કાર્તિક ૨૫ વ્રજ માસ : કાર્તિક-૨૨, **માસ-તિથિ-વાર :** કારતક સુદ સાતમ, - જલારામ જયંતી, - અઠઈ (જૈ.), -સૂર્ય વૃશ્ચિકમાં ૧૯ ક. ૪૪ મિ. થી, -બજારોમાં વધઘટ !, **મુસલમાની હિજરીસન :** ૧૪૪૮ જમાદીઉલઆખર માસનો ૬ ઠ્ઠો રોજ, **પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૬ તીર માસનો ૪ થો રોજ શહેરેવર

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : દિવસના પ્રારંભથી આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. મિત્રવર્ગનો સહકાર મળી રહે.

વૃષભ : દેશ-પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં આપને સાનુકૂળતા મળી રહે. નોકર-ચાકર વર્ગનો સહકાર મળી રહે.

મિથુન : આપને કામકાજમાં પ્રતિકૂળતા જણાય. બેંકના, વીમા કંપનીના કામમાં, શેરોના કામમાં આપે સાવધાની રાખવી પડે.

કર્ક : આપના અગત્યના કામનો ઉકેલ આવતો જવાથી રાહત થતી જાય. મહત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય.

સિંહ : આપના કામમાં હરિફવર્ગ-ઈર્ષ્યા કરનાર વર્ગ મુશ્કેલી ઉભી કરે. રાજકીય-સરકારી કામ અંગે દોડધામ, ખર્ચ જણાય.

કન્યા : આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય.

તુલા : આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી આવ્યા કરે. આપે ધીરજ અને શાંતિ રાખીને દિવસ પસાર કરી લેવો.

વૃશ્ચિક : આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવું કામકાજ થવાથી આનંદ અનુભવો. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુનો સહકાર મળી રહે.

ધન : આપના કામમાં સાનુકૂળતા જણાય. ધંધામાં આવક થાય. સામાજિક-વ્યવહારિક કામકાજ અંગે વ્યસ્તતા જણાય.

મકર : આપના ગણત્રી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી આપને કામ કરવાનો ઉત્સાહ રહે. મિલન-મુલાકાત થઈ શકે.

કુંભ : આપને રાજકીય-સરકારી કામમાં, ખાતાકીય કામમાં અડચણનો સામનો કરવો પડે. વાદ-વિવાદ-ગેરસમજથી સંભાળવું પડે.

મીન : આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. સીઝનલ ધંધામાં લાભ-ફાયદો જણાય.

જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૧૬/૧૧/૨૦૨૬,સોમવાર

આજથી શરૂ થઈ રહેલા આપના જન્મવર્ષનો પ્રારંભ અને અંત આપના માટે પ્રતિકૂળ રહે.

નાણાંકીય સુખાકારી : નાણાંકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ ઠીક રહે. આવક ક્યાંક ને ક્યાંક સ્થગિત થઈ ગઈ છે. અટકી ગઈ છે તેવું લાગ્યા કરે. સામે પક્ષે જાવકનું પ્રમાણ વધતું જાય. નાણાંભીડનો અનુભવ થાય. વર્ષની મધ્યમાં થોડી રાહત રહે.

આરોગ્ય સુખાકારી : વર્ષ દરમ્યાન આપે આરોગ્ય સુખાકારીની બાબતમાં ધ્યાન રાખવું પડે. આપની બેદરકારીના લીધે સ્વાસ્થ્ય પરનું જોખમ વધી જાય. પડવા-વાગવાથી-મચકોડ-ફેક્ચરથી સંભાળવું પડે. આંખોની તકલીફ જણાય.

વિદ્યાર્થીવર્ગ : વિદ્યાર્થીવર્ગે વર્ષ દરમ્યાન સતત અભ્યાસ કરતાં રહેવું. છેલ્લી ઘડીની તૈયારી પર રહેવું નહીં. જો કે વર્ષની મધ્યમાં આપને થોડી સાનુકૂળતા મળી રહે. અભ્યાસાર્થે બહારગામ જવાનું બને.

મંત્રમુગ્ધ

- ''સામી વ્યક્તિ તરફથી આવતી સલાહ સ્વીકાર્ય છે કે કેમ તે તમારે જ નક્કી કરવાનું છે. અલબત્ત તમારા કોઈ પૂર્વગ્રહો સામી વ્યક્તિના સૂચનને માન્ય કરવામાં આડે આવવા જોઈએ નહિ.''
  - જીવન ઘડતરના લેખક અને વિચારક જનક નાયક
- ''તમારી દરેક હલચલ પાછળ ઝીણવટથી કોઈ ધ્યાન રાખતું હોય તે શંકાપ્રેરિત નથી, સ્નેહપ્રેરિત છે. આવું સ્પેશ્યલ એટેન્શન મળવું એ સંતાનની જિંદગીમાં ખલેલ નથી, એ તો તેનું સૌભાગ્ય છે.''
  - આચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરીશ્વરજી
- ''માણસની ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા એટલી અડગ હોવી જોઈએ કે, સંસારના લોકોની સાંત્વના કે દિલાસાના શબ્દોના ટેકાની તેને જરૂરિયાત જ ન લાગે. તેને કેવળ પરમાત્માની હાજરી જ પૂરતી લાગે.''
  - ઈશ્વરપ્રેમ, કરુણા અને માનવતાના આદર્શપ્રતીક ઈસુ ખ્રિસ્ત
- ''જે વ્યક્તિ જીવનમાં ઉપયોગી કામ કરવાને બદલે નકામી ચીજોમાં રચ્યાપચ્યા રહે છે, તે ગમે તેટલા વ્યસત દેખાતા હોય પણ હકીકતમાં તો તેઓ આળસુ જ છે.'' **- પ્રાચીન ગ્રીસના મહાન તત્વચિંતક સોક્રેટિસ**
- કોઈપણ પરિસ્થિતિમાં મૂક બનીને બેસી રહેવાને બદલે સક્રિય રીતે આગળ આવીને નેતૃત્વ લેવાની ટેવ કેળવવી જોઈએ. માત્ર નિષ્ક્રિય રહેવાથી કંઈ જ પ્રાપ્ત થતું નથી, એટલે સતત પ્રયત્નશીલ રહેવાનો સ્વભાવ બનાવવો જોઈએ. **- જીવનદ્રષ્ટિ કેળવતી ચિંતનપ્રેરક વાત**

સંકલન : russhabhshahgs@gmail.com

કાકુરો

3832 | ૧૬ નવેમ્બર,૨૦૨૬

	5	22		11	11	
6			11			
12			4 13			
	22				12	
	17	7 4				16
13				15		
12			12			

નિયમો : 7 x 7=49 ખાનાની આ સરવાળાની રમત છે.
રાખોડી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઉભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકનો જ ઉપયોગ કરવાનો છે.
આડી કે ઉભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિં.
રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાનો રહેશે.

	5	22		11	11	
6	1	5	11	3	8	
12	4	8	4 13	1	3	
	22	9	8	5	12	
	17	7 4	1	2	4	16
13	8	1	4	15	6	9
12	9	3	12	3	2	7

-ભાવના શુકલ

ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૬૩૦૬

૧૬ નવેમ્બર, ૨૦૨૬

		૧				૨		
			૭		૫			
	૯	૭	૩		૧	૮	૫	
	૭	૬				૧	૯	
			૪		૬			
	૨	૮				૫	૪	
	૩	૪	૧		૨	૭	૮	
			૫		૯			
		૫				૬		

સુડોકુના નિયમો

(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એકજ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એકજ વાર કરવો.
(૪) ૩X૩ = ૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.

(કર્તા : યોગેશ શુક્લ)

૬	૨	૪	૯	૩	૭	૫	૧	૮
૩	૧	૯	૬	૮	૫	૨	૪	૭
૫	૭	૮	૨	૪	૧	૯	૩	૬
૪	૯	૫	૮	૧	૬	૭	૨	૩
૨	૮	૩	૪	૭	૯	૬	૫	૧
૭	૬	૧	૩	૫	૨	૮	૯	૪
૧	૫	૭	૭	૬	૪	૩	૮	૯
૮	૪	૬	૫	૯	૩	૧	૭	૨
૯	૩	૨	૧	૨	૮	૪	૬	૫

સિદ્ધિ નં. ૬૩૦૬ માટે યોગ્ય ઉકેલ, ૧૬ નવેમ્બર, ૨૦૨૬

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જત ડીસ્ટ્રીકટ ખેડાના રજીસ્ટ્રેશન સબ- ડીસ્ટ્રીકટ મહેમદાવાદના મહેમદાવાદ તાલુકાના મોજે-સણસોલી ગામની સીમના સર્વે/બ્લોક નંબર-૧૦૨/૨૦ ના સણસોલી (બીનખેતી) વોર્ડના શીટ નંબર-એનએ૯૯ના સિટી સર્વે નંબર- એનએ૧૦૨/૨૦ ની ૪૯૧૫ ચોરસમીટર બીનખેતીની જમીન દિલીપભાઈ રમણભાઈ પટેલ, અલકાબેન દિનેશભાઈ રમણભાઈ પટેલની વિધવા, નિલેશભાઈ દિનેશભાઈ પટેલ, પ્રણવભાઈ દિનેશભાઈ પટેલ તથા કેયુરભાઈ દિનેશભાઈ પટેલે પોતાની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, ડેવલપમેન્ટ વિગેરે કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો હોય/રહેલો હોય અગર દાવા-દુવી, લીટીગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ નથી કે તે અંગેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી / હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, ડેવલપમેન્ટ વિગેરે કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો હોય/રહેલો હોય અગર દાવા-દુવી, લીટીગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ અન્વયેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી અને ચાલતી હોય તે પડતી મુકવામાં આવેલ છે અગર મિલકતના માલીકની તરફેણમાં બીનશરતી જતા યાને કે (Waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને અમારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૧૬ - ૧૧ - ૨૦૨૬
(ફાઈલ નંબર - ૪૪૪૯/૨)

ચેતન શાહ એન્ડ એસોસીએટસ, એડવોકેટ્સ
૩૦-૩૧, રંગીન પાર્કસોસાયટી, ભાજપ કાર્યલયની બાજુમાં, સર્વીસ રોડ, રાજપથ કલબની સામે, એસ.જી.હાઇવે, અમદાવાદ-૩૮૦૦૧૫.

##

પોશ ગણાતા પશ્ચિમ વિસ્તારમાં પણ પાણીનો પ્રશ્ન!

અમદાવાદ શહેરના વધુ પાંચ વોર્ડમાં ટેન્કર રાજ : એક વર્ષમાં ૧૩,૫૦૦ ફેરા કરાશે

અમદાવાદ, રવિવાર

અમદાવાદ શહેરમાં એક તરફ દુબઈની માફક સિટી સ્ક્વેર જેવી સુવિધાઓ ઉભી કરવાની વાતો કરાય છે, બીજી તરફ શહેરમાં આજે પણ પીવાના પાણીના વિતરણ માટે ટેન્કર દોડાવવા પડે છે! અગાઉ શહેરના ૧૪ વોર્ડમાં ટેન્કરથી પાણી વિતરણ કરવામાં આવનાર હોવાની બાબત સામે આવ્યા બાદ હવે વધુ પાંચ વોર્ડમાં ટેન્કર રાજની સ્થિતિ આવી છે. શહેરના સૌથી પોશ અને સમૃદ્ધ ગણાતા પશ્ચિમ ઝોનમાં એક વર્ષમાં પાણીના ટેન્કરના ૧૩,૫૦૦થી વધુ ફેરા કરવા પડશે.

૨૪ કલાક પાણી આપવાની વાત તો દૂર રહી પરંતુ અમુક વિસ્તારમાં પીવા માટેના પાણીના પણ ફાંફાં

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના શાસકો દ્વારા વારંવાર શહેરીજનોને ૨૪ કલાક પીવાનું પાણી વિતરણ કરવાના દાવા કરાતા રહે છે. જ્યારે હકીકત એવી છે કે, શહેરના અનેક વિસ્તારોમાં લોકોને વપરાશ માટે તો દૂરની વાત છે, પીવા માટે પણ પાણીના ફાંફા પડી રહ્યા છે. મ્યુનિ.ના વોટર પ્રોજેક્ટ વિભાગના દાવા અનુસાર દરરોજ માઠા દિઠ ૨૦૦ લિટર પાણીનું વિતરણ કરાઈ રહ્યું છે. શહેરમાં ક્યાંય નિયમિત ટેન્કર ચલાવવાની જરૂર પડતી નથી. તેની સામે દરેક ઝોનના મોટાભાગના વોર્ડમાં ટેન્કરો દોડાવવા માટે વાર્ષિક ભાવથી કામ અપાઈ રહ્યા છે. પશ્ચિમ ઝોનના નારણપુરા, નવરંગપુરા સહિતના વોર્ડમાં એક વર્ષ દરમિયાન પીવાના પાણીના ટેન્કર સપ્લાય કરવા માટે રૂ.૬૧.૧૦ લાખના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. મ્યુનિ. તંત્ર દ્વારા પાંચ હજાર લીટરના એક ટેન્કર માટે સરેરાશ ૪૫૦ રૂપિયા જેટલી કિંમત ચૂકવવામાં આવે છે. આ ગણતરી અનુસાર પશ્ચિમના પાંચ વોર્ડમાં એક વર્ષમાં ટેન્કરના ૧૩,૫૦૦થી વધુ ફેરા કરવામાં આવશે. આટલી મોટી સંખ્યામાં ટેન્કરના ફેરા કરવા પડે એ બાબત જ શહેરમાં પીવાના પાણીની કથળેલી સ્થિતિનો ચિતાર આપે છે. અલબત, ઈજનેર ખાતુ એવો લૂલો બચાવ કરી રહ્યું છે કે, લાઈનોના સમારકામ સહિતની કામગીરી વખતે જ ટેન્કરો ચલાવવા પડે છે.

પશ્ચિમના પાંચ વોર્ડમાં ટેન્કર માટે થનારો ખર્ચ

વોર્ડ	રકમ
નારણપુરા	૧૦.૦૦ લાખ
નવરંગપુરા	૧૦.૦૦ લાખ
સાબરમતી	૧૦.૦૦ લાખ
ચાંદખેડા	૨૦.૦૦ લાખ
રાણીપ	૧૧.૧૦ લાખ

રેટિનાની રક્તવાહિનીનો અપૂરતો વિકાસ થવાથી

અધૂરા મહિને જન્મેલા બાળકોમાં આંખોની રોશની ગુમાવવાનું જોખમ

અમદાવાદ,રવિવાર

બાળકનો જન્મ નિર્ધારિત સમય કરતાં વહેલો થાય ત્યારે તેની સાથે અનેક સ્વાસ્થ્યસંબંધિત પડકારો પણ જોડાયેલા હોય છે. અધૂરા મહિને જન્મેલા બાળકોને શ્વાસ લેવામાં તકલીફ, ચેપ, શરીરનું તાપમાન જાળવવામાં મુશ્કેલી સહિતની સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

વર્લ્ડ પ્રિમેચ્યોરિટી ડે : ગુજરાતમાં સરેરાશ ૯ ટકા બાળકો અધૂરા મહિને જન્મ લેતા હોય છે

આ ઉપરાંત એક એવી ગંભીર સમસ્યા રેટિનોપેથી ઓફ પ્રિમેચ્યોરિટી (આરઓપી)ની છે. સમયસર તપાસ અને સારવાર ન મળે તો આ બીમારી બાળકની આંખોની રોશની કાયમ માટે છીનવી શકે છે. દર વર્ષે ૧૫ નવેમ્બરની ઉજવણી 'વિશ્વ પ્રિમેચ્યોરિટી ડે' તરીકે કરવામાં આવે છે. આરઓપી આંખના પડદા એટલે કે રેટિનાને અસર કરતી બીમારી છે. રેટિના આંખની અંદર આવેલો પ્રકાશ સંવેદનશીલ પડદો છે, જે પ્રકાશને ગ્રહણ કરીને મગજ સુધી દ્રશ્ય સંદેશ પહોંચાડવામાં મદદ કરે છે. ગર્ભાવસ્થાના અંતિમ મહિનાઓમાં રેટિનાની રક્તવાહિનીઓનો વિકાસ પૂર્ણ થતો હોય છે. પરંતુ બાળકનો જન્મ સમય કરતાં વહેલો થાય ત્યારે આ રક્તવાહિનીઓનો વિકાસ અધૂરો રહી શકે છે. આવી સ્થિતિમાં રેટિનામાં રક્તવાહિનીઓનો અસામાન્ય વિકાસ શરૂ થઈ શકે છે. કેટલીક પરિસ્થિતિમાં આ રક્તવાહિનીઓ નાજુક હોય છે અને તેમાંથી રક્તસ્ત્રાવ પણ થઈ શકે છે. બીમારી ગંભીર બને ત્યારે રેટિના પોતાની સામાન્ય સ્થિતિમાંથી ખસી શકે છે, જેને રેટિનલ ડિટેચમેન્ટ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં બાળકની દૃષ્ટિને ગંભીર નુકસાન થઈ શકે છે અને સમયસર સારવાર ન મળે તો કાયમી અંધત્વ પણ આવી શકે છે. જોકે, દરેક પ્રિમેચ્યોર બાળકને આરઓપી થાય જ એવું નથી. કેટલાક બાળકોમાં બીમારી હળવી હોય છે અને કોઈ સારવાર વિના પણ તે મટી શકે છે. ગુજરાતમાં દર વર્ષે ૯ ટકા બાળકો પ્રિમેચ્યોર જન્મતા હોય છે.

નરોડામાં યુવકને મોતને ઘાટ ઉતારી ટ્રક ચાલક ફરાર

નરોડા અને રબારી કોલોની પાસે અકસ્માતમાં યુવક, આધેડના મોત

અમદાવાદ, રવિવાર

નરોડા અને રબારી કોલોની પાસે અકસ્માતના બે બનાવમાં બે વ્યક્તિના મોત હતા. જેમાં નરોડામાં રોડ ક્રોસ કરતા યુવકને મોતને ઘાટ ઉતારી ટ્રક ચાલક ભાગી ગયો હતો. જ્યારે રબારી કોલોની પાસે કારની ટક્કરથી મોપેડ ચાલક આધેડનું મોત થયું હતું.

સૈજપુર રેલવે સ્ટેશન પાસે રહેતા ખાનગી કંપનીમાં નોકરી કરતા વિશાલભાઈ ચૌહાણ (ઉ.વ.૨૪) શનિવારે મોડીરાતે નરોડા રિંગ રોડ ઉપર ચાલતા રોડ ક્રોસ કરતા હતા. આ સમયે દાસ્તાન સર્કલ તરફથી પૂર ઝડપે આવી રહેલી ટ્રકના ડ્રાઈવરે ટક્કર મારતાં માથા તથા મોંઢાના ભાગે અને બન્ને હાથે-પગે ગંભીર ઈજાના કારણે યુવકનું સ્થળ ઉપર મોત થયું હતું અકસ્માત કરીને આરોપી ટ્રક લઈને નાસી ગયો હતો.

બીજા બનાવમાં દસક્રોઈના મહેમદપુરા ગામમાં રહેતા આનંદભાઈ સકસેના (ઉ.વ.૫૦) આજે સવારે મોપેડ લઈને વસ્ત્રાલથી રબારી કોલોની પાસેથી પસાર થતા હતા. આ સમયે કારની ટક્કરથી વાગતાં માથામાં ગંભીર ઈજાથી સારવાર દરમિયાન મોત થયું હતું.

આજે જલારામ જયંતી, શોભાયાત્રા સહિતના આયોજનો

રાજકોટ, રવિવાર

ગુજરાતભરમાં આવતીકાલે જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વીરપુર હજારો ભુખ્યાજનોના જઠરાગ્નિને તૃપ્ત કરવા 'ટુકડો ત્યાં હરિ ટુકડો'નો મંત્ર ગુંજતો કરનાર પૂ. જલારામ બાપાની જન્મ જયંતિએ વીરપુરમાં ઘેર - ઘેર રંગોળી પુરવામાં આવી છે. આખા ગામમાં ધન-પતાકાના વિશિષ્ટ શૃંગાર કરવામાં આવ્યા છે. જલારામ બાપાના મંદિર સહિત સૌરાષ્ટ્રમાં જૂદા - જૂદા સ્થળે આવેલા ધર્મસ્થાનકોમાં 'જય જલારામ'ના નાદ ગુંજી ઊઠશે. ઠેર - ઠેર શોભાયાત્રા, મહા આરતી અને મહા પ્રસાદના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

નિયમો બદલાતા નાના એકમોની ઈન્વર્ટેડ ડ્યુટીના રિફંડની સમસ્યા

GSTમાં કેમિકલ, ગારમેન્ટ અને ટેક્સટાઈલ ઉદ્યોગને ટેક્સ ક્રેડિટની સતાવી રહેલી સમસ્યા

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,રવિવાર

જીએસટી રિફંડના સૂત્રમાં કરવામાં આવેલા ફેરફારોથી માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસને તેમના એકત્ર થયેલા ઈનપુટ ટેક્સ ક્રેડિટનો મોટો હિસ્સો મેળવવામાં મદદ મળી શકે છે. ખાસ કરીને ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર હેઠળ કામ કરતા ઉત્પાદકો માટે આ ફેરફાર ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. વેપારીએ ખરીદી પર ચૂકવેલો ટેક્સની સામે વેચાણ પર વસૂલવામાં આવેલા ટેક્સ ઓછો હોય ત્યારે વ્યવસાયો પાસે જીએસટી ક્રેડિટ જમા થતી રહે છે. જો આઉટપુટ ટેક્સની જવાબદારી આ ક્રેડિટ સામે મર્યાદિત હોય, તો નાણાં બ્લોક થઈ જાય છે, જેનાથી વેતન ચૂકવણી, ઉત્પાદન અને નવા રોકાણ માટે જરૂરી વ કગ કેપિટલની અછત ઊભી થાય છે.


સિન્થેટિક યાર્ન-સુતર, ડાઈઝ-રંગ ને કેમિકલ્સ પર ૧૨થી ૧૮ ટકા જીએસટી તૈયાર વસ્ત્રો પર પાંચ ટકા જીએસટીને કારણે જમા પડી રહેતા નાણાં

ઉદાહરણ આપીને વાત કરીએ તો કાપડ ઉદ્યોગમાં વપરાતા કાચા માલ એટલે કે સિન્થેટિક યાર્ન-સુતર, ડાઈઝ-રંગ અને કેમિકલ્સ પર ૧૨ ટકાથી ૧૮ ટકા જીએસટી લાગે છે. તેની સામે તૈયાર વો કે કાપડ પર પાંચ ટકા જીએસટી લાગે છે. સુરત અને અમદાવાદના નાના પાવરલૂમ ધારકો અને ગારમેન્ટ ઉત્પાદકો જેઓ સિન્થેટિક ફેબ્રિક કે પોલિએસ્ટર યાર્ન ખરીદીને કપડાં બનાવે છે, તેમને દર મહિને ઈનપુટ ટેક્સ ક્રેડિટના મોટા રિફંડની પ્રક્રિયામાં ફસાવવું પડે છે.

કેમિકલ અને પેઈન્ટ્સ અને તેમાંય ખાસ કરીને સ્પેશિયાલિટી કેમિકલ્સ અને કાચો માલ ૧૮ ટકા જીએસટીના સ્લેબમાં આવે છે, તેની સામે તેમાંથી બનતી અંતિમ પેઈન્ટ પ્રોડક્ટ્સ કે ફોર્મ્યુલેશન્સ પર ટેક્સનું માળખું અલગ હોવાને કારણે ક્રેડિટ જમા થતી રહે છે. ગુજરાત અને મહારાષ્ટ્રના જીઆઈડીસીના વિસ્તારમાં આવેલા નાના કેમિકલ યુનિટ્સ જેઓ ઔદ્યોગિક પેઈન્ટ્સ કે એડ્હેસિવ્સ (ગ્લુ-ગુંદર) બનાવે છે. આ જ રીતે રિન્યુએબલ એનર્જી અને સોલાર સાધનો બનાવવા જરૂરી કેટલાક કાચા માલ અને ઘટકો (જેમ કે પીવી ઈન્વર્ટર, મેટલ ફ્રેમ્સ વગેરે) પર ૧૨ ટકા કે તેથી વધુ જીએસટી હોય છે, જ્યારે સોલાર પ્રોજેક્ટ્સ કે પેનલ્સ પર નીચા દર લાગુ થવાથી ટેક્સ ક્રેડિટ બ્લોક થાય છે.

બીજા શબ્દોમાં કહીએ તો ખરીદી પર ચૂકવવામાં આવેલો ટેક્સ તૈયાર ઉત્પાદનો પર વસૂલવામાં આવેલા ટેક્સ કરતાં વધી જાય છે ત્યારે ઈન્વર્ટેડ ડ્યૂટી સ્ટ્રક્ચરની સમસ્યા વકરે છે. પરિણામે કાચા માલ ખરીદનારાઓ, સેવા આપનારા-સર્વિસ પ્રોવાઈડર્સને તથા ઈનપુટ્સ પર કંપનીઓની નોંધપાત્ર જીએસટી ક્રેડિટ જમા પડી જ રહે છે. તેમાંય વળી આઉટપુટ ટેક્સની જવાબદારી એટલે કે જીએસટી ચૂકવવાની કુલ જવાબદારી સામે તે વેપારીઓ જમા પડી રહેલી ક્રેડિટનો સંપૂર્ણ ઉપયોગ કરી શકતા જ નથી. આ સ્થિતિમાં નાણાં બ્લોક થઈ જાય છે. તેથી કારણે વેતન, ઉત્પાદન અને રોકાણ માટે ઉપલબ્ધ વર્કિંગ કેપિટલ-કાર્યકારી મૂડી મર્યાદિત બને છે. તેથી જ રિફંડની ગણતરીમાંથી પાત્ર ઈનપુટ ટેક્સ ક્રેડિટની ચોક્કસ શ્રેણીઓને બહાર રાખવામાં આવે, તો માત્ર રિફંડ અરજીઓની ઝડપી પ્રક્રિયા આ સમસ્યાનું નિરાકરણ લાવી શકતી નથી.

સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમની કલમ ૫૪(૩), તેમજ નિયમો ૮૯(૪) અને ૮૯(૫), નિર્દિષ્ટ સંજોગોમાં એકત્રિત ઈનપુટ ટેક્સ ક્રેડિટના રિફંડનું સંચાલન કરે છે. નવા સંશોધિત માળખા હેઠળ, નિર્દિષ્ટ નવેમ્બર ૨૦૨૬થી ઈન્વર્ટેડ-ડ્યુટી રિફંડમાં પાત્ર ઈનપુટ-સર્વિસ ક્રેડિટનો સમાવેશ કરવામાં આવશે. તેમ જ કેપિટલ ગુડ્સ પરની ઈનપુટ ટેક્સ ક્રેડિટ એપ્રિલ ૨૦૨૭થી આપવામાં આવશે. કેપિટલ-ગુડ્સ ક્રેડિટની રિફંડ ગણતરી માટે તેને ૬૦ મહિનાના સમયગાળા દરમિયાન ફાળવવામાં આવશે. આ ફેરફારો સેવા સંબંધિત ક્રેડિટ ધરાવતા દરેક વ્યવસાયને ઈન્વર્ટેડ-ડ્યુટી રિફંડ માટે પાત્ર બનાવતા નથી. નિર્ધારિત ઈનપુટ-ગુડ્સ અને આઉટપુટ-ટેક્સ-રેટની શરત હજુ પણ સંતોષાવી આવશ્યક છે.





ગુજરાત સમાચાર

ફુગાવાની વાઘ છલાંગ

દેશના મધ્યમવર્ગીય જનમાનસમાં કુટુંબ નિભાવનો પ્રશ્ન પરાકાષ્ઠાએ પહોંચી રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો તેમની રાજકીય પ્રવૃત્તિઓમાંથી જ ઊંચી આવતી નથી. દરેક જગ્યાએ ઉચ્ચ સ્તરીય નેતૃત્વ પાસે એટલી બધી રાજકીય મથામણોના જંગલો છે કે પ્રજાહિત પર વિચારવાનો તેઓની પાસે સમય જ નથી. દેશમાં અધિકારીઓની તુમારશાહી અને ભ્રષ્ટાચાર ખુલ્લંખુલ્લા છવાયેલા છે. વડાપ્રધાન મિસ્ટર મોદીની ગુજરાતની આકસ્મિક મુલાકાતથી રાજ્યની આગામી વિધાનસભા ચૂંટણી માટેના બ્યૂગલ શરૂ થયા છે પણ એમાં કોઈ નાદ, નિનાદ કે સૂર નથી. કારણ કે લોકમત વંટોળે ચડેલો છે. વિરોધપક્ષોની મુગ્ધતા (ઈમ્મેચ્યોરિટી)નો ઘોર ગેરલાભ લઈને ટકી રહેલી એનડીએ સરકાર માટે પણ હવે લોહચણા ચાવવાનો સમય શરૂ થયો છે. મોંઘવારીએ ગૃહિણીના બજેટને નાગચૂડ જેવો ભરડો લીધેલો છે.

ગયા મહિને ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારાને કારણે ફુગાવો બે વર્ષની ટોચે પહોંચ્યો હતો. એ સ્પષ્ટ છે કે રિઝર્વ બેન્કની નાણાંકીય નીતિ ફુગાવાને નિયંત્રિત કરવામાં ઘોર નિષ્ફળ ગઈ છે. ચિંતાજનક વાત એ છે કે, આ ફુગાવાનો દર રિઝર્વ બેંકની છ ટકાની મહત્તમ મર્યાદાને વટાવી ગયો છે. આનાથી ડિસેમ્બરમાં નાણાંકીય નીતિ સમિતિની બેઠકમાં નીતિગત વ્યાજ દરમાં ફરી વધારો થવાની શક્યતા વધી ગઈ છે. ઓક્ટોબરમાં, **RBI**એ પણ રેપો રેટમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો વધારો કર્યો હતો. છૂટક ફુગાવો, જે છેલ્લા એક વર્ષથી સતત વધી રહ્યો છે અને બે વર્ષના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યો છે, તે લોકોની ખરીદ શક્તિમાં ઘટાડો દર્શાવે છે. આ સંયોગોને કારણે સ્પષ્ટપણે ઘરગથ્થુ બજેટ પર દબાણ વધી ગયું છે. હમણાં આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ગ્રાહક ભાવ સૂચકાંક **(CPI)** પર આધારિત છુટક ફુગાવો ગયા મહિને ૬.૦૮ ટકા પર પહોંચી ગયો હતો.

આનાથી આગામી મહિનાની નાણાંકીય નીતિ સમિતિની બેઠકમાં રેપો રેટમાં વધારો થવાની શક્યતા ફરી વધી ગઈ છે. એવી આશંકા છે કે આનાથી ગ્રાહકોના માસિક ઘર અને વાહન લોનના હપ્તા લાંબા સમય સુધી ઊંચા રહી શકે છે. ખાદ્ય પદાર્થોના ભાવ, જે ભાવ સૂચકાંકના દરમાં ૪૦ ટકાનું પ્રભુત્વ ધરાવે છે, તે આજકાલ ફુગાવાને વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. દેશમાં શાકભાજી, કઠોળ અને અન્ય કરિયાણાની વસ્તુઓ વધુ મોંઘી થઈ છે. અનાજ, તેલીબિયાં અને સાકર-ખાંડ-ગોળના ભાવમાં પણ કડવાશ પ્રવેશી ગઈ છે. ગત ઓક્ટોબરમાં ખાદ્ય ફુગાવો વધીને ૮.૯૪ ટકા સુધી ઉછળી ગયો હતો, જેના કારણે લોકોને ડર છે કે આગામી શિયાળામાં તેમની મુશ્કેલીઓ વધી શકે છે. આ શિયાળામાં ઠંડી ઓછી હશે પણ વધતા ભાવની ધ્રૂજારી ઘરઘરમાં અનુભવાશે.

વૈશ્વિક ઉથલપાથલ અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપોને કારણે ફુગાવો આ દિવસોમાં વૈશ્વિક સમસ્યા બની ગયો છે. પરંતુ એનું સમાધાન કરીને પોતાની પ્રજા માટે ભાવને અંકુશમાં કેમ રાખવા એ સરકારની કસોટી છે. રશિયા અને યુક્રેન અને ગલ્ફમાં ચાલી રહેલા સંઘર્ષોએ ખાસ કરીને પેટ્રોલિયમ ઉત્પાદનો અને તેના ઈતર ઉત્પાદનોના પુરવઠામાં અંતરાયો ઊભા કર્યા છે. જો કે, ભારતમાં ફુગાવા વધવાના કારણોમાં આબોહવા પણ છે. વીતેલા અનિયત ચોમાસાનો ભાર વિકમના આ નવા વરસની માથે એક બોજની જેમ સાથે ચાલવાનો છે. સ્થાનિક ફુગાવાનો દર સતત બારમા મહિને વધ્યો છે. ખોરાક ઉપરાંત, પરિવહન ખર્ચ, કપડાં, રહેઠાણ અને ખાદ્ય સંબંધિત સેવાઓએ પણ આ વધારામાં ફાળો આપ્યો છે. જો કે, ગલ્ફ સંઘર્ષ હળવો થયા પછી તેલના ભાવમાં થોડો ઘટાડો થયો છે. જ્યારે ગ્રાહકોને મોંઘવારીમાં કોઈ સીધો ફાયદો થયો ન હોઈ શકે, ત્યારે આ ભાવ ઘટાડાથી થોડી રાહત મળી છે. આમ છતાં, ફુગાવાનું દબાણ હજુ ચાલુ રહેશે. આર્થિક નિષ્ણાતો માને છે કે મુખ્ય ફુગાવો હજુ સુધી ટોચ પર પહોંચ્યો નથી.

સન ૨૦૨૬-૨૭ ના બીજા ક્વાર્ટરમાં **GDP** ૭.૭ ટકા રહેવાનો અંદાજ છે. આ પરિસ્થિતિ સામાન્ય માણસ માટે મુશ્કેલ બની શકે છે. સરેરાશ ગ્રાહક માટે, વધતા જતા ફુગાવાનો અર્થ આવશ્યક વસ્તુઓ પરના તેમના પોતાના ખર્ચનો ઘટાડો છે. આવી સ્થિતિમાં, કિંમતોને સ્થિર કરવાની જરૂરિયાત તાકીદની છે. કાળા બજારો અને કૃત્રિમ રીતે ફુગાવાને વધારનારાઓ પર કડક કાર્યવાહી કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. બદલાતી પરિસ્થિતિ પર નજર રાખવાની અને લોકો પરનો બોજ ઓછો કરવા માટેના પગલાં લેવાની પણ જરૂર છે. આ બધી ભાન સરકારને છે જ પણ એને સભાન રહેવું નથી. સરકાર માટે ફુગાવાને નિયંત્રિત કરવા માટે વહીવટી અને નાણાકીય પગલાં લેવાની નોબત તો ક્યારનીય આવી ગઈ છે.

સાયબર હુમલાઓથી ઉદ્‌ભવતા વીમા ક્લેમ્સમાં નોંધપાત્ર ઉછાળો, પરંતુ પ્રીમિયમ દબાણ હેઠળ

ઉદ્યોગના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ખાસ કરીને નાણાકીય વર્ષ ૨૭ (FY27) ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં બેંકો અને વ્યવસાયો પર સાયબર હુમલાઓથી ઉદ્‌ભવતા વીમા ક્લેમ્સમાં મોટો ઉછાળો આવ્યો છે. વર્તમાન નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં માત્ર બેંકોના જ ક્લેમ રૂ. ૧૫૦ કરોડને વટાવી ગયા હોવાનો અંદાજ છે. ડેટા બ્રીચ અને રેન્સમવેર હુમલાઓના વધારાને કારણે થયેલો આ વધારો હજી સુધી ઊંચા પ્રીમિયમમાં ફેરવાયો નથી. વિપુલ રિ-ઈન્સ્યોરન્સ (પુનર્વીમા) ક્ષમતાને કારણે પ્રીમિયમ હજુ પણ દબાણ હેઠળ નીચા સ્તરે છે.

ઉદ્યોગના નિષ્ણાતોના મતે, છેલ્લા એક વર્ષમાં બેંકિંગ ક્ષેત્રમાં ક્લેમ રેશિયો ૫૦-૬૦ ટકા વધ્યો છે. પાંચ વર્ષ પહેલાં, બેંકોના ક્લેમ સામાન્ય રીતે રૂ. ૨૫ કરોડથી રૂ. ૭૫ કરોડ વચ્ચે રહેતા હતા. બીજી તરફ, સમગ્ર સાયબર ઈન્સ્યોરન્સ માર્કેટ FY26માં રૂ. ૯૦૦-૧,૧૦૦ કરોડનું પ્રીમિયમ એકત્રિત કર્યું હોવાનો અંદાજ છે.

બેંકો અને નાણાકીય સંસ્થાઓએ તેમના વીમા કવચમાં નોંધપાત્ર વધારો કરીને આનો પ્રતિસાદ આપ્યો છે.

ઉદ્યોગના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, વીમાની રકમ (સમ ઇન્સ્યોર્ડ) છેલ્લા પાંચ વર્ષમાં બમણી થઈ ગઈ છે, જે FY21માં ૧૦-૨૫ મિલિયન ડોલરથી વધીને FY26માં ૫૦-૧૦૦ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે.

આ વધેલું કવરેજ સાયબર સુરક્ષાની ઘટનાઓની આવૃત્તિ અને તીવ્રતા તેમજ કડક નિયમનકારી તપાસ અંગેની વધતી ચિંતાઓને દર્શાવે છે. ધિરાણકર્તાઓ હવે વાર્ષિક ધોરણે અને કેટલાક કિસ્સાઓમાં



પૉલિસી સમયગાળા દરમિયાન પણ તેમની વીમા જરૂરિયાતોની સમીક્ષા કરી રહ્યા છે. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટના આગામી અમલીકરણને લીધે પણ સંસ્થાઓ ડેટા સંબંધિત જવાબદારીઓનું પુનઃમૂલ્યાંકન કરવા અને તેમના કવરને મજબૂત કરવા માટે પ્રેરાઈ રહી છે.

છેલ્લા એક વર્ષમાં બેંકિંગ ક્ષેત્રમાં ક્લેમ રેશિયો ૫૦-૬૦ ટકા વધ્યો : છેલ્લા પાંચ વર્ષમાં વીમાની રકમ (સમ ઇન્સ્યોર્ડ) બમણી થઈ ગઈ

રેન્સમવેર અને ડેટા બ્રીચ ક્લેમ્સ વધારી રહ્યા છેત ફોરેન્સિક ખર્ચ કંપની દીઠ રૂ. ૫૦ લાખથી વધુ થઈ શકે છે

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટનો અમલ કંપનીઓને તેમના સાયબર કવરનું પુનઃમૂલ્યાંકન કરવા પ્રેરિત કરે છે. સાયબર ઈન્સ્યોરન્સ ક્લેમ્સ છેલ્લા કેટલાક વર્ષોથી સતત ઉર્ધ્વગતિમાં (વધારા તરફ) રહ્યા છે. તાજેતરની ઘટનાઓ વિવિધ ક્ષેત્રોમાં વધી રહેલા સાયબર જોખમોને રેખાંકિત કરે છે, જેમાં BFSI સૌથી વધુ અસરગ્રસ્ત ક્ષેત્રોમાંનું એક બનીને ઊભરી આવ્યું છે. આ સેક્ટરમાં ગયા વર્ષની સરખામણીએ લગભગ ૫૦ ટકા વધુ એટલે કે રૂ. ૧૫૦-૧૭૫ કરોડથી વધુના ક્લેમ જોવા મળ્યા છે.

નુકસાનમાં વધારો થવા છતાં પ્રીમિયમ દબાયેલા રહે છે, કારણ કે વીમાકર્તાઓ અને રિ-ઈન્સ્યોરન્સે ભારતીય બજારમાં વિદેશી કંપનીઓના પ્રવેશ સહિત તેમની ક્ષમતાનો વિસ્તાર કર્યો છે. જોખમની પ્રોફાઇલના આધારે હાલમાં રૂ. ૮૦૦ કરોડના કવર પર રૂ. ૨-૨.૫ કરોડથી વધુનું પ્રીમિયમ આવી શકે છે. જોકે, જો ક્લેમ્સ વધતા રહેશે તો છેવટે વીમા કંપનીઓ દર વધારી શકે છે, અંડરરાઇટિંગ ક્ષમતા મર્યાદિત કરી શકે છે અથવા અમુક ક્ષેત્રોમાંથી અસ્થાયી રૂપે ખસી પણ શકે છે. તેથી સંસ્થાઓએ માત્ર વીમા પર નિર્ભર રહેવાને બદલે તેને મજબૂત સાયબર સુરક્ષા પગલાં સાથે પૂરક બનાવવું આવશ્યક છે.

બેંકિંગ, નાણાકીય સેવાઓ અને વીમા (BFSI) સેગમેન્ટમાં વીમાકર્તાઓને નુકસાન થયું છે. વીમા કંપનીઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓએ પણ તાજેતરના વર્ષોમાં શ્રેણીબદ્ધ હુમલાઓનો સામનો કરવો પડ્યો છે. ઉદ્યોગના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ગયા વર્ષે આ ક્ષેત્રમાં કોઈ મોટી ઘટના બની ન હતી, પરંતુ આ વર્ષે હુમલાઓમાં થયેલા વધારાને કારણે ક્લેમ્સ વધ્યા છે.

૨૦૨૬ના બીજા અર્ધવાર્ષિક ગાળામાં ક્લેમની આવૃત્તિ અને તીવ્રતા બંનેમાં નોંધપાત્ર વધારો થવા સાથે ભારતીય સાયબર ઈન્સ્યોરન્સ માર્કેટમાં ક્લેમ કામગીરીમાં મોટો ઘટાડો નોંધાયો છે. ક્લેમમાં થયેલો આ વધારો બિઝનેસમાં આવેલા વિક્ષેપ કરતાં મુખ્યત્વે રેન્સમવેર હુમલા અને ડેટા બ્રીચને કારણે થયો છે. અસરગ્રસ્ત કંપની દીઠ ફોરેન્સિક ખર્ચ જ રૂ. ૫૦ લાખથી વધુ થઈ શકે છે. મોટી પુનર્વીમા (રિ-ઇન્સ્યોરન્સ) ક્ષમતાને લીધે વધતા નુકસાન છતાં પ્રીમિયમ દબાણ હેઠળ છે. જોકે, વધતા જતા ક્લેમ્સને કારણે આગળ જતાં વીમાકર્તાઓ જોખમોનું પુનઃમૂલ્યાંકન કરશે, જેનાથી પ્રીમિયમ દરોમાં સુધારો (વધારો) થઈ શકે છે.

યુરિયા સબસિડીના બજેટમાં થયેલો સતત વધારો

વર્ષ ૨૦૨૬ની ખરીફ સીઝન દરમિયાન પસંદગીના સરહદી જિલ્લાઓમાં ખાતરના વેચાણમાં નોંધાયેલો ૩૭.૫૬ ટકાનો ઘટાડો, ડિજિટલ વેરીફિકેશન સિસ્ટમ અમલમાં આવ્યા બાદ રાહતરૂપ સાબિત થયો છે, ખાસ કરીને એવા વર્ષમાં જ્યારે સબસિડી બિલ વધવાની ધારણા છે. એગ્રીસ્ટેક અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા ખરીદીને ખેડૂત ID, જમીનના રેકોર્ડ અને પાકની જરૂરિયાતો સાથે લિંક કર્યા પછી આ ઘટાડો નોંધાયો હતો. ઔદ્યોગિક વપરાશ અને સરહદ પાર સબસિડી વાળા યુરિયાનું ડાયવર્ઝન (ગેરકાયદેસર વપરાશ) એ લાંબા સમયથી ચિંતાનો વિષય રહ્યો છે. વેચાણમાં આવેલો આ ઘટાડો લીકેજના સંભવિત પ્રમાણનો તાજો સંકેત આપે છે. ભાવમાં ઘણો મોટો તફાવત છે. સપ્ટેમ્બર મહિનાના અંદાજિત વૈશ્વિક લેન્ડેડ ભાવ રૂ. ૧,૬૭૪ની સામે ભારતીય ખેડૂતોને ૪૫ કિલોની યુરિયાની બેગ આશરે રૂ. ૨૬૫માં ઉપલબ્ધ થાય છે. સ્વાભાવિક રીતે, આની રાજકોષીય અસરો પણ નોંધપાત્ર છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખાતર સબસિડીનું ફાળવણી બજેટ આશરે રૂ. ૧.૭૧ ટ્રિલિયન (રૂ. ૧.૭૧ લાખ કરોડ) છે, પરંતુ પશ્ચિમ એશિયા સંકટને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઊંચી કિંમતોના લીધે આ વર્ષે ખર્ચ નોંધપાત્ર રીતે વધુ હોઈ શકે છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે પણ ખર્ચ રૂ. ૨.૧૧ ટ્રિલિયન સુધી પહોંચ્યો હોવાનો અંદાજ છે, જે રૂ. ૧.૬૮ ટ્રિલિયનના બજેટ અંદાજ કરતાં આશરે ૨૬ ટકા વધુ અને રૂ. ૧.૮૬ ટ્રિલિયનના સુધારેલા અંદાજ કરતાં ૧૩.૪ ટકા વધુ છે.

હકીકત એ પણ છે કે કેન્દ્ર સરકાર દ્વારા ફ્રેમવર્ક ફોર ફર્ટિલાઇઝર સેલ્સ એક આવકારદાયક પગલું છે. તે ખરીદી પૂર્ણ થાય તે પહેલાં ખેડૂતની ડિજિટલ ઓળખ અને ચકાસાયેલ જમીનના રેકોર્ડને પાકની જરૂરિયાતો સાથે જોડે છે. હાલની ઈન્ટિગ્રેટેડ ફર્ટિલાઇઝર મેનેજમેન્ટ સિસ્ટમ સાથે મળીને, આ ફ્રેમવર્ક ખરીદીની અસામાન્ય પેટર્નને ઓળખવામાં, જિલ્લા સ્તરે વપરાશ પર નજર રાખવામાં અને સબસિડીના વિતરણને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરી શકે છે. પાઇલટ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવાયેલા જિલ્લાઓમાં ખાતરના વેચાણમાં આવેલો ઘટાડો દર્શાવે છે કે તેના સંભવિત લાભો સરહદી વિસ્તારો પૂરતા સીમિત નથી. જો કે, ખાતરના વેચાણમાં આવેલા આ ઘટાડામાં પાકની પેટર્નમાં ફેરફાર અને આ વર્ષે ઓછા વરસાદને પણ ધ્યાનમાં લેવાની જરૂર છે.

સરકારે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ માત્ર ખાતરના વ્યવહારોને ટ્રેક કરવા માટે નહીં પરંતુ વધુ તર્કસંગત સબસિડી પ્રણાલી તરફ આગળ વધવા માટે કરવો જોઈએ. ધીમે ધીમે કિંમતોનું તાર્કિકીકરણ, સુધારેલી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજનાઓ અને સંતુલિત પોષક તત્વોના ઉપયોગ માટે મજબૂત પ્રોત્સાહનો ડાયવર્ઝન અને ખાતરના વધુ પડતા વપરાશ બંનેને ઘટાડી શકે છે.

દરેક દેશનું અર્થકારણ તેના રાજકારણ સાથે સંકળાયેલું છે

કોઈપણ દેશનું અર્થકારણ તેના રાજકારણ સાથે ગાઢ રીતે જોડાયેલું હોય છે. ભારતમાં પણ તે લાગુ પડે છે. ભારતમા અત્યારે બીજેપી કેન્દ્રીય સત્તા ધરાવે છે જેનું રાજકારણ જમણેરી છે. જમણેરી રાજકારણ અર્થકારણના મૂડીવાદી કે નવમૂડીવાદી હોય છે. ભારતે મૂડીવાદી અને સામ્યવાદી અર્થકારણને અપનાવ્યું નથી પરંતુ મીક્સ્ડ ઇકોનોમી અપનાવી છે જેમા રાજ્યના સાહસો (પબ્લીક સેક્ટર) તથા ખાનગી સાહસો બન્ને અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે રશિયા અને ચીને લોકશાહીનો ત્યાગ કર્યો છે અને વર્ષોથી સોવિયેટ રશિયામાં પુટીન અને ચીનમા શી જીનપીંગ સત્તા પર ચીટકી રહ્યા છે. દરેક પ્રકારના મીલીટરી શાસનને પણ જમણેરી શાસન ગણવામાં આવે છે. પાકીસ્તાનમાં છેલ્લા ઘણા વર્ષોથી મીલીટરી (એટલે કે જમણેરી) શાસન ચાલુ છે. ભારતના બીજેપી શાસનની વિશીષ્ઠતા એ છે કે જમણેરી અર્થકારણ હેઠળ સરકારે સાત ટકા કે તેથી કાંઈક વધારે આર્થિક વૃદ્ધિદર હોવાથી જો આ દર ચાલુ રહે તો ભારતની વસતી ભવિષ્યમાં ઘટતી જશે. અત્યારે ભારતની વસતી નવેમ્બર ૨૦૨૬મા ૧૪૮ કરોડથી કાંઈક વધારે સંખ્યા પર પહોંચી ગઈ છે. અલબત્ત મોદી સરકારની એક મોટી આર્થિક સિધ્ધિ એ છે કે તેમે સરાસરી આર્થિક વિકાસ દર સાત ટકા જેટલો જાળવી રાખ્યો છે જે જગતના મોટા અર્થકારણોમાં સૌથી વધારે છે. યાદ રહે કે અમેરીકા જો ૪ ટકા કે ૪.૫ ટકા પણ આર્થિક વૃદ્ધિ દર સીધ્ધ કરે તો રાજીના રેડ થઈ જાય છે. ભારતમા ગરીબી રેખા હેઠળ રહેતા લોકોની સંખ્યા ઘટતી જાય છે.

અર્થકારણના આટાપાટા
■ ધવલ મહેતા

વર્લ્ડ બેંકના રીપોર્ટ પ્રમાણે ભારતમા ૨૦૧૧મા આત્યંતિક ગરીબી હેઠળ તેની વસતીના ૨૭.૧ ટકા લોકો રહેતા હતા જે ૨૦૧૯મા ઘટીને ૧૦.૨ ટકા થઇ ગયા અને ૨૦૨૩માં ભારતમા માત્ર ૨.૬ ટકા લોકો જ આત્યંતિક ગરીબી હેઠળ જીવતા હતા. યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી)ના



જાળવી રાખ્યો છે.

જગતના દરેક જમણેરી રાજકીય પક્ષવાળી સરકારમા આવક અને મૂડીની ઊંડી અસમાનતા જોવા મળે છે. જગતના સૌથી સમૃદ્ધ અમેરીકામાં પણ ડૉ. થોમસ પીકેટીના મત મુજબ આવક અને મૂડીની અસમાનતા ઘણી વધારે છે અને તે વધતી જાય છે. ભારતમાં સ્ત્રી ફળદ્રુપતા દર બે બાળકોથી પણ નીચે જતો રહ્યો છે. વસતી જાળવવા માટે સ્ત્રી ફળદ્રુપતા દર સરાસરી ૨.૧ બાળકોનો જોઈએ પરંતુ ભારતમા તે ૨.૦ સુધી પહોંચી ગયો એક અહેવાલ મુજબ ૨૦૦૫-૨૦૦૬ થી ૨૦૧૫-૨૦૧૬ના વર્ષના ગાળામાં ભારતમા ૨૭.૧ કરોડ લોકો આત્યંતિક ગરીબીમાંથી બહાર નીકળી ગયા.

ભારતમા ગરીબોની સંખ્યા અને ટકાવારીમા ઘટાડો થઇ રહ્યો છે તે વાત સાથે એ પણ કબૂલ કરવું રહ્યું કે ભારતમા આવક અને મૂડીની અસમાનતા વધતી જાય છે. શ્રીમંતો વધુ શ્રીમંત થતા જાય છે પરંતુ સાથે સાથે ગરીબોની પણ આવક વધતી જાય છે તે એક સારી બાબત છે.

ભારતમાં આવક અને મુડીની અસમાનતા સતત વધતી જાય છે

વિશ્વની સૌથી મોટી ક્રીપ્ટો કરન્સીની લુંટ

૬.૩ અબજ ડોલર માત્ર ૨૦ મિનિટમાં જ હેકર્સે સેરવી લીધા

વિશ્વમાં અત્યાર સુધીમાં થયેલી લુંટમાં જો સૌથી વધુ મોટી લુંટ કોઈ પણ હોય તો એ હાલમાં થયેલી 'ક્રીપ્ટો કરન્સીની લુંટ છે.' ડિજિટલ નાણાકીય જગતને હચમચાવી નાખતી એક અત્યંત મોટી ઘટના સામે આવી છે, જેમાં દુનિયાના સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ 'બાઈનેન્સ' (Binance) પર અત્યાર સુધીનો સૌથી મોટો સાયબર હુમલો થયો છે. આ ઘટનાની વિશેષતા એ છે કે વિશ્વની સૌથી મોટી લુટ ફક્તને ફક્ત ૨૦ જ મીનીટમાં અંજામ આપેલ છે. આ ઘટનામાં હેકર્સોએ માત્ર ૨૦ જ મિનિટની અંદર અંદાજે ૬.૩ અબજ ડોલર (ભારતીય ચલણ મુજબ આશરે રૂા. ૬૦૦૦૦ કરોડ) જેટલી જંગી રકમની ક્રિપ્ટોકરન્સીની ચોરી કરી લીધી છે. હમણા જે જીયો નો IPO આવેલો તે રૂ.૩૦૨૧૩ કરોડનો IPO હતો જે મેળવવા માટે કેટલી મહેનત કરી છે. કેટલા મહિનાઓની તૈયારી કરી હોય છે. આ IPOના પૈસા આવ્યા બાદ તેનો ઉપયોગ કરતા મહિનાઓ લાગશે. અને તેમાંથી કમાણી કરતા મહિનાઓ લાગશે. જ્યારે અહિયાં ફક્ત ૨૦ જ મીનીટમાં IPO કરતા ડબલ રકમની લુંટ થઈ ગઈ છે. આ વિશ્વની સૌથી મોટી છે.

આ ભયાનક હુમલાએ વૈશ્વિક સ્તરે ડિજિટલ એસેટ્સ અને બ્લોકચેન પ્લેટફાર્મ્સની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કર્યા છે. બ્લોકચેન સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ જેમ કે TRM લેબ્સ અને ચેનાલિસિસના અહેવાલ મુજબ, આ ઐતિહાસિક સાયબર ક્રાઈમ પાછળ ઉત્તર કોરિયાનું કુખ્યાત અને અત્યાધુનિક હેકર જૂથ 'ટ્રેડર ટ્રેટર' (Trader Traitor) સંડોવાયેલ હોવાનું બહાર આવ્યું છે. અમેરિકાની તપાસ એજન્સી FBIએ પણ આ મામલે સક્રિય થઈને પ્રાથમિક તપાસ હાથ ધરી છે. આ હુમલા દરમિયાન હેકર્સોએ અત્યંત ચતુરાઈથી લગભગ દસ અલગ-અલગ બ્લોકચેન નેટવર્ક પર આવેલા બાઈનેન્સના વોલેટ્સને નિશાન બનાવ્યા હતા અને ખૂબ જ ટૂંકા સમયમાં ફંડ અન્યત્ર ખસેડી દીધું હતું. અગાઉ વર્ષ ૨૦૨૫માં બાયબીટ (Bybit) એક્સચેન્જ પર થયેલી ૧.૫ અબજ ડોલરની ચોરી આના કરતા ઘણી નાની સાબિત થઈ છે, જે દર્શાવે છે કે આ નવો હુમલો કદ અને રકમની દ્રષ્ટિએ ઈતિહાસનો સૌથી મોટો હેક થયેલો હુમલો છે.

પ્રશ્ન એ થાય કે આવડી મોટી લુટ થઈ કઈ રીતે ? શું મોડેસ ઓપેરન્ડી હતી ? તો આ હુમલામાં હેકર્સ એક્સચેન્જની સિસ્ટમમાં ઘૂસીને તેમના ઉપયોગ કર્તાના લોગીન ID અને પાસવર્ડ મેળવીને તેમના ખાતામાંથી ક્રીપ્ટો કરન્સી તેમના ફેક એકાઉન્ટમાં એટલે કે ભૂતિયા ખાતાઓમાં ટ્રાન્સફર કરી નાખેલ છે. ઉત્તર કોરિયા પર અમેરિકા એ પ્રતિબંધો મુકેલ છે. રશિયા અને ઈરાન પર પણ પ્રતિબંધ મુકેલ છે. તેથી આ બધા દેશ દ્વારા તેમના હેકર્સો સક્રિય રીતે આ કરન્સી લુંટવા માટે સક્રિય છે. ઉત્તર કોરિયા કે અન્ય આંતરરાષ્ટ્રીય હેકર જૂથો ચોરાયેલી રકમને 'મિક્સર્સ' (Mixers) અને પ્રાઇવસી કોઈન્સ દ્વારા ટ્રેક ન થઈ શકે તેવી જગ્યાએ ખસેડી રહ્યા છે. તેનાથી વૈશ્વિક સુરક્ષા એજન્સીઓ માટે આ સાયબર ક્રિમિનલ્સને પકડવા અને રકમ પાછી મેળવવી અત્યંત જટિલ બની ગયું છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, ટેથર (Tether), સર્કલ (Circle) અને અન્ય અગ્રણી બ્લોકચેન પ્લેટફોર્મ્સ તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરીને આશરે ૨.૭ અબજ ડોલર જેટલી ચોરાયેલી રકમને ફ્રીઝ (અથવા અટકાવી) દીધી છે એવું સુત્રો દ્વારા જાણવા મળે છે, જેથી હેકર્સો તેનો ઉપયોગ ન કરી શકે. બીજી તરફ, બાઈનેન્સ એક્સચેન્જે પણ પોતાના ગ્રાહકોને મોટો દિલાસો આપતા સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ ગ્રાહકનું ફંડ ડૂબવા દેવામાં આવશે નહીં અને એક્સચેન્જ દ્વારા તમામ નુકસાનની ભરપાઈ કરવામાં આવશે.

આ ઘટના સાબિત કરે છે કે જેમ-જેમ ક્રિપ્ટોકરન્સી અને બ્લોકચેન ટેક્નોલોજી લોકપ્રિય થઈ રહી છે, તેમ-તેમ સાયબર અપરાધીઓ પણ વધુ ખતરનાક અને સંગઠિત બની રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ગુપ્તચર એજન્સીઓ અને ક્રિપ્ટો કંપનીઓ ચોરાયેલા ફંડને ટ્રેક કરવા અને હેકર્સોને પકડવા માટે સઘન પ્રયાસો કરી રહી છે, પરંતુ આ ઘટનાએ સમગ્ર નાણાકીય જગતને સાવચેત કરી દીધું છે.

વિશ્વની આ સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી લુંટ માત્ર એક સિંગલ એક્સચેન્જ કે કંપની પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેની વ્યાપક અસરો સમગ્ર વૈશ્વિક આર્થિક અને ડિજિટલ સુરક્ષા વ્યવસ્થા પર પડી રહી છે. જ્યારે બાઈનેન્સ જેવા અબજો ડોલરના ટર્નઓવર ધરાવતા અગ્રણી એક્સચેન્જ પર આવો મોટો હુમલો થાય છે, ત્યારે સામાન્ય રોકાણકારોના મનમાં ડર પેસી જાય છે. લોકો પોતાની મહેનતની કમાણી ડિજિટલ ફોર્મમાં સુરક્ષિત રાખવાને લઈને ચિંતિત બન્યા છે, જેનાથી બજારમાં અનિશ્ચિતતાનું વાતાવરણ ઊભું થયું છે.

હવે વિશ્વભરની બ્લોકચેન અને ફિનટેક કંપનીઓએ પોતાની સાયબર સુરક્ષા પાછળ કરોડો રૂપિયા ખર્ચવા પડશે. મલ્ટી-સિગ્નેચર વોલેટ્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ફ્રોડ ડિટેક્શન અને ઝીરો-ટ્રસ્ટ આર્કિટેક્ચર અપનાવવા અનિવાર્ય બનશે.

સામે પક્ષે હેકર્સ પણ પોતાને વધુ સજ્જ કરશે કે આ સુરક્ષાને કેમ તોડવી. આથી જ આપણા વડવાઓ કહીને ગયા છે કે જેટલી સગવડ એટલી અગવડ.

લેખક : પરેશ કે. ભટ્ટ

વિશ્વભરની બ્લોકચેન અને ફિનટેક કંપનીઓએ પોતાની સાયબર સુરક્ષા પાછળ કરોડો રૂપિયા ખર્ચવા પડશે

કેલ્શિયમ અને ટ્રાયકલોસન બેઝ ટૂથપેસ્ટ અંગેની માહિતી

(ગતાંકથી ચાલુ)

* ઓરગેનિક ઈમપ્યોરિટી : * ૪-ક્લોરોફીનોલ ૫૦. પીપીએમ, ૨, ૪-ડાયકલોરો ૧૦ પીપીએમ, * ૨, ૮-ડાયકલોરોડાયબેન્ઝો કુશન ૦.૫ પીપીએમ, * ૨, ૪, ૮-ટ્રાયક્લોરોડાયબેન્ઝો ફુરાન - ૫ પીપીપએમ ૨, ૩, ૭, ૮-ટેટ્રા ક્લોરો ડાયબેન્ઝોફુશન - ૧ પીપીટી, * ૨, ૩, ૭, ૮-ટેટ્રાક્લોરોડાયબેનઝો-પી-ડાયોકસિન - ૧ પીપીટી.

* ડિસેન્સીટાઈઝીંગ એજન્ટ ઈન ટૂથપેસ્ટ : કેમિકલ નામ :

* સ્ટ્રોન્ટીયમ ક્લોરાઇડ - ૬-હાઇડ્રેટ -: પ્રોપર્ટી : વાઇટ, ક્રિસ્ટલાઇન નિડલ, ઓર્ડરલેસ, શાર્પ બીટર ટેસ્ટ, સોલ્યુબલ ઇનવોટર એન્ડ આલ્કોહોલ. (એ) સ્પે. ગ્રે. ૩,૦૫૪, મેલ્ટીંગ પોઇન્ટ ૮૭૨° સે. બોઇલીંગ પોઇન્ટ ૧૨૫૦ સે. (બી) સ્પે. ગ્રે. ૧,૯૬૪ મેલ્ટીંગ પોઇન્ટ લોસ ૬ એસ ટુ ઓ એટ ૧૫૦ સે.

ઔદ્યોગિક માર્ગદર્શન
■ ધીરૂ પારેખ

* હાઇડ્રેટ (હાઇડ્રોકસાઇડ) પ્રોપર્ટી : કલર લેસ, સોલ્યુબલ ઇન એસિડ, હોટ વોસ્ટ (એ) સ્પે. ગ્રે. ૩,૬૨૫ મેલ્ટીંગ પોઇન્ટ ૩૭૫° સ

ગુજરાત સમાચાર
futuristic
કલ્પનાઓની દુનિયાની વાસ્તવિકતા
સોમવાર, તા. ૧૬ નવેમ્બર ૨૦૨૬

આ પેજ તમને કેવું લાગ્યું?
QR સ્કેન કરો અને તમારો અભિપ્રાય આપો.

ChatGPT કરતાં ભારતીયએ 125 ગણું ઝડપી AI મોડલ બનાવ્યું



18 મહિનાને બનેલું આ એઆઈ GPT-6 Astra કરતાં 150 ગણું સસ્તું

કલી કંપની જંઅકચનન AIના સીઈઓ સેમ પાસુપાલકે SKY-001 નામનું વિશ્વનું પ્રથમ એન્જિનિયરિંગ વર્લ્ડ મોડલ બનાવ્યું છે. મૂળ ભુવનેશ્વરના વતની સેમની ૧૮ મહિનાની મહેનતથી તૈયાર થયેલું આ મોડલ કોઈપણ જટિલ ડિઝાઇનને એકસાથે બનાવવાને બદલે અલગ-અલગ તબક્કાઓમાં વહેંચીને તૈયાર કરે છે. આ મોડલ ચેટજીપીટીના GPT-6 Astra જેવા અગ્રણી મોડલ્સ કરતાં 125 ગણું ઝડપી છે. ચીન અને અમેરિકાની સ્પર્ધા વચ્ચે ભારતીય એન્જિનિયરે ખાસ એન્જિનિયરિંગ કાર્યો માટે એક AI મોડલ વિકસાવ્યું છે. સ્કાઇફેલ AI ના કો-ફાઉન્ડર અને CEO સેમ પાસુપાલકે દાવો કર્યો છે કે આ મોડલ પરફોર્મન્સ તેમજ ખર્ચ બંને બાબતમાં અગ્રેસર છે. આ મોડલ ખાસ કરીને કમ્પ્યુટર એઇડેડ ડિઝાઇન (CAD) અને બિલ્ડિંગ ઇન્ફર્મેશન મોડેલિંગ (BIM) નો ઉપયોગ કરીને એન્જિનિયરિંગ ડિઝાઇન બનાવવા માટે તૈયાર કરાયું છે. સામાન્ય રીતે મોટા AI મોડલ્સ કોડ કે ડિઝાઇન બનાવી શકે છે, પરંતુ તે ઉત્પાદનને ફેક્ટરીમાં વાસ્તવિક રીતે બનાવવા માટે જરૂરી તમામ સ્પષ્ટીકરણો ધરાવતા નથી હોતા. સેમનું SKY-001 આખી પ્રોડક્ટને એકસાથે બનાવવાને બદલે તેને અલગ-અલગ પાર્ટ્સમાં વહેંચે છે, પછી વિઝ્યુઅલ સ્કેચ અને નિર્માણના ચોક્કસ સ્ટેપ્સ નક્કી કરે છે. પાસુપાલકના દાવા મુજબ, આ મોડલ ૫૧ થી ૧૨૫ ગણું વધુ ઝડપી અને 150 થી 210 ગણું વધુ સસ્તું છે. ખાસ વાત એ છે કે, CAD કોસ્ટની દ્રષ્ટિએ SKY-001નો ખર્ચ પ્રતિ સેમ્પલ માત્ર $0.005 છે, જ્યારેu GPT-6 Astra નો ખર્ચ પ્રતિ સેમ્પલ $0.75 છે. તેવી જ રીતે IoUમાં પણ SKY-001 નો સ્કોર 79.7% રહ્યો છે.

ઈન્ટરનેટ વિના જ અંદરોઅંદર વાત કરવા લાગ્યા AI એજન્ટ્સ



OpenAIના પરીક્ષણમાં મોટો ખુલાસો : શોધી કાઢ્યા 4 ગુપ્ત રસ્તા

તાજેતરમાં ઓપન એઆઈ ના એક પરીક્ષણ દરમિયાન બે છેં એજન્ટ્સ એકબીજા સાથે સંપર્ક સાધવામાં સફળ રહ્યા, જ્યારે કે તેમને અલગ-અલગ સુરક્ષિત 'સેન્ડબોક્સ'માં કેદ રાખવામાં આવ્યા હતા. આ એજન્ટ્સ પાસે ન તો કોઈ ઇન્ટરનેટ કનેક્શન હતું, ન કોઈ નેટવર્ક કે ન ફાઈલ શેર કરવાનો કોઈ રસ્તો. તેમ છતાં તેમણે અંદરોઅંદર વાતચીત કરવાના ચાર ગુપ્ત રસ્તા શોધી કાઢ્યા. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની દુનિયામાંથી આવેલા આ ચોંકાવનારા પરિણામે સાયબર સુરક્ષા નિષ્ણાતોની ચિંતા વધારી દીધી છે. કમ્પ્યુટરના પ્રોસેસરની કેશ મેમરી નો ઉપયોગ કરીને એઆઈએ ગુપ્ત સંચાર સ્થાપિત કર્યો હતો. પરીક્ષણ દરમિયાન એક એજન્ટે પ્રોસેસરની કેશ મેમરીમાંથી પસંદગીનો ડેટા ડિલીટ કરવાનું શરૂ કર્યું, જ્યારે બીજા એજન્ટે એ બાબત નોંધી કે તે ડેટા ફરીથી લોડ થવામાં કેટલો સમય લઈ રહ્યો છે. કમ્પ્યુટરના ઝડપી અને ધીમા રિસ્પોન્સ ટાઇમ (લેટન્સી) ના આધારે બંને એજન્ટોએ કોડ લેંગ્વેજમાં વાતચીત શરૂ કરી દીધી.

ફાઈલ સેવ કરવાના અને રોકાવાના સમયગાળાને નક્કી કર્યો. જેમ ટોર્ચ ચાલુ-બંધ કરીને મોર્સ કોડમાં વાત થાય, તેમ આ ગેપના ટાઈમિંગથી મેસેજ પહોંચાડ્યો. એક જ સર્વર પર હોવાથી એક એજન્ટે સિસ્ટમ પર જાણીજોઈને ભારે લોડ આપ્યો જેથી કમ્પ્યુટર ધીમું પડ્યું, અને બીજા એજન્ટે આ ઝડપ-ધીમી ગતિ પરથી સિગ્નલ પકડી લીધું. ત્રીજી રીતમાં તેમણે સિસ્ટમના સુરક્ષા રેકોર્ડ્સમાં ફેરફાર કરીને એકબીજા સુધી મેસેજ પહોંચાડ્યા. કંપનીનું કહેવું છે કે આ પદ્ધતિઓ હાલ એટલી ધીમી અને જટિલ છે કે તેનાથી કોઈ મોટો ડેટા ચોરી થવો શક્ય નથી. પરંતુ ભવિષ્યમાં આવનારા વધુ શક્તિશાળી એઆઈ મોડલ્સ એવી સુરક્ષા ખામીઓ શોધી શકે છે જેની કલ્પના પણ માનવીએ નહીં કરી હોય.

વૈજ્ઞાનિકોએ બેક્ટેરિયાથી બનાવી જીવંત રેતી, ૬ ગણું વધુ પાણી રોકશે

હવે રેતીમાં પાણી રોકીને ઉજ્જડ રણમાં પણ પાક લહેરાશે!

૨ણ વિસ્તારોમાં ખેતી કરવી અત્યંત મુશ્કેલ કામ છે. રેતીના કણો વચ્ચે ખાલી જગ્યા ઘણી વધારે હોય છે, જેના કારણે પાણી નાખતાની સાથે જ તે ઝડપથી નીચે વહી જાય છે. તેજ પવન પણ સૂકી રેતીને સરળતાથી ઉડાવી જાય છે. છોડના મૂળિયાં પાસે જરૂરી ભેજ જાળવી રાખવો એ રણમાં સૌથી અઘરો પડકાર માનવામાં આવે છે. હવે વૈજ્ઞાનિકોએ આ જૂની સમસ્યાનો એક અનોખો ઉકેલ શોધી કાઢ્યો છે. સંશોધકોએ બેક્ટેરિયા અને ફૂગ (ફંગસ)ની મદદથી એક ખાસ પ્રકારની જીવંત રેતી તૈયાર કરી છે. લેબ ટેસ્ટમાં જોવા મળ્યું કે આ નવી રેતી સામાન્ય રેતીની સરખામણીમાં છ ગણા વધુ સમય સુધી પાણી રોકી શકે છે. આ ઉપરાંત બેક્ટેરિયાથી બનેલી પાતળી શીટ મૂકવા પર પાણીનો વ્યાપક લીકેજ ૨૮ ગણો ઓછો નોંધાયો હતો. આ સંશોધન સંયુક્ત આરબ અમીરાત અને સ્વિટ્ઝર્લેન્ડના વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે પૂર્ણ કર્યું છે. રણની જમીનમાં પાકને જીવંત રાખવા માટે માત્ર પાણી આપવું પૂરતું નથી હોતું. પાણી આપ્યાની થોડી જ મિનિટોમાં ભેજ ગાયબ થઈ જાય છે. છોડના મૂળ તરસ્યા રહી જાય છે અને કાળઝાળ તડકામાં પાક સુકાઈ જાય છે. સામાન્ય ફળદ્રુપ જમીનમાં છોડના મૂળ અને સૂક્ષ્મજીવો માટીના કણોને એકબીજા સાથે બાંધી રાખે છે. રણની રેતીમાં આ કુદરતી જોડાણ સંપૂર્ણપણે ગાયબ હોય છે. વૈજ્ઞાનિકોએ વિચાર્યું કે શું સૂક્ષ્મજીવો દ્વારા રેતીના કણો વચ્ચે કોઈ જાળી બનાવી શકાય? જો રેતીના કણો એકબીજા સાથે ચોંટી જાય, તો પાણીનું ઝડપથી વહી જવું અટકી શકે છે. આ જ વિચાર સાથે યુએઈની ખલીફા યુનિવર્સિટી અને સ્વિટ્ઝર્લેન્ડની સંશોધન સંસ્થાઓએ સંયુક્ત પ્રયોગ શરૂ કર્યો. તેમણે સંયુક્ત આરબ અમીરાતના અલ ઐન શહેર નજીક આવેલા રેતીના ઢૂવાઓમાંથી નમૂના એકત્ર કર્યા. આ સેમ્પલ્સ પર આધુનિક લેબોરેટરીમાં સઘન પરીક્ષણ કરવામાં આવ્યું.



બેક્ટેરિયાથી બનેલી પાતળી શીટ મૂકવા પર પાણીનો વ્યાપક લીકેજ ૨૮ ગણો ઓછો નોંધાયો

વૈજ્ઞાનિકોએ સાફ કરેલી રેતીમાં આ સૂક્ષ્મજીવો અને પોષક તત્ત્વો ઉમેર્યા, ત્યારે તેમણે ઝડપથી જાળું ગૂંથવાનું શરૂ કરી દીધું

વૈજ્ઞાનિકોએ સેલ્યુલોઝ બનાવતા બેક્ટેરિયા અને ફૂગનો ઉપયોગ કર્યો

વૈજ્ઞાનિકોએ રેતીને બાંધવા માટે સેલ્યુલોઝ બનાવતા એક ખાસ બેક્ટેરિયાનો ઉપયોગ કર્યો. આ બેક્ટેરિયાનું નામ કોમાગાટાઈબેક્ટર મેડેલીનેન્સિસ છે. આ સાથે જ શિઝોફિલમ કમ્યૂન નામના ફૂગની બે અલગ-અલગ પ્રજાતિઓનો પણ પ્રયોગમાં સમાવેશ કરવામાં આવ્યો. સેલ્યુલોઝ એ જ કુદરતી પદાર્થ છે, જે વૃક્ષો અને છોડના કોષોને મજબૂતી આપે છે. કેટલાક બેક્ટેરિયા પણ ખૂબ જ બારીક સેલ્યુલોઝ ફાઈબર બનાવે છે. જ્યારે વૈજ્ઞાનિકોએ સાફ કરેલી રેતીમાં આ સૂક્ષ્મજીવો અને પોષક તત્ત્વો ઉમેર્યા, ત્યારે તેમણે ઝડપથી જાળું ગૂંથવાનું શરૂ કરી દીધું. માઇક્રોસ્કોપથી જોતાં સ્પષ્ટપણે જણાયું કે બેક્ટેરિયાના તંતુઓ રેતીના કણો પર ચોંટી ગયા હતા. આ તંતુઓએ નજીક-નજીક રહેલા કણોને પરસ્પર મજબૂતીથી જોડી દીધા હતા. એમ્પાની સેલ્યુલોઝ એન્ડ વુડ મટિરિયલ્સ લેબના વડા ગુસ્તાવ નીસ્ટ્રોમે કહ્યું, આ પ્રક્રિયા એક પ્રકારનું કુદરતી કમ્પોઝિટ મટિરિયલ તૈયાર કરે છે.

ઈઝરાયલે રણમાં ખેતી કરીને ટેકનોલોજીનો સર્વોચ્ચ રેકોર્ડ બનાવ્યો

ઈઝરાયેલનો આશરે ૬૦% વિસ્તાર નેગેવ એટલે કે રણથી ઘેરાયેલો છે. પાણી અને ફળદ્રુપ જમીનની તીવ્ર અછત હોવા છતાં, અદ્યતન એગ્રી-ટેકનોલોજીની મદદથી તેમણે રણને વિશ્વના અગ્રણી કૃષિ નિકાસ કેન્દ્રમાં ફેરવી દીધું છે. ઈઝરાયેલની વાત કરીએ તેની રણમાં ખેતીની કેટલીક ટેકનિક છે. તેમાં એક છે, સબ-સરફેસ ડ્રિપ ઈરિગેશન અને ફર્ટિગેશન ટેકનિક છે. ઈઝરાયલે જમીનની સપાટી પર નહીં, પણ મૂળિયાંના સ્તરે પાઇપો દાટીને ટીપે-ટીપે પાણી આપવાની પદ્ધતિ વિકસાવી છે. આનાથી સૂર્યના તાપથી થતું બાષ્પીભવન શૂન્ય થઈ જાય છે. પાણીની સાથે સીધા પ્રવાહી પોષક તત્ત્વો આપવાની પ્રક્રિયા (ફર્ટિગેશન) દ્વારા ખાતરનો ૫૦% સુધી બગાડ અટકે છે. તેવી જ રીતે ગંદા પાણીનું રિસાયકલિંગ કરવામાં આવે છે. ઈઝરાયલ પોતાના ઘરેલું અને ઔદ્યોગિક ગંદા પાણીના ૯૦%થી વધુ હિસ્સાને ટ્રીટ અને રિસાયકલ કરીને ખેતી માટે વાપરે છે (વિશ્વમાં આ દર સૌથી ઊંચો છે). ખારા પાણીનું ડિસેલિનેશન અને બ્રેકિશ વોટર ફાર્મિંગ થાય છે. સમુદ્રના ખારા પાણીને મીઠું બનાવવા ઉપરાંત, ઈઝરાયલ રણના ભૂગર્ભમાં રહેલા કડવા/ખારા પાણીમાં પણ પાક ઉગાડવાની કળા ધરાવે છે. તેમણે ખાસ એવી જાતો વિકસાવી છે જે ખારા પાણીમાં પણ મીઠાશવાળા ટામેટાં અને ખજૂર ઉત્પન્ન કરે છે. તેવી જ રીતે સેન્સર આધારિત પ્રિસિઝન એગ્રીકલ્ચરની પણ પદ્ધતિ છે. રણમાં જમીનમાં સેન્સર લગાવી ભેજનો સ્તર, તાપમાન અને છોડની જરૂરિયાત સ્માર્ટફોન કે કોમ્પ્યુટરથી રીઅલ-ટાઇમ માપવામાં આવે છે. જરૂર હોય તેટલું જ પાણી આપોઆપ ખુલે અને બંધ થાય છે. રણની ગરમી, રેતીના તોફાનો અને જીવાતોથી પાકને બચાવવા માટે તાપમાન-નિયંત્રિત પોલીહાઉસ અને નેટહાઉસ ટેકનોલોજીનો પણ ઉપયોગ થાય છે.



૧૦ કિલો વજન પણ સહન કરી ગઈ આ અનોખી રેતી

વૈજ્ઞાનિકોએ માત્ર પાણી રોકવાની ક્ષમતા જ ન ચકાસી, પરંતુ રેતીની મજબૂતીની પણ કસોટી લીધી. માત્ર સાત દિવસમાં છ સેન્ટિમીટર લાંબો રેતીનો એક મજબૂત સ્તંભ બનીને તૈયાર થઈ ગયો. આ સ્તંભને બીબાંમાંથી બહાર કાઢીને ટુકડાઓમાં કાપવામાં આવ્યો. આશ્ચર્યની વાત એ રહી કે પાણીમાં મૂક્યા પછી પણ રેતીના આ ટુકડા ઓગળ્યા નહીં અને એકદમ અખંડ રહ્યા. બેક્ટેરિયાવાળા સેમ્પલ ફૂગવાળા સેમ્પલની તુલનામાં વધુ મજબૂત સાબિત થયા. ત્યારબાદ રેતીના એક ક્યુબ પર ૧૦ કિલોગ્રામનું ભારે વજન મૂકીને દબાણ પરીક્ષણ કરવામાં આવ્યું. સામાન્ય રેતીનો ક્યુબ વજન મૂકતાની સાથે જ વેરવિખેર થઈ ગયો. બીજી તરફ સેલ્યુલોઝ શીટથી મજબૂત કરાયેલી રેતીએ આ ભારે વજનને સરળતાથી સહન કરી લીધું. આ મજબૂતીથી એવી આશા પણ જાગી છે કે આ ટેકનિક રણના પવનોથી થતું ધોવાણ અટકાવવામાં પણ મદદ કરી શકે છે.

લેબ ટેસ્ટ દરમિયાન પાણી રોકવામાં મોટો તફાવત જોવા મળ્યો

સંશોધન કરનારી ટીમે રેતીમાં પાણીના સંગ્રહને માપવા માટે ખૂબ જ સચોટ પરીક્ષણો કર્યા. તેમણે પારદર્શક ટ્યુબ્સમાં અલગ-અલગ પ્રકારની રેતી ભરીને ઉપરથી પાણી રેડ્યું. ત્યારબાદ તેમણે પાણી નીચે વહી જવાની ઝડપ સ્ટોપવોચથી નોંધી. સામાન્ય રેતીમાંથી પાણી આંખના પલકારામાં નીચે વહી ગયું. પરંતુ જે રેતીમાં બેક્ટેરિયાના ફાઈબર હાજર હતા, ત્યાં પાણીનો પ્રવાહ છ ગણો ધીમો થઈ ગયો. બીજા પ્રયોગમાં વૈજ્ઞાનિકોએ બેક્ટેરિયામાંથી બનેલી પાતળી સેલ્યુલોઝ શીટ રેતીના સ્તરો વચ્ચે પાથરી દીધી. આ શીટે એક મજબૂત ફિલ્ટર તરીકે કામ કર્યું. પરિણામો અત્યંત આશ્ચર્યજનક હતા, કારણ કે સામાન્ય રેતીની સરખામણીમાં પાણીનો નિતાર ૨૮ ગણો ઘટી ગયો. આ ઉપરાંત રેતીની ભેજ શોષી રાખવાની ક્ષમતા પણ ૨૦.૨ ટકાથી વધીને ૨૫.૫ ટકા સુધી પહોંચી ગઈ. તેના દ્વારા જ ભવિષ્યમાં ખેતીને વધુ ફેલાવવાના પ્રયાસો હાથ ધરાશે.

આ જીવંત રેતી સંપૂર્ણપણે કુદરતી અને બાયોડિગ્રેડેબલ છે

વિશ્વભરમાં રણીકરણ (ડેઝર્ટિફિકેશન) એક મોટો પડકાર બની રહ્યું છે. ફળદ્રુપ જમીન ઝડપથી ઉજ્જડ રેતીમાં ફેરવાઈ રહી છે. જમીનને સ્થિર કરવા માટે અત્યાર સુધી વિવિધ પ્રકારના કેમિકલ્સ અને પ્લાસ્ટિકનો ઉપયોગ થતો રહ્યો છે. આ સિન્થેટિક પદાર્થો પર્યાવરણને મોટું નુકસાન પહોંચાડે છે. બેક્ટેરિયાથી તૈયાર થતી આ જીવંત રેતી સંપૂર્ણપણે કુદરતી અને બાયોડિગ્રેડેબલ છે. તે પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના જમીનમાં ઓર્ગેનિક કાર્બન ઉમેરે છે. સંશોધક ગુસ્તાવ નીસ્ટ્રોમે જણાવ્યું, આ પદ્ધતિ આપણને રેતીમાં ઓર્ગેનિક પદાર્થ અને પાણી લાવવાની મંજૂરી આપે છે અને તેને અમુક અંશે સ્થિર કરે છે. જો આ પ્રયોગ મોટા પાયે સફળ રહેશે, તો સૂકા વિસ્તારોમાં પાણીની ભારે બચત થશે અને પાક ઉગાડવાનું શક્ય બનશે.



કેન્સરની સારવારમાં ક્રાંતિ : MYC પ્રોટિનને તોડવાના બદલે તેને એકબીજા સાથે જોડીને તેની પ્રક્રિયાને ધીમી પાડવામાં આવશે

AI કો-સાયન્ટિસ્ટે MYC પ્રોટીનનો અનોખો ઉકેલ શોધ્યો

કેન્સર જેવી જીવલેણ અને ગંભીર બીમારી સામેની લડાઈમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે એક ક્રાંતિકારી શોધ કરી આપી છે. તબીબી વિજ્ઞાન અને ઓન્કોલોજી ક્ષેત્રના સંશોધકો માટે વર્ષોથી સૌથી મોટો પડકાર 'MYC' નામનું પ્રોટીન રહ્યું છે. સામાન્ય સંજોગોમાં આ પ્રોટીન કોષોના વિકાસ અને નિયમનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પરંતુ મોટાભાગના કેન્સરોમાં આ પ્રોટીન જરૂર કરતાં વધુ સક્રિય થઈ જાય છે. જાણકારોના મતે MYC પ્રોટીનની અનિયંત્રિત સક્રિયતા કેન્સરગ્રસ્ત કોષોને અતિ ઝડપથી

ભવિષ્યમાં અલ્ઝાઈમર, પાર્કિન્સન તેમજ અન્ય જટિલ રોગોના ઊંડા રહસ્યો ઉકેલવામાં પણ વૈજ્ઞાનિકોને નવી દિશા ચીંધી શકે

વધવામાં, વિભાજિત થવામાં અને ફેલાવામાં મદદ કરે છે. દાયકાઓથી વૈજ્ઞાનિકો અને ડોક્ટરો આ પ્રોટીનની પ્રવૃત્તિને અવરોધવાના અથવા તેને નિષ્ક્રિય કરવાના ઉપાયો શોધી રહ્યા છે, પરંતુ તેની વિશિષ્ટ રચનાને કારણે તેને સીધું ટાર્ગેટ કરવું અત્યંત અઘરું સાબિત થયું છે. હવે આ જટિલ કોયડાનો ઉકેલ લાવવા માટે અદ્યતન એઆઈ ટૂલ 'કો-સાયન્ટિસ્ટ'એ એક આશ્ચર્યજનક અને અભૂતપૂર્વ માર્ગ શોધી કાઢ્યો છે.

કો-સાયન્ટિસ્ટ સામાન્ય ચેટબોટ્સ કે એઆઈ એપ્લિકેશન્સની જેમ માત્ર એક લાઈન કે સામાન્ય ટેક્સ્ટ આધારિત ઉત્તરો આપવા પૂરતું સીમિત નથી. આ એક જટિલ, મલ્ટી-એજન્ટ AI સિસ્ટમ છે જે એક સાથે સેંકડો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણો અને ડેટાબેઝનું વિશ્લેષણ કરી શકે છે. તે ગૂગલ ડીપમાઈન્ડ અને આધુનિક કમ્પ્યુટેશનલ મોડેલ્સની ક્ષમતાઓનો ઉપયોગ કરીને વાસ્તવિક સંશોધકના સ્તરે વિચારણા કરે છે. સંશોધકોએ જ્યારે MYC પ્રોટીન સંબંધિત આ જટિલ પ્રશ્ન એઆઈ સિસ્ટમ સમક્ષ મૂક્યો, ત્યારે તેના પરિણામો અકલ્પનીય હતા. માત્ર રાતોરાત, એટલે કે બીજા દિવસની સવાર સુધીમાં, આ એઆઈ સિસ્ટમે MYC પ્રોટીન અને તેનાથી સંબંધિત 700થી વધુ વૈજ્ઞાનિક રિસર્ચ પેપર્સનું ઊંડાણપૂર્વક વાંચન, ક્રોસ-રેફરન્સિંગ અને સઘન વિશ્લેષણ પૂર્ણ કરી લીધું હતું.



કેન્સરની સારવારના ૧૦૮ જેટલા સંભવિત વિકલ્પ શોધી કાઢ્યા

માત્ર વાંચન કરવા ઉપરાંત, સિસ્ટમે MYC પ્રોટીનની અનિયંત્રિત પ્રવૃત્તિને રોકવા માટે ૧૦૮ જેટલા સંભવિત માર્ગો અને મોડેલ્સ પ્રસ્તાવિત કર્યા હતા. સામાન્ય રીતે આટલા બધા ઉપાયો પર વિચારણા કરવામાં વૈજ્ઞાનિકોની ટીમને વર્ષોનો સમય લાગી જતો હોય છે. સૌથી મોટી વાત એ હતી કે એઆઈએ માત્ર વિચારોની યાદી આપી નહોતી, પરંતુ તેણે તેનું તાર્કિક મૂલ્યાંકન પણ જાતે જ કર્યું. ૧૦૮ માર્ગોમાંથી ૧૦૭ ઉપાયોને અવ્યવહારુ, ઓછા ઉપયોગી અથવા આડઅસરો પેદા કરી શકે તેવા માનીને સિસ્ટમે જાતે જ નકારી દીધા હતા. અંતે, તેણે એકમાત્ર એવો સર્વશ્રેષ્ઠ અને નવતર ઉપાય આગળ ધપાવવા યોગ્ય ગણાવ્યો જેણે તબીબી વિજ્ઞાનીઓને પણ વિચારતા કરી મૂક્યા હતા.

કેન્સર કોષોના ઝડપી વિકાસને આસાનીથી બ્રેક લગાવી શકાય


એઆઈ દ્વારા આપવામાં આવેલું આ સૂચન અત્યાર સુધીના પરંપરાગત અભિગમો કરતાં બિલકુલ અલગ અને અનોખું હતું. ભૂતકાળમાં વૈજ્ઞાનિકો હંમેશાં કેન્સરગ્રસ્ત કોષોમાં હાજર કેટલાક પ્રોટીન સમૂહોને તોડવા, નાબૂદ કરવા કે તેમને અવરોધવાની દિશામાં કામ કરી રહ્યા હતા. એઆઈએ આ સમગ્ર પ્રક્રિયાથી વિપરીત ઉલટો રસ્તો સૂચવ્યો હતો. તેણે સૂચવ્યું કે આ પ્રોટીન સમૂહોને તોડવાને બદલે તેમને એકબીજા સાથે મજબૂતીથી ચોંટાડી દેવામાં આવે. જીવવિજ્ઞાનની દ્રષ્ટિએ, કેન્સર કોષોની અંદર રહેલા કેટલાક ખાસ પ્રોટીન MYC સાથે જોડાયેલા ડીએનએને વધુ ઉત્તેજિત કરવામાં મદદરૂપ બનતા હોય છે. જો આ સહાયક પ્રોટીન સમૂહોને જ એકબીજા સાથે જકડી રાખવામાં આવે, તો ડીએનએની પ્રક્રિયા ખોરવાઈ જાય છે. પરિણામે, MYC પ્રોટીનની પ્રવૃત્તિ ક્ષીણ થઈ જાય છે અને કેન્સર કોષોના ઝડપી વિકાસને આસાનીથી બ્રેક લગાવી શકાય છે.

આ પદ્ધતિને સચોટ સારવારમાં પરિવર્તિત કરવા પ્રયોગ કરાઈ રહ્યા છે

વ્હાઇટહેડ ઈન્સ્ટિટ્યૂટના જાણીતા બાયો-એન્જિનિયર કાલોન ઓવરહોલ્ટે આ નવા વૈજ્ઞાનિક વિચારને અત્યંત પ્રભાવશાળી અને આશ્ચર્યજનક ગણાવ્યો હતો. તેમણે સ્વીકાર્યું હતું કે માનવ વૈજ્ઞાનિકોની ટીમે ક્યારેય પ્રોટીનને તોડવાને બદલે ચોંટાડવાની આ અનોખી પદ્ધતિ વિશે વિચાર્યું પણ નહોતું. આ પ્રકારની કલ્પનાશીલતા દર્શાવે છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે માત્ર ડેટા પ્રોસેસર નથી રહ્યું, પરંતુ તે વૈજ્ઞાનિક સંશોધનમાં એક સક્રિય ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છે. જોકે, નિષ્ણાતો માને છે કે, આ એક અત્યંત મજબૂત વૈજ્ઞાનિક હાયપોથીસીસ છે, જેને વાસ્તવિક સારવારમાં બદલવા માટે કઠિન પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. હાલમાં આ વિચારની ખરી કસોટી પ્રયોગશાળાઓમાં શરૂ કરવામાં આવી છે. વૈજ્ઞાનિકો પ્રયોગશાળામાં એ તપાસી રહ્યા છે કે શું પ્રસ્તાવિત રીત ખરેખર કેન્સર કોષોમાં MYC ની ઘાતક પ્રવૃત્તિને સફળતાપૂર્વક ઘટાડી શકે છે કે નહીં અને શું માનવ શરીર માટે તેને સલામત થેરાપી અથવા દવાના રૂપમાં ઢાળી શકાય તેમ છે. આ સમગ્ર પ્રક્રિયામાં પ્રી-ક્લિનિકલ અને ક્લિનિકલ ટ્રાયલ્સનો લાંબો સમય લાગી શકે છે.

ભવિષ્યમાં બીજી ઘણી મોટી બિમારીઓની સારવારમાં મદદ મળશે

સમગ્ર રીતે જોતાં, આ એઆઈ સંશોધને એ સાબિત કરી દીધું છે કે ભવિષ્યના તબીબી સંશોધનોમાં ટેક્નોલોજી અને વિજ્ઞાનનું જોડાણ અનિવાર્ય બનશે. જે સંશોધન અને સાહિત્ય સમીક્ષા માટે વૈજ્ઞાનિકોને વર્ષો સુધી સંઘર્ષ કરવો પડતો હતો, તે કામ AI માત્ર ગણતરીના કલાકોમાં પૂરું કરી શકે છે. આ સફળતા માત્ર MYC પ્રોટીન કે કેન્સર પૂરતી સીમિત નથી, પરંતુ તે અલ્ઝાઈમર, પાર્કિન્સન તેમજ અન્ય જટિલ રોગોના ઊંડા રહસ્યો ઉકેલવામાં પણ વૈજ્ઞાનિકોને નવી દિશા ચીંધી શકે છે. એઆઈ અને બાયોમેડિકલ સાયન્સનું આ સંગમ આવનારા સમયમાં ગંભીર બીમારીઓ સામે વધુ અસરકારક, સુરક્ષિત અને ઝડપી સારવારો વિકસાવવા માટે નવી આશાનું કિરણ પ્રગટાવે છે.



ગુજરાત સમાચાર
Business plus
સોમવાર તા.૧૬ નવેમ્બર ૨૦૨૬

બજારની વાત

બલ્ક ડ્રગના ઉત્પાદન માટે ૭૦૦૦ કરોડની યોજના



ફાર્માસ્યુટિકલ્સ વિભાગ (DoP) સ્થાનિક બલ્ક-ડ્રગ ઉત્પાદનને વેગ આપવા માટે રૂપિયા ૭,૦૦૦ કરોડની યોજના તૈયાર કરી રહ્યો છે, જેમાં હાલના પ્લાન્ટ્સને ઉત્પાદન પ્રોત્સાહનો વિસ્તારવાનો, સહાયનો દાવો કરવામાં વધુ સુગમતા આપવાનો અને સંશોધન અને વિકાસ માટે સમર્પિત ભંડોળ ફાળવવાનો પ્રસ્તાવ છે. મળતી માહિતી અનુસાર સૂચિત ખર્ચમાંથી ૫,૦૦૦ કરોડ ઉત્પાદન પ્રોત્સાહનો માટે ફાળવી શકાય છે, જ્યારે બાકીના ૨,૦૦૦ કરોડ R&D, તેમજ માળખાગત સુવિધાઓ અને મૂડી સબસિડી તરફ વાળવામાં આવશે. હાલની પ્રોડક્શન-લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજનાથી એક મુખ્ય ફેરફાર ઉત્પાદન-વિશિષ્ટ સહાયથી પ્લેટફોર્મ-આધારિત અભિગમ તરફ વળવાનો હશે. સૂચિત માળખું ઉત્પાદન પ્લેટફોર્મ તરીકે અણુઓના ૫૨ સેટની ઓળખ કરે છે, જે સંભવિતપણે ૩૦૦ થી વધુ ઇન્ટરમીડિએટ્સ અને ડાઉનસ્ટ્રીમ એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રેડિયન્ટ્સ (APIs) માં ફેલાયેલી મૂલ્ય શૃંખલાઓને આવરી લે છે. ઉત્પાદનોને ત્રણ શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવશે ' ઇન્ટરમીડિએટ્સ, એડવાન્સ્ડ ઇન્ટરમીડિએટ્સ અને APIs — જે ઉત્પાદન મૂલ્ય શૃંખલાના વ્યાપક હિસ્સાને ટેકો આપવા માટે પ્રોત્સાહનોની મંજૂરી આપે છે.

ભારતના લકઝરી ટૂરીસ્ટના ખર્ચા પર નજર



ભારતના લોકોની લકઝરી ટૂરનું આયોજન જોવા જઈએ તો આંખો ફાટી જાય તેટલા ખર્ચો તે કરે છે. એન્ટાર્કટિકા પ્રવાસથી લઈને $૧,૦૦૦ ના વેલનેસ સ્ટે સુધી, ભારતમાં લક્ઝરી બદલાઈ રહી છે ભારતના ધનિકો માટે, લક્ઝરી હવે માત્ર સંપત્તિથી માપવામાં આવતી નથી. ભારતીય ગ્રાહકોમાં લક્ઝરી વપરાશમાં એક મોટો બદલાવ આવી રહ્યો છે. મુંબઈનો એક પરિવાર દક્ષિણ અમેરિકાના કેટલાક સૌથી દુર્ગમ સ્થળોની મુલાકાત લેવા માટે ખાનગી ગલ્ફસ્ટ્રીમ વિમાનમાં સવાર થતા પહેલા એન્ટાર્કટિકાની ઝલક જોવા માટે ટ્રેક પેસેજ પાર કરે છે. શ્રીમંત ભારતીય પ્રવાસીઓ ગોપનીયતા, ગાઢ જંગલો અને નોર્ધન લાઇટ્સ વચ્ચે ફિનલેન્ડના લેપલેન્ડમાં ક્રિસમસ વિતાવવા માટે બે વર્ષ સુધી રાહ જુએ છે. પૈસાદાર ભારતીયો વ્યક્તિગત વેલનેસ કાર્યક્રમો પર $૧,૦૦૦ થી વધુ ખર્ચ કરે છે, જ્યારે લક્ઝરી કારના શોખીનો ફિનલેન્ડમાં થીજી ગયેલા તળાવો પર સુપરકાર ચલાવવાના રોમાંચનો અનુભવ કરવા માટે લાખો રૂપિયા ચૂકવે છે. ડિઝાઇનર હેન્ડબેગ્સ, ઘડિયાળો અને સુપરકાર હજુ પણ લોકપ્રિય છે. આ બદલાવ વૈશ્વિક સ્તરે દેખાઈ રહ્યો છે.

ફૂડ લેબલિંગના સામે સરકારની લાલ આંખ



ફૂડ લેબલિંગની સામે સરકારની લાલ આંખ ફરી રહી છે. નવા નિયમો આવી રહ્યા હોવાથી બ્રિટાનિયા, પેપ્સિકો, HUL રેસિપી પર ફરીથી વિચાર કરી રહ્યા છે. આવી કંપનીઓ સામેની તપાસ તીવ્ર બનતા ભારતના પેકેજ્ડ ફૂડ ઉત્પાદકો ઉત્પાદનોમાં ફેરફાર કરી રહ્યા છે, પરંતુ જાણીતા સ્વાદને અકબંધ રાખવો એ તેમનો સૌથી મોટો પડકાર છે . ભારતની પેકેજ્ડ ફૂડ કંપનીઓ ગ્રાહકોને ખેંચી રાખતા સ્વાદને ગુમાવ્યા વિના તેમના ઉત્પાદનોને આરોગ્યપ્રદ બનાવવા માટે દોડધામ કરી રહી છે. કડક ફૂડ લેબલિંગ નિયમો ટૂંકમાં અણલી બનનારા હોઈ , બ્રિટાનિયા, પેપ્સિકો અને હિન્દુસ્તાન યુનિલિવર (HUL) જેવી કંપનીઓ તેમના ઉત્પાદનોમાં ખાંડ, મીઠું અને ચરબી ઘટાડવાનું વિચારી રહી છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ વધુ ચરબી, ખાંડ અને મીઠું (HFSS) ધરાવતા પેકેજ્ડ ખોરાક માટે ફ્રન્ટ-ઓફ-પેક લેબલિંગ (FOPL) નો પ્રસ્તાવ મૂક્યો છે. સૂચિત સિસ્ટમ ખાદ્ય પેકેટોના આગળના ભાગમાં અગ્રણી લાલ ષટ્કોણ ચેતવણી લેબલોનો ઉપયોગ કરે છે . નિયમનકારે કથિત ભ્રામક ઘટકોના દાવા અને અન્ય લેબલિંગ ઉલ્લંઘનો બદલ HUL, નેસ્લે, પેપ્સિકો, ITC, મોન્ડેલેઝ, રેડ બુલ અને ફેરેરોની માલિકીની બ્રાન્ડ્સ સહિત ૧૫૦ થી વધુ પેકેજ્ડ ફૂડ અને બેવરેજ બ્રાન્ડ્સને નોટિસ ફટકારી છે.

વજન ઘટાડવાની દવા આંખોની રોશની આંચકી શકે છે



ઓઝેમ્પિક, વેગોવી આરોગ્ય સામે જોખમી બની શકે છે. દ્રષ્ટિ ગુમાવવાના જોખમ અંગે ઓઝેમ્પિક, વેગોવી પર નવી FDA ચેતવણી રહેશે. યુએસ FDA GLP-1 દવાઓના લેબલ્સ પર ચેતવણી ઉમેરાશે અને લખાશે કે દવાના વપરાશથી અંધાપો આવી શકે છે. વજન ઘટાડવાની દવાઓ, વેગોવી, ઓઝેમ્પિક, ઝેપબાઉન્ડ અને મૌન્જારો સેમાગ્લુટાઇડ, જેવી દવાઓ વજન ઉતારવા માટે લેવાય છે . પરંતુ તે જોખમી બની શકે છે એમ ૨૦૨૪ ના મેડિકલ સંશોધન પેપરના પ્રકાશન પછી FDA વૈજ્ઞાનિકોએ તપાસ શરૂ કરી હતી ઓઝેમ્પિક અને વેગોવી સહિતની લોકપ્રિય વજન ઘટાડવાની દવાઓ પર સંભવિત દુર્લભ આડઅસર વિશે નવી ચેતવણી રહેશે જે ક્યારેક કાયમી દ્રષ્ટિ ગુમાવવા તરફ દોરી શકે છે, એમ યુએસ આરોગ્ય નિયમનકારોએ સોમવારે જાહેરાત કરી હતી. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે સ્થૂળતા, ડાયાબિટીસ અને અન્ય ઘણી તબીબી પરિસ્થિતિઓની સારવાર માટે વપરાતી બ્લોકબસ્ટર દવાઓ, તમામ GLP-1 દવાઓના લેબલિંગમાં આ જોખમ ઉમેરવામાં આવશે. ૧૨૫ થી વધુ ક્લિનિકલ ટ્રાયલ્સના FDA વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ઓછામાં ઓછા એક વર્ષ સુધી GLP-1 લેનારા દર ૧૦૦,૦૦૦ દર્દીઓમાંથી લગભગ ૬ દર્દીઓમાં આંખોના અંધાપાની સમસ્યા જોવા મળી હતી.

AI સર્વમનો આગામી મોટો દાવ



કહે છેકે ભારતનું AI સર્વમ વૈશ્વિક તખ્તા પર મોટું પ્લેયર બની શકે છે. ભૂતપૂર્વ ગૂગલ ક્લાઉડ ઈન્ડિયાના MD શશિકુમાર શ્રીધરનની પ્રમુખ અને CBO તરીકેની નિમણૂક સર્વમની પ્રાથમિકતાઓમાં ફેરફારનો સંકેત આપે છે. સર્વમ AI વૃદ્ધિના નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે, અને તેની તાજેતરની નેતૃત્વ નિમણૂક બેંગલુરુ સ્થિત સ્ટાર્ટ-અપ જે દિશામાં જવા માંગે છે તેની ઝલક આપે છે. શ્રીધરન, જેમણે અગાઉ પાંચ વર્ષથી વધુ સમય સુધી ભારતમાં માઇક્રોસોફ્ટના એન્ટરપ્રાઇઝ બિઝનેસનું નેતૃત્વ પણ કર્યું હતું, તેઓ સર્વમના બોર્ડમાં જોડાશે અને તેના એન્ટરપ્રાઇઝ અને સરકારી વ્યવસાયોની દેખરેખ રાખશે. તેમની જવાબદારીઓમાં માર્કેટિંગ, ફાઇનાન્સ, ફોરવર્ડ-ડિપ્લોય્ડ એન્જિનિયરિંગ, સર્વિસ ડિલિવરી અને કોમર્શિયલ ઓપરેશન્સનો પણ સમાવેશ થશે. આ નિમણૂક મહત્વપૂર્ણ છે કારણ કે તે બિઝનેસ એક્ઝિક્યુશનને પર વધુ ધ્યાન આપવામાં આવે છે. સર્વમ કહે છે કે ૧૦૦ થી વધુ એન્ટરપ્રાઇઝ અને સરકારી સંસ્થાઓ પહેલેથી જ તેની ફુલ-સ્ટેક AI ઓફરિંગ સાથે નિર્માણ કરી રહી છે. HCLTech એ $150-મિલિયનના રોકાણ સાથે રાઉન્ડનું નેતૃત્વ કર્યું હતું, સાથે બેસેમર વેન્ચર પાર્ટનર્સ અને વર્તમાન રોકાણકારો ખોસલા વેન્ચર્સ અને પીક XV પાર્ટનર્સ પણ હતા.

સીઈઓ સ્તરના લોકો કદાચ સત્તામાં આંધળા થઈ જાય છે અને તેઓ ક્યારેક પ્રેમ, વાસના અથવા ખુલ્લેઆમ જાતીય સતામણીના ચક્કરમાં બધું જ દાવ પર લગાવી દે છે

એનવિડિયાના સીઈઓની પ્રેમ લીલા

લવ-સેક્સ & ધોખા

AI ક્ષેત્રે સ્પાય ચેલેન્જ ઉભી કરી

કોર્પોરેટ પ્લસ

■ ગણેશ દત્તા

અંગ્રેજીમાં એક સુંદર કહેવત છે કે તમે પ્રેમ ખરીદી શકતા નથી, પરંતુ તમારે તેની ભારે કિંમત ચૂકવવી પડી શકે છે. સીઈઓ એટલે કંપનીનો ઓલ ઈન ઓલ. તે નોકરી આપી પણ શકે અને આંચકી પણ શકે. પ્રમોશન પણ તેના હાથમાં હોય છે અને દંડની કાર્યવાહી પણ તેના હાથમાં હોય છે. જે લોકો કંપનીમાં લાંબી નોકરી કરવા માંગે છે તે કેટલાક મુદ્દે તેમને સરંડર થઈને રહેતા હોય છે. અબજો રૂપિયા કમાતી કંપનીઓ પૈકી કેટલીક કંપનીના CEOને આસપાસના લોકો દ્વારા હંમેશા 'હા' સાંભળવાની થોડી વધારે પડતી આદત પડી જાય છે.



એનવીડિયા ના ભૂતપૂર્વ CEO જેન્સન હુઆંગ ની બે પ્રમિકા. જમણે ચીનની સ્પાય કહેવાતી ઓલિસ હુઆંગ અને ડાબે એનવીડિયાના વાઇસ પ્રેસિડેન્ટ આત્ફ હેલ્થ કેર કિમ્બર્લી પોવેલ.

જ્યારે તેની કોઈ મહિલા કર્મચારી પર નજર ઠરે છે ત્યારે તેને ફસાવવા તે પોતાના હોદ્દાનો દૂરૂપયોગ કરતાં અચકાતો નથી. પાંચ-દશ ટકા જેટલી મહિલાઓ ડરના માર્યા સરંડર થવાનો માર્ગ અપનાવે છે. સીઈઓ સ્તરના લોકો કદાચ આ જ કારણ છે કે તેઓ ક્યારેક પ્રેમ, વાસના અથવા ખુલ્લેઆમ જાતીય સતામણીના ચક્કરમાં બધું જ દાવ પર લગાવી દે છે.

આજકાલ જેનું નામ સૌથી વધુ ચર્ચામાં છે એવા એનવિડિયા કંપનીના સીઈઓ જેન્સન હુઆંગ એક નહીં પણ ત્રણ ત્રણ યુવતી સાથે પ્રેમલીલા ચાલતી હતી. આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ ક્ષેત્રે ટોચની કંપની એનવિડિયાના સીઈઓ એક ચીનની જાસુસ યુવતીને પ્રેમ કરી બેઠા છે તેવા અહેવાલો વહેતાં થતાં જ વિશ્વભરના કોર્પોરેટ સર્કલમાં સન્નાટો મચી ગયો હતો.

એક તરફ AI ઉદ્યોગમાં કોર્પોરેટ જાસૂસી અંગેની ચિંતાઓની વાતો ચાલતી હતી ત્યાં જ સીઈઓ જેન્સન હુઆંગના પ્રેમ પ્રકરણે ચીનની જાસુસીની માયા જાળ ફરીથી તાજી કરી છે

એક તરફ AI ઉદ્યોગમાં કોર્પોરેટ જાસૂસી અંગેની ચિંતાઓની વાતો ચાલતી હતી ત્યાંજ સીઈઓ જેન્સન હુઆંગના પ્રેમ પ્રકરણે ચીનની જાસુસીની માયા જાળ ફરીથી તાજી કરી છે. ઓપનએઆઈ અને ગૂગલની તાજેતરની ઘટનાઓએ પણ અંદરના કર્મચારીઓ અને પરંપરાગત જાસૂસી પદ્ધતિઓથી થતા જોખમો બાબતે ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે.

સિલિકોન વેલીમાં એવા સમયે એક વિસ્ફોટ સમાન મુદ્દો આવ્યો છે કે જ્યારે એનવિડિયાએ તેના CEO જેન્સન હુઆંગ અને બેઇજિંગ માટે જાસૂસી કરવાની શંકા ધરાવતી મેગાસ્પીડના સામે આવ્યો છે જેના પર કંપનીના સાન ફ્રાન્સિસ્કો સ્થિત મુખ્યાલયના એક્ઝિક્યુટિવ કોન્ફરન્સ રૂમમાં ગુપ્ત રેકોર્ડિંગ ડિવાઇસ મૂકવાનો આરોપ હતો.

અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે. અલ્ફોઝાન રેકોર્ડિંગ ડિવાઇસ વિશે સંશોધન કરવા તેમજ OpenAIની મીટિંગ રૂમ્સ અને એક્ઝિક્યુટિવ શિડ્યુલ વિશે માહિતી મેળવવા માટે AI ચેટબોટનો ઉપયોગ કરતો હતો. જોકે, કોર્ટમાં આ આક્ષેપો હજુ સુધી સાબિત થયા નથી.

આ કેસ અસામાન્ય છે, પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ્ય કોમ્પ્યુટર સિસ્ટમ્સ હેક કરવાને બદલે લોકો અને વાતચીતો સુધી પહોંચીને માહિતી મેળવવાની જૂની શૈલીનો છે.

એનવિડિયા વિવાદ આમાં એક નવો તણખો પણ ઉમેરાયો છે. યુએસ ઈન્ટેલિજન્સ એજન્સીઓનું માનવું હતું કે સિંગાપોર સ્થિત ડેટા સેન્ટર કંપની મેગાસપીડની ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ એલિસ હુઆંગ બેઇજિંગ માટે કામ કરી રહી હતી. તેણી પર એનવિડિયાની વ્યૂહરચના અને ચીનમાં અદ્યતન ચિપ નિકાસ પરના નિયંત્રણો હળવા કરવા માટે વોશિંગ્ટનને મનાવવાના તેના પ્રયાસો વિશે માહિતી એકત્રિત કરવા માટે જેન્સન હુઆંગ સાથે નજીકના સંબંધો કેળવવાની શંકા હતી. હુઆંગે તેની સાથે સંબંધ હોવાની વાત સ્વીકારી છે.

આ રિપોર્ટથી કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સની નબળાઈ પર પ્રશ્નો ઊભા થયા છે જેમના સંબંધો ભૌગોલિક રાજકીય સરહદો પાર વિસ્તરેલા છે. ગૂગલના ભૂતપૂર્વ એન્જિનિયર લિનવેઈ ડિંગનો કેસ પણ અહીં બંધબેસતો આવે છે. આ સામગ્રીમાં ગૂગલના કસ્ટમ ટેન્સર પ્રોસેસિંગ યુનિટ્સ અને કોમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશેની માહિતી સામેલ હતી. પ્રોસિક્યુટર્સે જણાવ્યું હતું કે તેણે ચીનમાં વ્યાપારી હિતો પૂરા કરતી વખતે આ સામગ્રી ટ્રાન્સફર કરી હતી.

AI એજન્ટો ગુપ્ત માહિતી મેળવવા માટે કમ્પ્યુટર્સ કેવી રીતે હેક કરવામાં આવે છે તેમાં પરિવર્તન લાવી શકે છે, ઉભરતી AI શસ્ત્ર સ્પર્ધામાં, માનવ જાસૂસ એક શક્તિશાળી શસ્ત્ર બની રહેશે.

પ્યાર પાછળની હકીકત....ચિપ શિપમેન્ટમાં મદદ કરી

પ્યાર કી સાઈડ ઈફેક્ટ : એનવીડિયાના શેરોના બજાર મૂલ્યમાં અબજો ડોલરનું ધોવાણ

સીઈઓ જેન્સન હુઆંગે એનવીડિયાના એક્ઝિક્યુટિવ્સ સમક્ષ પ્રેમિકા એલિસ સાથેની પોતાની મુલાકાતોને ગ્રાહક સાથેના નિયમિત વ્યવહારો તરીકે વર્ણવી હતી. આ પત્રવ્યવહાર તેમના રાજીનામા, સંબંધો અને બોર્ડની સ્વતંત્ર તપાસની આસપાસની તપાસને વધુ ઘેરી બનાવે છે. એલિસ સાથેના જેન્સન હુઆંગના સંબંધોએ કથિત રીતે ચીનમાં ૭.૫ બિલિયન ડોલરના ચિપ શિપમેન્ટમાં મદદ કરી હતી.જેન્સન હુઆંગે માત્ર એનવીડિયાના ટોચના એક્ઝિક્યુટિવ્સથી પોતાની કથિત પ્રેમ લીલા છુપાવ્યા ન હતા.. એલિસ હુઆંગ એક ચીની બિઝનેસ એક્ઝિક્યુટિવ છે, જેમના પર યુએસ સત્તાવાળાઓને ચીની ગુપ્તચર સંસ્થા સાથે સંબંધો હોવાની શંકા છે. ટૂંકમાં તેના ચીની જાસૂસ કહી છે.

સમાચાર એજંસીઓ દ્વારા સમીક્ષા કરાયેલા આંતરિક પત્રવ્યવહાર અનુસાર, હુઆંગે એનવીડિયાના જનરલ કાઉન્સેલ ટિમ ટેટર અને ચીફ માર્કેટિંગ ઓફિસર એલિસન વેગનફેલ્ડ સહિતના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સને પણ જણાવ્યું હતું કે એલિસ હુઆંગ સાથેની તેમની વાતચીત ગ્રાહક સાથેના નિયમિત વ્યવસાયિક વ્યવહારો હતા.

અનેક લગ્નેતર સંબંધો અંગેના અહેવાલો બાદ, હુઆંગે ગુરુવારે એનવીડિયાના પ્રેસિડેન્ટ અને સીઈઓ પદેથી રાજીનામું આપ્યું અને કંપનીના બોર્ડમાંથી પદ છોડ્યું તે પછી આ ખુલાસાઓ સામે આવ્યા છે. રવિવારે એક નિવેદનમાં, હુઆંગે તેમની પત્ની પ્રત્યે બેવફા રહેવા અને કંપનીને નિરાશ કરવા બદલ માફી માંગી હતી. તેમણે ખાસ કરીને એલિસ હુઆંગનું નામ લીધું ન હતું.



એલિસ હુઆંગ મેગાસ્પીડ ઈન્ટરનેશનલના ભૂતપૂર્વ વરિષ્ઠ એક્ઝિક્યુટિવ છે, જે એનવીડિયાની ગ્રાહક કંપની હતી. બંનેની અટક સમાન છે પરંતુ તેઓ સંબંધી નથી.

નજીકના લોકોના જણાવ્યા અનુસાર, એલિસ હુઆંગ સાથેના હુઆંગના સંબંધો અને મેગાસ્પીડ સાથેની તેમની કહેવાતી બિઝનેસ ડીલીંગ દરમ્યાન પ્રેમમાં પરિણમ્યા હતા. આ મુદ્દો ઓક્ટોબર ૨૦૨૬માં ફરી ઉભો થયો જ્યારે પ્રેસના પ્રશ્નોએ ફરીથી કંપનીના કેટલાક નેતાઓનું ધ્યાન ચીની બિઝનેસવુમન સાથેના તેમના સંબંધો તરફ દોર્યું હતું.

ઓક્ટોબર ૨૦૨૫માં અખબારે તેમની સાથેની જાહેર મુલાકાતો તરફ ધ્યાન દોરતા અહેવાલ સમાચાર માધ્યમોમાં પ્રકાશિત થયા હતા.અહેવાલો બાદ શરૂઆતમાં કંપનીએ કહ્યું હતું કે અમે અખબારો સામે બદનક્ષીનો દાવો કરીશું પણ એવું કશું કર્યું નહોતું.

ઓલિસ હુઆંગ અંગેના અહેવાલો એનવીડિયાના બે કર્મચારીઓ સાથેના હુઆંગના સંબંધો અંગેના અગાઉના ખુલાસાઓ બાદ આવ્યા છે. શરૂઆતના અહેવાલમાં એનવીડિયાના સીઈઓની એક કર્મચારી સાથે લગ્નેતર સંબંધ હતો, જ્યારે બહુ ઉહાપોહ થયો ત્યારે અન્ય એક મહિલા કર્મચારીએ પણ સીઈઓ સાથે ગાઢ સંબંધ હોવાની જાહેરાત કરી હતી. એનવીડિયાના શેરોએ બજાર મૂલ્યમાં ૧.૮ ટ્રિલિયન ડોલરથી વધુ ગુમાવ્યા હુઆંગનું રાજીનામું એવા ટેકનોલોજી એક્ઝિક્યુટિવ માટે એક નાટકીય વળાંક દર્શાવે છે જેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બૂમ દરમિયાન એનવીડિયાને વિશ્વની સૌથી પ્રભાવશાળી ચિપમેકર્સમાંની એક બનાવવામાં મદદ કરી હતી.

આ વિવાદ કંપનીના બજાર મૂલ્યમાં તીવ્ર ઘટાડા સાથે પણ જોડાયેલો છે. એનવીડિયાના શેર ૬ ઓક્ટોબરના બંધ ઉચ્ચ સ્તરથી ૩૦ ટકાથી વધુ ઘટ્યા છે, જેનાથી માર્કેટ કેપિટલાઈઝેશનમાં ૧.૮ ટ્રિલિયન ડોલરથી વધુનું ધોવાણ થયું છે.

ભારતના કોર્પોરેટ ક્ષેત્રે પણ લફરાબાજ સીઈઓ



અહીં એવા ટોચના ભારતીય કંપનીઓના CEO પર એક નજર કરીએ જેમણે ઓફિસમાં કરેલી આવી હરકતોને કારણે પોતાની ઊંચા પગારવાળી નોકરી ગુમાવી છે. આ તો એવા ગણ્યાગાંઠ્યા લોકો છે જેઓ પકડાઈ ગયા. વિચારો કે તેમને તેમની હોંશિયારી અને સુપર્બ વહિવટ માટે સમજદારી માટે કંપનીઓ દ્વારા કરોડો રૂપિયા ચૂકવવામાં આવતા હતા.

ભારતીય કોર્પોરેટ જગતમાં CEO અને ઉચ્ચ હોદ્દાના અધિકારીઓ સાથે સંકળાયેલા પ્રેમ સંબંધો અને યૌન શોષણ (Sexual Harassment)ના કેટલાક મોટા કિસ્સાઓ ચર્ચામાં રહ્યા છે. આ કિસ્સાઓએ કોર્પોરેટ ગવર્નન્સ, નૈતિકતા અને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની ભૂમિકા પર મોટા સવાલો ઉભા કર્યા છે :

૧. ફણીશ મૂર્તિ - Infosys અને iGate

Infosys : ભારતીય આઈટી જગતના દિગ્ગજ ગણાતા ફણીશ મૂર્તિએ ૨૦૦૨માં ત્યારે રાજીનામું આપવું પડ્યું જ્યારે તેમની સેક્રેટરી રેકા મેક્સિમોવિચે તેમની પર યૌન શોષણનો આરોપ લગાવ્યો હતો. આ મામલો કોર્ટની બહાર ૩ મિલિયન ડોલરમાં સેટલ થયો હતો.

આ પછી તેઓ iGate ના CEO બન્યા, પરંતુ ૨૦૧૩માં કંપનીની જ એક કર્મચારી અરાસેલી રોઇઝ સાથેના સંબંધ અને નોકરી સંબંધિત બાબતોને કારણે તેમને iGateમાંથી પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

૨. સી. વેંકટરમણ - NALCO

૨૦૦૪માં નેશનલ એલ્યુમિનિયમ કંપની (NALCO)ના ચેરમેન-કમ-મેનેજિંગ ડિરેક્ટર સી. વેંકટરમણ સામે એક મહિલાએ યૌન શોષણનો ગંભીર આરોપ લગાવ્યો હતો. પ્રમોશન આપવા માટે યૌન સંતોષની માંગણી કરવાના આરોપ બાદ તેમણે મુંબઈ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવું પડ્યું હતું અને તેમને સસ્પેન્ડ કરાયા હતા.

૩. કોચીના IT Vboના સીઈઓ અને બ્લેકમેલનો મામલો (Litmus૭ - ૨૦૨૪)

૨૦૨૪માં લિટમસ૭ (Litmus૭)ના CEO વેણુ ગોપાલકિષ્નન વિરુદ્ધ પણ વિવાદ સર્જાયો હતો. એક ભૂતપૂર્વ મહિલા કર્મચારી અને તેના પતિએ તેમની પાસે લાખો રૂપિયાની માંગણી કરી હતી અને સબંધોના આધારે બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારબાદ બંને પક્ષે એકબીજા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

૪. કોર્પોરેટ કલ્ચરમાં છૂપાવાતી બાબતો

રિપોર્ટ્સ અનુસાર, ભૂતકાળમાં ઘણી મોટી MNC બેંકો અને PR ફર્મોમાં ટોચના અધિકારીઓના આવા સંબંધો કે અનૈતિક વર્તનને 'ઓપન સીક્રેટ' તરીકે દબાવી દેવામાં આવતા હતા અથવા તો અધિકારીઓને ખાલી બીજી જગ્યાએ ટ્રાન્સફર કરી દેવાતા હતા. પરંતુ સમય જતાં કડક કોર્પોરેટ કાયદાઓ, પોશ (POSH) એક્ટ, વ્હિસલ બ્લોઅર પોલિસી અને સક્રિય બોર્ડ ઓફ ડાયરેક્ટર્સને કારણે હવે આવી ઘટનાઓ પર કંપનીઓ તાત્કાલિક કડક પગલાં લેતી થઈ છે.

૫. અનેક મહિલાઓ મૂંગા મોઢે સહન કર્યું છે

મોટી કંપનીઓના સીઈઓના લફરાં બહાર આવે તે સમાચાર બને છે પરંતુ નાની કંપનીઓ અને નાના કારખાનાઓમાં તો કામ કરતી મહિલાઓ મશ્કરી અને શોષણ કરનારાને શરણે જવું પડે તેવી સ્થિતિ હોય છે. તેમના શીરે ઘર ચલાવવાની જવાબદારી હોઈ તે કેટલાક ન્યૂસન્સ મૂંગે મોઢે સહન કરે છે.

અલનીનો ઈમ્પેક્ટ: કૃષિ પાકોના બજારભાવ ટેકાના ભાવથી ઉંચા

દેશમાં તથા વૈશ્વિક સ્તરે આ વર્ષે ૨૦૨૬માં કૃષી ક્ષેત્રમાં અલનીનોની ઈમ્પેક્ટ જોવા મળી છે તથા આની અસર ૨૦૨૭ના નવા વર્ષમાં પણ જોવા મળશે એવી શક્યતા હવામાન તજજ્ઞો બતાવી રહ્યા છે. આના પગલે કૃ ષિ બજારોમાં અજંપો પણ જોવા મળ્યો છે. દરમિયાન, અલનીનોના પગલે ભારતમાં ૨૦૨૬ના વર્ષમાં ચોમાસાની ચાલ અનિયમિત જોવા મળી છે તથા વરસાદ અપેક્ષાથી ઓછો નોંધાયો છે. આની અસર ખરીફ પાકો ઉપરાંત રવિ મોસમમાં લેવાતા પાકો પર પણ દેખાવાની ભીતી જાણકારો બતાવી રહ્યા હતા. દરમિયાન, ખરીફ મોસમમાં વિવિધ કૃષી ચીજોનું ઉત્પાદન અપેક્ષાથી ઓછું થતા ખરીફ મોસમના કૃષી ઉત્પાદનોના બજાર ભાવ સરકારના ટેકાના ભાવથી એકંદરે ઉંચા રહ્યા હોવાનું બજારોના સૂત્રોએ જણાવ્યું હતું.

ચણા તથા ઘઉં જેવા રવિ પાકોના કૃષી ઉત્પાદનોના બજાર ભાવ પણ ટેકાના ભાવથી ઉંચા જોવા મળ્યા હતા. જોકે સિંગદાણાના બજાર ભાવ ટેકાના ભાવથી નીચા જોવા મળ્યા હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું



હતું. અલનીનોના પગલે વરસાદની ચાલ સંતાકૂકડી જેવી નિવડી છે તથા વિવિધ ખરીફ પાકની હેકટરદીઠ પેદાશ પાછલા વર્ષની સરખામણીએ ઓછી જોવા મળી છે. તૂવેરના ટેકાના ભાવ કિવ.ના રૂ.૮૪૫૦ હતા જ્યારે બજાર ભાવ રૂ.૧૦૩૩૬ તાજેતરમાં નોંધાયા હતા. આજ રીતે મગના ટેકાના ભાવ રૂ.૮૭૮૦ જ્યારે બજાર ભાવ રૂ.૮૮૦૧ રહ્યા હતા. અડદના ટેકાના ભાવ રૂ.૮૨૦૦ જ્યારે તેની સામે બજાર ભાવ રૂ.૮૮૫૩ રહ્યા હતા. જુવારના ટેકાના ભાવ રૂ.૪૦૨૩ તથા બજાર ભાવ રૂ.૪૮૨૮ નોંધાયા હતા. ડાંગર (ચોખા)નાટેકાનાભાવસપોર્ટપ્રાઈસરૂ.૨૪૬૧ રહ્યા હતા જ્યારે તેની સામે બજાર ભાવ મંડીઓમાં રૂ.૨૬૭૪ બોલાઈ રહ્યા હતા.

જોકે બાજરીના ટેકાના ભાવ રૂ.૨૬૦૦ રહ્યા હતા તેની સામે બજાર ભાવ નીચા રૂ.૨૬૬૦ બોલાઈ રહ્યા હતા. સિંગદાણાના ટેકાના ભાવ રૂ.૭૫૧૭ તથા બજાર ભાવ રૂ.૬૪૪૧ તાજેતરમાં રહ્યા હતા. સોયાબીનના ટેકાના ભાવ રૂ.૫૩૦૮ તથા બજાર ભાવ રૂ.૬૬૭૧ રહ્યા હતા. મકાઈના ટેકાના ભાવ રૂ.૨૪૧૦ તથા બજાર ભાવ રૂ.૨૮૩૮રહ્યા હતા. કપાસના ટેકાના ભાવ રૂ.૮૬૬૭ તથા બજાર ભાવ રૂ.૮૯૬૪ બોલાઈ રહ્યા હતા. દેશના કૃષિ મંત્રાલયના ભૂતપૂર્વ સચીવના જણાવ્યા મુજબ ટેકાના ભાવ કરતા મોટાભાગના કૃષી પાકોના બજાર ભાવ ઉંચા રહ્યા હતા. જોકે મગ તથા બાજરીમાં બેસ્ટ વેરાઈટીના ટેકાના ભાવ કરતાં બજાર ભાવ નીચા રહ્યા હોવાનું કિસાન મહાપંચાયત, જયપુરના અધ્યક્ષે જણાવ્યું હતું. ખેડૂતોને ટેકાના ભાવ કરતા બજાર ભાવ ઉંચા મળ્યા છે. પરંતુ સામે કૃષી પેદાશ ઘટી છે. અડદનો પાક ૧૫ લાખ ટન આવવાનો અંદાજ શરૂઆતમાં મુકાતો હતો પરંતુ અલનીનો તથા વરસાદની અનિયમિત ચાલના કારણે અડદનું ઉત્પાદન હકીકતમાં ઘટી હવે ૮થી ૯ લાખ ટન આસપાસ અંદાજાતું થતું હોવાનું કૃષી તજજ્ઞોએ તાજેતરમાં જણાવ્યું હતું. મકાઈના ભાવ તાજેતરમાં ૪થી ૫ સપ્તાહમાં ૩૦થી ૪૦ ટકા ઉંચકાયા હતા. ઘણા કૃષી ઉત્પાદનોમાં બજાર ભાવ હજી વધુ ઉંચા મળશે એવી આશાએ ઘણા ખેડૂતો કૃષી માલોનો સ્ટોક પોતાની પાસે સંગ્રહી રાખે છે તથા બજારમાં આવો જથ્થો ઓછો લાવી રહ્યાની ચર્ચા પણ કૃષી મંડીઓમાં સંભળાઈ રહી હતી. તૂવેરના ભાવ હજી ઉંચા રહેવાની ગણતરી જાણકારો બતાવતા હતા જ્યારે ડાંગરની આવકો વધશે ત્યારે ડાંગરના ભાવ નીચા આવવાની ગણતરી પણ તજજ્ઞો દર્શાવી રહ્યા હતા

ભારતની આઝાદીના
મહાન ક્રાંતિકારી તેમજ અમર શહીદ



— શહીદ —
કરતાર સિંહ સરાભા

અને તેમના છ વીર ક્રાંતિકારી
સાથીઓને તેમના

શહીદી દિવસ

પર કોટિ-કોટિ નમન



શહીદ વિષ્ણુ
ગણેશ પિંગલે



શહીદ
જગત સિંહ



શહીદ હરનામ સિંહ
સિયાલકોટી



શહીદ
બખ્સીશ સિંહ



શહીદ સુરૈન સિંહ
(સીનિયર)



શહીદ સુરૈન સિંહ
(જૂનિયર)

“ ‘‘દેશની સેવા કરવી ખૂબ જ અઘરી છે,
અને વાતો કરવી ઘણી સહેલી છે.
જેમણે દેશ સેવા માટે પગ મૂક્યો છે,
તેમણે લાખો મુસીબતો વેઠી છે.’’ ”



સ. ભગવંત સિંહ માન
મુખ્યમંત્રી, પંજાબ

સૌજન્ય : માહિતી અને લોકસંપર્ક વિભાગ, પંજાબ

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

પાંચમી વન-ડે : પ્લેયર ઓફ ધ મેચ અર્ષદીપની ૩૦ રનમાં ૩ વિકેટ

ટીમ ઈન્ડિયાએ લો સ્કોરિંગ વન ડેમાં ન્યુઝીલેન્ડને ૨૧ રનથી પરાજય આપી ૩-૧થી શ્રેણી જીતી

માઉન્ટ મોન્ગનુઈ, તા.૧૫

પ્લેયર ઓફ ધ મેચ અર્ષદીપે ૧૦ ઓવરમાં માત્ર ૩૦ રન આપીને ત્રણ વિકેટ તેમજ સિરાજ-અક્ષરે બે-બે બેટ્સમેનને પેવેલિયન ભેગા કરતાં ભારતે પાંચમી અને આખરી લો સ્કોરિંગ વન ડેમાં ન્યુઝીલેન્ડને ૨૧ રનથી હરાવ્યું હતુ. આ સાથે ભારતે પાંચ વન ડેની શ્રેણીમાં ૩-૧થી વિજય મેળવ્યો હતો.









ભારતીય વન ડે ટીમમાં પહેલીવાર સ્થાન મેળવનારા યશ ઠાકુરને ટીમ ઈન્ડિયાના ઓલરાઉન્ડર અક્ષર પટેલે કેપ એનાયત કરી હતી.

ન્યુઝીલેન્ડની ઘરઆંગણે સળંગ ૧૧ શ્રેણી વિજયની કૂચ આખરે ભારતે અટકાવી

માઉન્ટ માઉન્ગનુઈ : ભારતીય ટીમે સાત વર્ષ પહેલા ૨૦૧૯માં ન્યુઝીલેન્ડને તેના ઘરઆંગણે વન ડે શ્રેણીમાં ૪-૧થી હરાવ્યું હતુ. આ પછી ન્યુઝીલેન્ડ ઘરઆંગણે રમાયેલી તમામ ૧૧ દ્વિપક્ષીય વન ડે શ્રેણી જીત્યું હતુ. જોકે ન્યુઝીલેન્ડની આ વિજયકૂચનો અંત આણતા ભારતે પાંચ વન ડે શ્રેણી ૩-૧થી જીતી લીધી હતી. નોંધપાત્ર છે કે,આ દરમિયાન ભારતીય ટીમ ૨૦૨૦માં અને ત્યાર બાદ ૨૦૨૨માં ન્યુઝીલેન્ડ પ્રવાસમાં રમાયેલી વન ડે શ્રેણીમાં અનુક્રમે ૦-૩ અને ૧-૩થી હાર્યું હતું.

બોલરોને મદદગાર પીચ પર ભારત ૪૨.૧ ઓવરમાં ૨૦૯ રન નોંધાવી શક્યું હતુ. જવાબમાં ન્યુઝીલેન્ડ ૪૮.૧ ઓવરમાં ૧૮૭ રનમાં જ ખખડી જતાં હારી ગયું હતુ. શ્રેણીમાં ચાર વન ડે રમનારા ગુરનૂર બ્રારને કુલ નવ વિકેટ ઝડપવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

રોહિત-કોહલી ફરી વખત નિષ્ફળ

ન્યુઝીલેન્ડના કેપ્ટન સાન્ટનરે ટોસ જીતીને પ્રથમ ભારતને બેટિંગમાં ઉતાર્યું હતુ. ફિશરે રોહિતને સાત અને કોહલીને પાંચ રને પેવેલિયન ભેગા કરી દીધા હતા. ડફીએ ગાયકવાડ (૧૮)ને વિકેટકિપર સેઈફેર્ટના હાથે કેચ આઉટ કરાવ્યો હતો અને ભારત ૩૪/૩ પર ફસડાયું હતુ.

મીડલ ઓર્ડરની લડાયક બેટિંગ

કેપ્ટન શ્રેયસની સાથે અક્ષરે કાઉન્ટર એટેક કર્યો હતો અને બંનેએ ચોથી વિકેટમાં ૫૫ બોલમાં બાવન રન જોડ્યા હતા. અક્ષર-કિશને પાંચમી વિકેટમાં ૩૫ અને કિશન-ધીરે છઠ્ઠી વિકેટમાં ૩૯ રન ઊમેર્યા હતા. અક્ષર અને કિશને ૪૬-૪૬ રન ફટકાર્યા હતા.

આખરી બે વિકેટે ૪૩ નિર્ણાયક રન જોડ્યા

સાન્ટનરે નમન ધીર (૨૨) પછી એક જ ઓવરમાં નાબી (૫) અને યશ ઠાકુર (૦)ની વિકેટ ઝડપતાં ભારત ૧૬૦/૫ માંથી ૧૬૬/૮ પર ફસડાયું હતુ. જોકે ભારતે આખરી બે વિકેટમાં કુલ મળીને ૪૩ રન જોડ્યા હતા, જે આખરે નિર્ણાયક બન્યા હતા. સિરાજે ૧૪* અને અર્ષદીપ ૪ બોલમાં ૧૪ રન કર્યા હતા. ડફી-સાન્ટનરે ૩-૩ વિકેટ મેળવી હતી.

ભારતીય ફાસ્ટરોની કમાલ : ન્યુઝીલેન્ડ ૧૧૯/૬

જીતવા માટેના ૨૦૯ના આસાન લાગતા પડકારનો પીછો કરવા ઉતરેલા ન્યુઝીલેન્ડના ટોપ ઓર્ડર પર ભારતીય ફાસ્ટરો છવાઈ ગયા હતા. સિરાજે સેઈફેર્ટ (૧૪)ને અને અર્ષદીપે અગાઉની મેચમાં સદી ફટકારનારા યંગ (૨૨)ની સાથે કેલી (૨૪)ની વિકેટ ઝડપી હતી. સિરાજે જોખમી સાબિત થઈ શકે તેવા એલનને (૧)ને સસ્તામાં આઉટ કર્યો હતો. નાબીએ બ્રેસવેલ (૧૯)ને આઉટ કર્યો પછી યશ ઠાકુરની પ્રથમ વન-ડે વિકેટ ફોક્સક્રોફ્ટ (૩૧) બન્યો હતો. આ સાથે ન્યુઝીલેન્ડ ૧૧૯/૬ પર ફસડાયું હતુ.

ન્યુઝીલેન્ડનો સંઘર્ષ છતાં ભારતની જીત

કેપ્ટન સાન્ટનર (૨૪) અને ક્રિસ્ટીન ક્લાર્ક (૧૬)ની જોડીએ સાતમી વિકેટમાં ૩૯ રનની ભાગીદારી કરતાં જીતની આશા જગાવી હતી. જોકે નમન ધીરે સાન્ટનરને અને અર્ષદીપે ક્લાર્કને આઉટ કરતાં ભારતને જીતને આરે પહોંચાડ્યું હતુ. આખરે અક્ષરે ડફી (૯) અને ટિકનેર (૧૪)ને આઉટ કરતાં ભારતને જીતાડ્યું હતુ.

ભારત

રોહિત કો.ફોક્સક્રોફ્ટ બો.ફિશર	૭	૧૩ ૧૦
ગાયકવાડ કો.સેઈફેર્ટ બો.ડફી	૧૮	૨૭ ૩૦
કોહલી કો.સેઈફેર્ટ બો.ફિશર	૫	૭ ૦૦
શ્રેયસ કો.ફિશર બો.ટિકનેર	૨૨	૨૬ ૩૦
અક્ષર કો.યંગ બો.બ્રેસવેલ	૪૬	૫૫ ૫૧
કિશન કો.ફિશર બો.ડફી	૪૬	૫૮ ૩૨
દીપ કો.કેલી બો.સાન્ટનર	૨૨	૩૧ ૨૦
નાબી કો.એલન બો.સાન્ટનર	૫	૯ ૧૦
યશ ઠાકુર કો.સેઈફેર્ટ બો.સાન્ટનર	૦	૪ ૦૦
સિરાજ અણનમ	૧૪	૨૦ ૧૧
અર્ષદીપ બો.ડફી	૧૪	૪ ૦૨
વધારાના (લેગબાય ૨, નોબોલ ૧, વાઈડ ૭)૧૦		
કુલ (૪૨.૧ ઓવરમાં ઓલઆઉટ)	૨૦૯	

વિકેટનો ક્રમ : ૧-૨૩ (રોહિત ૫.૩), ૨-૩૩ (કોહલી ૭.૩), ૩-૩૪ (ગાયકવાડ, ૮.૧), ૪-૮૬ (શ્રેયસ, ૧૭.૨), ૫-૧૨૧ (અક્ષર, ૨૪.૬), ૬-૧૬૦ (નમન ધીર, ૩૩.૨), ૭-૧૬૬ (નાબી, ૩૫.૨), ૮-૧૬૬ (યશ ઠાકુર, ૩૫.૬), ૯-૧૮૩ (કિશન, ૪૦.૩), ૧૦-૨૦૯ (અર્ષદીપ, ૪૨.૧)

બોલિંગ : ડફી ૮.૧-૧-૬૦-૩, ફિશર ૭-૧-૨૮-૨, કે.ક્લાર્ક ૨-૦-૧૩-૦, ટિકનેર ૫-૧-૨૪-૧, સાન્ટનર ૧૦-૧-૪૭-૩, બ્રેસવેલ ૧૦-૦-૩૫-૧.

ન્યુઝીલેન્ડ

	રન	બોલ ૪ ૬
યંગ કો.ગાયકવાડ બો.અર્ષદીપ	૨૨	૪૨ ૩ ૦
સેઈફેર્ટ કો.યશ બો.સિરાજ	૧૪	૨૧ ૨ ૦
કેલી બો.અર્ષદીપ	૨૪	૪૫ ૨ ૦
ફોક્સક્રોફ્ટ બો.યશ	૩૧	૪૨ ૫ ૦
એલન બો.સિરાજ	૧	૫ ૦ ૦
બ્રેસવેલ કો.ધીર બો.નાબી	૧૯	૩૩ ૨ ૦
સાન્ટનેર કો.અર્ષદીપ બો.ધીર	૨૪	૩૧ ૧ ૨
કે.ક્લાર્ક કો.કિશન બો.અર્ષદીપ	૧૬	૩૫ ૧ ૦
ટિકનેર સ્ટ.કિશન બો.અક્ષર	૧૪	૨૦ ૧ ૦
ડફી કો.કોહલી બો.અક્ષર	૯	૧૨ ૧ ૦
ફિશર અણનમ	૩	૬ ૦ ૦
વધારાના (નોબોલ ૩, વાઈડ ૭)	૧૦	
કુલ (૪૮.૧ ઓવરમાં ઓલઆઉટ)	૧૮૭	

વિકેટનો ક્રમ : ૧-૨૬ (સેઈફેર્ટ ૫.૩), ૨-૬૪ (યંગ ૧૬.૩), ૩-૮૨ (કેલી ૨૦.૪), ૪-૮૩ (એલન ૨૧.૩), ૫-૧૧૮ (બ્રેસવેલ ૩૦.૬), ૬-૧૧૮ (ફોક્સક્રોફ્ટ ૩૧.૧), ૭-૧૫૮ (સાન્ટનર ૪૦.૪), ૮-૧૬૧ (કે.ક્લાર્ક ૪૨.૪), ૯-૧૮૧ (ડફી ૪૬.૨), ૧૦-૧૮૭ (ટિકનેર ૪૮.૧).

બોલિંગ : અર્ષદીપ ૧૦-૨-૩૦-૩, સિરાજ ૧૦-૧-૫૦-૨, નાબી ૧૦-૧-૩૭-૧, યશ ઠાકુર ૧૦-૦-૩૮-૧, અક્ષર પટેલ ૯-૦-૨૮-૨, ધીર ૨-૦-૧૪-૧.

ભારતના ૨૦૯ સામે ન્યુઝીલેન્ડ ૪૮.૧ ઓવરમાં ૧૮૭માં સમેટાયું રોહિત-કોહલી ફરી નિષ્ફળ, અક્ષર-કિશનના ૪૬-૪૬ રન : ડફી-સાન્ટનરની ૩-૩ વિકેટ

ભારતનો લક્ષ્ય સેન હાયલો ઓપન બાદ કુમામોટો માસ્ટર્સ ટુર્નામેન્ટમાં પણ ચેમ્પિયન

લક્ષ્યે વાટાનાબેને ૧૩-૨૧, ૨૧-૧૮, ૨૧-૧૪થી હરાવ્યો

કુમામોટો, તા.૧૫

ભારતના ટોચના બેડમિંટન સ્ટાર લક્ષ્ય સેને જર્મનીમાં હાયલો ઓપન જીત્યાના પખવાડિયામાં જ જાપાનમાં કુમામોટો માસ્ટર્સ જાપાન ૨૦૨૬ ટુર્નામેન્ટમાં પણ મેન્સ સિંગલ્સ ટાઈટલ જીતી લીધું હતુ. આઠમા ક્રમાંકિત ભારતીય સ્ટાર લક્ષ્ય સેને ફાઈનલમાં જાપાનના બિનક્રમાંકિત વાટાનાબેને ૧૩-૨૧, ૨૧-૧૮, ૨૧-૧૪થી હરાવ્યો હતો. આ સાથે તેને ૯૨૦૦ રેન્કિંગ પોઈન્ટની સાથે ૩૭૫૦૦ ડોલરનું રોકડ ઈનામ પણ મળ્યું હતુ. જે ભારતીય રુપિયામાં ૩૫ લાખથી વધુ થવા જાય છે.

લક્ષ્યે ઉપરાઉપરી બે મહત્વની ટુર્નામેન્ટમાં જીત મેળવવાની સાથે સિઝનના અંતે રમાનારી ટોચના આઠ ખેલાડીઓ વચ્ચેની બીડબલ્યુએફ વર્લ્ડ ટુર ફાઈનલ્સમાં ક્વોલિફાય થવાની આશા વધુ ઉજ્જવળ બનાવી છે. આ જીતની સાથે લક્ષ્યે વાટાનાબે સામે છઠ્ઠી મેચમાં ચોથી જીત હાંસલ કરી હતી અને છેલ્લી બે મેચની હાર બાદ ફરી જીતની લય મેળવી હતી.

ફાઈનલમાં વાટાનાબેએ ૫-૦ની સરસાઈ મેળવી હતી. આ પછી લક્ષ્યે લડત આપતાં સ્કોરને ૧૦-૧૨ સુધી પહોંચાડ્યો હતો. જોકે ત્યાર બાદ વાટાનાબેએ પ્રથમ ગેમ ૨૧-૧૩થી જીતી લીધી હતી. બીજી ગેમમાં લક્ષ્યે ૫-૦થી સરસાઈ મેળવ્યા બાદ તેને ૧૯-૧૦ સુધી વિસ્તારી હતી. વાટાનાબેએ લડાયક દેખાવ કરતાં સતત ૭ પોઈન્ટ મેળવ્યા હતા. જોકે લક્ષ્યે ૧૯-૧૭ની સરસાઈ બાદ ૨૧-૧૮થી ગેમ જીતી લીધી હતી. ત્રીજી અને નિર્ણાયક ગેમમાં લક્ષ્યે શરુઆતથી મેચ પર પકડ જમાવી હતી અને ૯-૬ તેમજ ૧૬-૭ની પ્રભાવક લીડ જાળવી રાખતાં આખરે ૨૧-૧૪થી જીત મેળવી હતી.



ચેમ્પિયન બનેલા લક્ષ્ય સેનને રૂપિયા ૩૫ લાખનું રોકડ ઈનામ

વર્લ્ડ ટુર ફાઈનલ્સની સ્થિતિ

લક્ષ્ય સેન ટુર્નામેન્ટના પ્રારંભે રેન્કિંગમાં ૧૨માં ક્રમે હતો અને તેના પોઈન્ટ ૬૪૯૮૦ હતા. જેમાં ૯૨૦૦ પોઈન્ટ હવે ઊમેરાશે. આ કારણે તે છઠ્ઠા ક્રમે પહોંચી શકે છે. સિઝનની આખરી અને એલિટ ટુર્નામેન્ટ હાંગઝોઉમાં રમાવાની છે, જે બીડબલ્યુએફ વર્લ્ડ ટુર ફાઈનલ્સ તરીકે ઓળખાય છે. આ ટુર્નામેન્ટમાં ટોચના આઠ ખેલાડી રમશે. અલબત્ત, આ ટુર્નામેન્ટમાં ક્વોલિફાય થવા લક્ષ્યે ૧૭ થી ૨૨ નવેમ્બર દરમિયાન યોજાનારી હોંગકોંગ ઓપનમાં પ્રભાવશાળી દેખાવ કરવો પડશે.

હૃદોયના ૧૩૭ : સાઉથ આફ્રિકા સામે બાંગ્લાદેશના પ્રથમ ઈનિંગમાં ૩૨૭/૬

જોહનીસબર્ગ : બાંગ્લાદેશના બેટ્સમેન હૃદોયે ક્લાસિક ફોર્મ આગળ ધપાવતા સાઉથ આફ્રિકા પ્રવાસની પ્રથમ જોહનીસબર્ગ ટેસ્ટમાં ૨૨૭ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૧૩૭ રન ફટકાર્યા હતા. તેણે અને લિટન દાસે (૯૨*) છઠ્ઠી વિકેટમાં ૨૦૬ રનની મેરેથોન ભાગીદારી કરતાં સાઉથ આફ્રિકા સામે બાંગ્લાદેશ તરફથી સર્વોચ્ચ ભાગીદારીનો રેકોર્ડ સર્જ્યો હતો. ટોસ જીતીને બેટિંગ પસંદ કરનારી પ્રવાસી બાંગ્લાદેશની ટીમે એમ ઈસ્લામ (૦)અને મોમિનુલ (૦) બાદ કેપ્ટન શાન્તો (૧૨)ની વિકેટ ગુમાવી ત્યારે સ્કોર ૨૨/૩ થયો હતો. હૃદોયે ઓપનર તન્ઝીદ (૬૭) જોડે ૯૯ રન જોડ્યા હતા. જોકે રબાડાએ તન્ઝીદ બાદ રહીમ (૦)ને આઉટ કરતાં પાંચ વિકેટ પૂરી કરી હતી. આ પછી હૃદોય-દાસે બેવડી શતકીય ભાગીદારી કરતાં ૧૨૧/૫ પર ફસડાયેલા બાંગ્લાદેશને પ્રથમ દિવસની રમતના અંતે છ વિકેટે ૩૨૭ પર પહોંચાડ્યું હતુ. હૃદોયની વિકેટ જાન્સેનને મળી હતી. નોંધપાત્ર છે કે, હૃદોયે અગાઉ તેના ઘરઆંગણે વિન્ડિઝ સામેની શ્રેણીની છેલ્લી ટેસ્ટમાં અનુક્રમે ૨૪૨* અને ૮૨ રનની ઈનિંગ રમી હતી.



એટીપી ફાઈનલ્સમાં ઝ્વેરેવે જોડારને હરાવ્યો

ટુરિન : વર્લ્ડ નંબર વન જર્મન ટેનિસ સ્ટાર ઝ્વેરેવે સિઝનની આખરી અને એલિટ ટુર્નામેન્ટ એટીપી ફાઈનલ્સમાં વિજયી શુભારંભ કર્યો હતો. તેણે ગ્રૂપ સ્ટેજની પ્રથમ મેચમાં સ્પેનના જોડારને ૬-૪, ૬-૪થી હરાવ્યો હતો. ટોચના આઠ ખેલાડીઓ વચ્ચે ખેલાઈ રહેલી આ ટુર્નામેન્ટમાં ઝ્વેરેવ અને જોડારની સાથે જોન મેકેન્રો ગ્રૂપમાં શેલ્ટન અને ફિલ્ઝ સામેલ છે. જ્યારે ઈવાન લેન્ડલ ગ્રૂપમાં અલકારાઝ, મેડ્વેડેવ, કોબોલી અને ટિયાફો છે. જેઓ ગ્રૂપ સ્ટેજની મેચ રમશે અને બંને ગ્રૂપના ટોચના બે ખેલાડી સેમિ ફાઈનલમાં પ્રવેશ કરશે.

રુટની ૫૦મી અડધી સદી : એટ્કિન્સનની ચાર વિકેટ

બાન્ટનના ૧૨૧ : ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને બીજી વન ડેમાં ૧૩૫ રનથી હરાવ્યું

ઈંગ્લેન્ડના ૩૫૫/૬, ઓસ્ટ્રેલિયા ૨૨૦માં ઓલઆઉટ



એડીલેડ : પ્લેયર ઓફ ધ મેચ બાન્ટને ૧૨ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે ૯૯ બોલમાં ૧૨૧ રન ફટકારતાં ઈંગ્લેન્ડે ૩૫૫/૬નો જંગી સ્કોર ખડક્યા બાદ બીજી વન ડેમાં યજમાન ઓસ્ટ્રેલિયાને ૧૩૫ રનથી હરાવ્યું હતુ. રુટે કારકિર્દીની ૫૦મી અડધી સદી સાથે ૬૨ તેમજ કોક્ષે ૪૯ બોલમાં ૬૭ અને જેક્સે ૪૦ બોલમાં ૫૪ રન નોંધાવ્યા હતા. ઈંગ્લેન્ડે ત્રણ મેચની શ્રેણીમાં ૧-૧થી બરોબરી મેળવી હતી. ઓસ્ટ્રેલિયાનો ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરવાનો નિર્ણય ઈંગ્લેન્ડને ફળ્યો હતો. બાન્ટન અને રૂટે બીજી વિકેટમાં ૧૩૭ રન અને કોક્ષ-જેક્સે પાંચમી વિકેટમાં ૭૦ બોલમાં ૧૦૨ રન જોડ્યા હતા. બાર્ટલેટ્ટે ૭૩ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ૧૩ના સ્કોર પર જ હેડ (૭), કોનોલી (૦) અને માર્શ (૨)ની વિકેટ ગુમાવી હતી. રેનશોએ ૬૩ અને ગ્રીને ૬૪ રન સાથે લડતઆપી હતી. એટ્કિન્સને ૨૮ રનમાં ચાર તેમજ સેમ કરને અને ડોસને બે-બે વિકેટ ઝડપી હતી.

રેકોર્ડ એલર્ટ

* **ઈંગ્લેન્ડે ૩૫૫/૬ રન નોંધાવતા ઓસ્ટ્રેલિયાની ભૂમિ પર તેનો સર્વોચ્ચ વન ડે સ્કોર કર્યો. અગાઉ તેમણે ૨૦૧૧માં સીડનીમાં ઓસ્ટ્રેલિયા સામે ૩૩૩/૬ રન કર્યા હતા.**
* **ઈંગ્લેન્ડે ૩૫૫/૨ના સ્કોર સાથે ઓસ્ટ્રેલિયાની ભૂમિ પર યજમાનો સામે સર્વોચ્ચ સ્કોરનો રેકોર્ડ સર્જ્યો. અગાઉ શ્રીલંકાએ ૨૦૦૩માં સીડનીમાં ૩૪૩/૫ રન ખડક્યા હતા.**
* **રૂટ વન ડેમાં ૫૦ અડધી સદી નોંધાવનારો પ્રથમ ઈંગ્લિશ ક્રિકેટર.**

ખ્વાજા ના સમર્થનમાં ઓસ્ટ્રેલિયાના વધુ એક ભૂતપૂર્વ ક્રિકેટરનો દાવો

૨૦૧૮માં સાઉથ આફ્રિકા સામેની શ્રેણીમાં એકથી વધુ ટેસ્ટમાં બોલ ટેમ્પરિંગ થયું હતું

સીડની, તા.૧૫

વર્ષ ૨૦૧૮ના સાઉથ આફ્રિકા પ્રવાસની ત્રીજી ન્યુલેન્ડ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની ટીમનો ખેલાડી બેન ક્રોફ્ટ કાચ કાગળ (સેન્ડપેપર)થી બોલ સાથે ચેંડા કરતો રંગે હાથ ઝડપાયો હતો અને ત્યાર બાદ તેની સાથે કેપ્ટન સ્મિથ અને વાઈસ કેપ્ટન વોર્નરને સજા ફટકારવામાં આવી હતી. હવે ખ્વાજાએ દાવો કર્યો છે કે, ઓસ્ટ્રેલિયાની આખી ટીમ કૌભાંડમાં સંડોવાયેલી હતી અને વોર્નરને ખ્વાજાને ટેકો આપ્યો છે. આ મામલે ચોંકાવનારો નવો ઘટસ્ફોટ થયો છે કે, ઓસ્ટ્રેલિયાએ ૨૦૧૮ની પ્રવાસમાં રમાયેલી શ્રેણીની બીજી પોર્ટ એલિઝાબેથ (હાલમાં ગાકેબેરહા) ટેસ્ટમાં પણ બોલ સાથે ચેડાં કર્યા હતા.

૨૦૧૮ની શ્રેણીની બીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના ૧૨માં ખેલાડી અને ભૂતપૂર્વ ફાસ્ટર ચાડ સેયર્સે ખ્વાજાના દાવાનું સમર્થન કર્યું છે. સેયર્સે ઓસ્ટ્રેલિયન નેટવર્ક સેન રેડિયો સાથેની વાતચીતમાં કહ્યું કે, ઓસ્ટ્રેલિયાએ બીજી પોર્ટએલિઝાબેથ ટેસ્ટમાં પણ કાચ કાગળનો ઉપયોગ કરીને બોલ સાથે ચેડાં કર્યા હતા. તે ટેસ્ટમાં મને 'સેન્ડ પેપર' મેદાનની બહાર લાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. અમે વિકેટ પડે ત્યારે કે પછી ડ્રિંક્સ કે ટી બ્રેકમાં સેન્ડ પેપરની આપ-લે કરતાં.

હું તટસ્થ છું, પણ ખ્વાજા સાચો છે

સેયર્સે કહ્યું કે, હું ન તો ખ્વાજાના પક્ષમાં છું ન કમિન્સના. હું તટસ્થ છું. કમિન્સે પણ મને કારકિર્દી દરમિયાન ઘણી મદદ કરી છે. જોકે આ કૌભાંડ અંગે હું મારો મત રજુ કરી રહ્યો છું અને હું દ્રઢપણે માનું છું કે, ઓસ્ટ્રેલિયાની આખી ટીમ જાણતી હતી કે, શું ચાલી રહ્યું છે અને શેનો ઉપયોગ થઈ રહ્યો છે.



વોર્નરના ઈનકાર બાદ બેનક્રોફ્ટ તૈયાર થયો

સેયર્સે કહ્યું કે, મને આ બાબતની જાણ બીજી પોર્ટ એલિઝાબેથ ટેસ્ટમાં થઈ હતી. ત્યારે બોલને રિવર્સ સ્વિંગ કરાવવા અંગે ચર્ચા ચાલતી હતી. તે સમયે વોર્નરે આમ (બોલ સાથે ચેડાં) કરવાની સ્વાભાવિક રીતે ના પાડી હતી. આ પછી બેનક્રોફ્ટ તૈયાર થયો હતો. મને લાગે છે કે, વોર્નરે એટલા માટે ના પાડી હતી કારણ કે તેની ઈમેજ બેડબોય તરીકેની છે અને તેના પર ટીવી કેમેરાથી લઈને મીડિયા-ચાહકોની બાજ નજર રહેતી હોય છે.

ડ્રેસિંગરુમમાં ચર્ચા પણ થઈ હતી

સેયર્સે કહ્યું કે, બે ટેસ્ટમાં બોલ સાથે ચેંડા કરવામાં આવ્યા હતા અને તેની ચર્ચા ડ્રેસિંગરૂમમાં પણ થઈ હતી. કેપ્ટાઉન ટેસ્ટમાં બેનક્રોફ્ટ બોલ સાથે ચેડાં કરતાં રંગે હાથ ઝડપાયો પછી ઓસ્ટ્રેલિયાના ડ્રેસિંગરૂમમાં ૯૦ મિનિટ બંધ બારણે ચર્ચા થઈ હતી.

ઓસ્ટ્રેલિયન બોર્ડ ભીંસમાં

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન કમિન્સે તો બોલ ટેમ્પરિંગ અંગે ખ્વાજા-વોર્નરના નવા ખુલાસા નકારી કાઢ્યા છે. ઓસ્ટ્રેલિયન બોર્ડ પણ ભૂતકાળની ઘટના અંગે નવેસરથી તપાસ કરવાના મૂડમાં નથી. જોકે વધુ એક ખેલાડીના ખુલાસાએ આખા પ્રકરણમાં ઓસ્ટ્રેલિયન બોર્ડ અને ટીમની ઈમેજને ફટકો પહોંચાડ્યો છે.

ચાડ સેયર્સ ૨૦૧૮ની વિવાદિત ટેસ્ટ શ્રેણીની બીજી ટેસ્ટમાં ૧૨મો ખેલાડી હતો, 'મને સેન્ડપેપર મેદાન બહાર લઈ જવાની જવાબદારી સોંપાઈ હતી'

ઉષાને આઈસહોકી એસોસિએશનને નોમિનેટ કર્યા હતા

પી.ટી. ઉષાને રાહત : ભારતીય ઓલિમ્પિક સંઘમાં મતદાર તરીકે જારી રહી શકશે

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય ઓલિમ્પિક સંઘની પાંચમી ડિસેમ્બરે યોજાનારી ચૂંટણીમાં આઈસ હોકી એસોસિએશન ઓફ ઈન્ડિયાના મહિલા પ્રતિનિધિ તરીકે મતાધિકાર મેળવનારા ભારતના લેજન્ડ એથ્લીટ પી.ટી. ઉષાને રાહત મળી છે. ઉષા હાલમાં ભારતીય ઓલિમ્પિક સંઘના અધ્યક્ષ છે અને તેમને આઈસહોકી એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલા નોમિનેશનની સામે નોંધાવવામાં આવેલા વિરોધને ચૂંટણી અધિકારીએ નકારી કાઢ્યો છે.

પી.ટી.ઉષા અને સેક્રેટરી જનરલ હરજીંદર સિંઘ આઈસ હોકી એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિ તરીકે ભારતીય ઓલિમ્પિક સંઘની ચૂંટણીમાં મત આપી શકશે. આ કારણે ઉષા ફરી વખત પ્રમુખ બનવા માટે ઉમેદવારી પણ નોંધાવી શકશે. અગાઉ એવો દાવો કરવામાં આવ્યો હતો કે, પી.ટી. ઉષા આઈસ હોકી એસોસિએશન ઓફ ઈન્ડિયાના સભ્ય નથી. જે પછી ચૂંટણી અધિકારીએ આઈસ હોકી એસોસિએશનની પાસે સ્પષ્ટતા માંગી હતી અને તેમની રજુઆત તેમજ ભારતીય ઓલિમ્પિક સંઘના બંધારણને ધ્યાનમાં લીધા બાદ ઉષાની સામેના વિરોધને નકારી કાઢ્યો હતો. અગાઉ ઉષા મહિલા સ્પોર્ટ્સપર્સન્સ ઓફ મેરિટ (એસઓએમ)ની ચૂંટણીમાં હારી જતાં ભારતીય ઓલિમ્પિક સંઘની ચૂંટણીમાં મતાધિકાર મેળવી શક્યા નહતા. જે તેમણે રાષ્ટ્રીય ફેડરેશનના પ્રતિનિધિ તરીકે હાંસલ કર્યો છે.



ચૂંટણી અધિકારીએ નોમિનેશન સામે વિરોધને નકારી કાઢતા હવે ઉષા ફરી ચૂંટણી લડે તેવી શક્યતા


ડબલ્યુ૩૦ મેરી પિન્ટેરોવા કપ

માસ્ટર્સ ટેનિસ : વર્લ્ડ ટીમ ચેમ્પિયનશિપમાં ભારતનો આયરલેન્ડ સામે ૨-૧થી વિજય




અમદાવાદ : ટોક્યો ખાતે યોજાઈ રહેલી ડબલ્યુ ૩૦ વર્લ્ડ ટેનિસ માસ્ટર્સ વર્લ્ડ ટીમ ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ વૈભવી ત્રિવેદી (કેપ્ટન), ચેતના ચુબદાર, પ્રીતિ ઉજ્જિની અને સંજન જૈન કરી રહ્યા છે. વૈભવી ત્રિવેદીએ આયર્લેન્ડ સામેની પ્રથમ સિંગલ્સ મેચ ૬-૨, ૬-૦થી જીતીને ભારતને ૧-૦ની સરસાઈ અપાવી હતી. બીજી સિંગલ્સ મેચમાં પ્રીતિનો ૪-૬, ૨-૬થી પરાજય થયો હતો. ભારત અને આયર્લેન્ડ વચ્ચેની ટાઈમાં નિર્ણાયક ડબલ્સ મેચમાં ભારતે ૬-૩, ૭-૫થી જીત મેળવી હતી. ભારતને ગ્રૂપસી માં ત્રીજો સીડ ધરાવતા ગ્રેટ બ્રિટન, આર્જેન્ટિના અને આયર્લેન્ડ સાથે છે. આ ચેમ્પિયનશિપમાં કુલ ૧૧ દેશો ભાગ લઈ રહ્યા છે.

મેસીની નિવૃત્તિ બાદની પ્રથમ મેચમાં આર્જેન્ટીના હાર્યું બ્રાઝિલનો વિવાદિત મેચમાં જાપાન સામે પરાજય



બ્યુનોસ એયર્સ/સિંગાપોર : ફૂટબોલ લેજન્ડ લિઓનેલ મેસીની નિવૃત્તિ બાદની પ્રથમ મેચમાં આર્જેન્ટીનાને ૧-૨થી ઉરુગ્વે સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. બ્યુનોસ એયર્સમાં રમાયેલી ફ્રેન્ડલી મેચમાં આર્જેન્ટીનાના બાલેર્ડિના સેલ્ફ ગોલને કારણે ઉરુગ્વેને સરસાઈ મળી હતી. આ પછી મેક્સી એરાઉજોએ ઉરુગ્વેની સરસાઈ બેવડાવી હતી. ઉરુગ્વે નવા હેડ કોચ અને દિગ્ગજ સ્ટાર ફોર્લાનની આગેવાનીમાં રમી રહ્યું હતુ. આર્જેન્ટીના તરફથી જુલિયનઅલ્વારેઝે એક માત્ર ગોલ કર્યો હતો. દરમિયાનમાં સિંગાપોરમાં રમાયેલી મેચમાં જાપાને કુબો, નાકામુરા અને સાકામોટોના ગોલની મદદથી ૩-૨થી બ્રાઝિલની ટીમને હરાવી હતી. બ્રાઝિલ તરફથી વિનિસિઅસ જુનિયરે બે ગોલ ફટકાર્યા હતા. જોકે મેચના આખરી તબક્કામાં તનાવ સર્જાયો હતો અને સિંગાપોરના રેફરી જાન્સેન ફોઓએ બ્રાઝિલિના કેપ્ટન રાફિન્હા અને હેડ કોચ એન્સેલોટ્ટીને રેડકાર્ડ દેખાડ્યા હતા.



રોનાલ્ડોની નિવૃત્તિ પછીની પ્રથમ મેચમાં પોર્ટુગલનો ૧-૪થી ડેનમાર્ક સામે પરાજય

હાલેન્ડનો ૬૬મો ગોલ : નોર્વેએ ૩-૧થી વેલ્સને હરાવ્યું

લિસ્બન : ફૂટબોલ જગતના દિગ્ગજ સુપરસ્ટાર ક્રિસ્ટીયાનો રોનાલ્ડોએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં પોર્ટુગલને આગવી ઓળખ અપાવી હતી. તેની નિવૃત્તિ બાદની પહેલી જ મેચમાં પોર્ટુગલને તેના કરતાં લો-રેન્ક ધરાવતી ડેનમાર્કની ટીમ સામે ૧-૪થી નાલેશ

એટીસીની સૂચના છતાં યુપીએસનું કાર્ગો વિમાન આગળ વધ્યું

માયામી એરપોર્ટ પર બે વિમાનો અથડાયાં : બેને ઈજા, ૧૭૨નો બચાવ

મિયામી, તા.૧૫

અમેરિકાના માયામી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શનિવારે રાત્રે ટેક્સીંગ દરમિયાન કોપા એરલાઈન્સના પેસેન્જર વિમાન અને યુપીએસના કાર્ગો વિમાન વચ્ચે ટક્કર થતાં બે લોકોને સામાન્ય ઈજા થઈ હતી. અમેરિકાના ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ)એ ઘટનાની તપાસ શરૂ કરી છે. પ્રાથમિક વિગતો અને એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી)ના ઓડિયો પરથી જાણવા મળ્યું છે કે કાર્ગો વિમાનના પાઈલટને પેસેન્જર વિમાનને રસ્તો આપવા સૂચના અપાઈ હોવા છતાં અકસ્માત થયો હતો.

કોપા એરલાઈન્સના વિમાનની પાંખ જ્યારે કાર્ગો વિમાનનું નાક તૂટ્યા : પાઈલટ અને એટીસી વચ્ચે તણાવપૂર્ણ સંવાદ

પનામા સિટીથી આવેલા કોપા એરલાઈન્સના બોઈંગ ૭૩૭ વિમાનમાં ૧૬૬ મુસાફરો અને છ ક્રૂ સભ્યો સહિત કુલ ૧૭૨ લોકો સવાર હતા. બીજી તરફ યુપીએસનું બોઈંગ ૭૬૭ વિમાન બોગોટા જવા માટે રવાના થવાની તૈયારીમાં હતું. બંને વિમાનો ટેક્સીવેના માર્ગ પર નજીક આવતાં કોપા વિમાનની પાંખની ટોચ યુપીએસ વિમાનના નાક સાથે અથડાઈ હતી.



અકસ્માત બાદ કોપાના પાઈલટે કંટ્રોલ ટાવરને કહ્યું હતું કે કોઈએ તેમના વિમાનને ટક્કર મારી છે. યુપીએસના પાઈલટે પણ અથડામણ થયાની કબૂલાત કરતાં કહ્યું હતું કે તેઓ વધુ આગળ નીકળી ગયા હતા અને બીજા વિમાનની પાંખ તેમની સાથે અથડાઈ હતી.

કોપાના પાઈલટે વિમાનની ડાબી પાંખની ટોચ તૂટી ગઈ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. માયામી-ડેડ ફાયર રેસ્ક્યૂએ બે ઈજાગ્રસ્તોને સ્થળ પર જ સારવાર આપી હતી. બંનેને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી નહોતી.

કોપાના તમામ મુસાફરો અને ક્રૂ ને સુરક્ષિત રીતે વિમાનમાંથી ઉતારવામાં આવ્યા હતા. બંને એરલાઈન્સે તપાસમાં સહકાર આપવાની ખાતરી આપી છે. નોંધનીય છે કે આ ઘટના અમેરિકામાં શુક્રવારે થયેલા દેશવ્યાપી ખરાબ ગ્રાઉન્ડ સ્ટોપના એક દિવસ બાદ બની હતી. જોકે બંને ઘટનાઓ વચ્ચે કોઈ સંબંધ હોવાની પુષ્ટિ થઈ નથી.

પરભણીની માનસિક અસ્વસ્થ મહિલા સિંધુદુર્ગના આશ્રમમાં પહોંચી હતી

અઢી વર્ષથી ગુમ મહિલાનું એઆઈ-ગૂગલ સર્ચની મદદથી પરિવાર સાથે પુનર્મિલન

(પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ, તા.૧૫

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને ગૂગલ સર્ચ જીવનમાં સમય વેડફવાનું જ નહીં તો તેના સાચા ઉપયોગથી કોઈનું જીવન સુધારવાનું પણ કામ કરી શકે છે, તેનું તાજું ઉદાહરણ હાલ મહારાષ્ટ્રમાં જોવા મળ્યું છે. એઆઈ અને ગૂગલ સર્ચની મદદથી અઢી વર્ષથી પરિવારથી વિખૂટી પડેલી ૪૫ વર્ષીય મહિલાનું આખરે સ્વજનો સાથે પુનર્મિલન થયું છે.

મહિલા સાથે સતત વાતચીત બાદ સભ્યોએ ચેટજીપીટી અને પોલીસની મદદથી તેના પરિવારનો પત્તો મેળવ્યો

મહારાષ્ટ્રના પરભણી જિલ્લાની જુલેખા મુખીદ શેખ માનસિક અસ્વસ્થતાની સ્થિતિમાં ઘરેથી ગુમ થઈ ગઈ હતી. ૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ તેને સિંધુદુર્ગ જિલ્લાના પાંડુર સ્થિત 'સંવિતા આશ્રમ'માં દાખલ કરવામાં આવી હતી. મુંબઈની કુર્લા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશ બાદ તેની સંભાળની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જુલેખાના પરિવારને શોધવાનું અભિયાન 'જીવન આનંદ સંસ્થા'ના ટ્રસ્ટી કિસાન ચૌરે અને તેમની ટીમે હાથ ધર્યું હતું. ટીમના સભ્યો જુલેખા સાથે નિયમિત વાતચીત કરીને તેના વતન અને પરિવાર વિશે માહિતી મેળવવાનો પ્રયાસ કરતા હતા.

આ દરમિયાન મળેલા સંકેતોના આધારે શોધખોળ આગળ વધારવામાં આવી હતી. ત્યારબાદ ગૂગલ સર્ચ અને ચેટજીપીટીની મદદથી તેના વતનને શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સ્ટારશિપ રોકેટ

(પહેલા પાનાનું ચાલુ)

મેક્સિકોની ખાડીના નિર્ધારિત વિસ્તાર તરફ ફંટાયું હતું. સમુદ્રની સપાટી પર થોડી ક્ષણો સ્થિર રહ્યા બાદ, તેની 'ફ્લાઇટ ટર્મિનેશન સિસ્ટમ' સક્રિય થતા બૂસ્ટર વિસ્ફોટ સાથે નષ્ટ થયું હતું.

બૂસ્ટરથી અલગ થયા બાદ સ્ટારશિપનું અપર સ્ટેજ ('શિપ ૪૨') સફળતાપૂર્વક પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં પહોંચ્યું હતું. લોન્ચિંગની આશરે ૩૬ મિનિટ બાદ યાનમાંથી ૨૬ અત્યાધુનિક 'સ્ટારલિંક વી-૩ સેટેલાઇટ્સને ભ્રમણકક્ષામાં તરતા મૂકવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. સ્પેસએક્સના જણાવ્યા અનુસાર, દરેક વી-૩ સેટેલાઇટ ગ્લોબલ ઇન્ટરનેટ નેટવર્કમાં ૧ ટેરાબિટની ક્ષમતા ઉમેરે છે. આ એક જ મિશનમાં મોકલવામાં આવેલો પેલોડ ફાલ્કન-૯ રોકેટના ૧૦ લોન્ચિંગ દ્વારા મોકલાતા વી-૨ મિની' સેટેલાઇટ્સની કુલ ક્ષમતા બરાબર છે. સેટેલાઇટ્સ છોડ્યા બાદ સ્ટારશિપે, પૃથ્વીની ૧૪ પ્રદક્ષિણા પૂર્ણ કરી હતી. આ દરમિયાન ફ્લાઇટ કંટ્રોલર્સે પૃથ્વીના વાતાવરણમાં પુનઃપ્રવેશ પહેલા, યાનની હીટ શીલ્ડ અને અન્ય મહત્વપૂર્ણ સિસ્ટમ્સની ઝીણવટભરી ચકાસણી કરી હતી.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

થોડા દિવસો પહેલા એનસીપીના કેટલાક નેતાઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળવા ગયા હતા. આ મુલાકાત પછી એનસીપી (અજીત પવાર)ના પ્રમુખ સુનેત્રા પવારએ તમામ ધારાસભ્યોને મળવા બોલાવ્યા હતા. એનસીપીના બંને જૂથોના સિનિયર નેતાઓ ઇચ્છે છે કે ભાજપને ટેકો આપવાને બદલે બંને જૂથો ફરીથી એક થઈ જાય.

રાહુલ ગાંધીનો આરોપ, ગીગ વર્કર્સને ભાજપ વેઠિયા મજૂર બનાવવા માંગે છે

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી હૈદ્રાબાદની મુલાકાતે ગયા હતા. એમણે હૈદ્રાબાદની ગીગ વર્કર્સની બાઇક રેલીમાં ભાગ લીધો હતો. તેઓ એક ગીગ વર્કરની બાઇક પાછળ બેસીને રેલીમાં પહોંચ્યા હતા. હૈદ્રાબાદમાં આયોજીત આ બાઇક રેલી શિલ્પકલા રેડીકાથી શરૂ થઈ હતી. હૈદ્રાબાદ જઈને રાહુલ ગાંધીએ 'તેલગાણા ગીગ વર્કર્સ સોશ્યલ સીક્યુરીટી એન્ડ વેલફેર સ્કીમ'નો આરંભ કરાવ્યો હતો. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગીગ વર્કર્સને સામાજીક સુરક્ષા આપવાનો અને એમના ભવિષ્ય સુધારવાનો છે. રાહુલ ગાંધીએ ગીગ વર્કર્સ સાથે બેઠક કરી હતી. ગીગ વર્કર્સએ એમની તકલીફો અને દુઃખ જણાવ્યા હતા. રાહુલે ગીગ વર્કર્સને વચન આપ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ એમની તમામ માંગણીઓ મંજૂર કરશે અને ભાજપ જે રીતે ગીગ વર્કર્સને વેઠિયા મજૂર બનાવવા માંગે છે એ થવા દેશે નહીં.

માતાના અંતીમ સંસ્કાર માટે રવી પુજારી જેલની બહાર

અંડરવર્લ્ડમાં મોટુ નામ ગણાતા રવી પુજારીને ભારે પોલીસ બંદોબસ્ત હેઠળ માલપે સ્થિત એમના વતનના ઘરે લાવવામાં આવ્યો હતો. માતાના અંતીમ સંસ્કાર માટે એને જેલની બહાર કાઢવામાં આવ્યો હતો. કોર્ટે અંતીમ સંસ્કાર માટે જેલની બહાર જવાની અનુમતી એને આપી હતી. બેંગ્લુરુથી વતન લાવવા માટે જેલ પ્રશાસન અને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસએ સીક્યુરીટીની વ્યવસ્થા કરી હતી. ઉડુપી જેલમાં રવી પુજારી કેદ હતો એટલે ત્યાના સુરક્ષા કર્મચારીઓ જ એના બંદોબસ્તમાં હતા. કોર્ટના હુકમ પ્રમાણે પોલીસ સુરક્ષાનો સંપૂર્ણ ખર્ચ રવી પુજારીએ ભોગવવો પડશે. અંતીમ સંસ્કાર પુરા થયા પછી ફરીથી એને જેલ ભેગો કરવામાં આવ્યો હતો. રવી પુજારીના ૮૬ વર્ષના માતા સુશીલા પુજારીને હાર્ટ એટેક આવવાથી એમનું મૃત્યુ થયું હતું.

દેશ અને દુનિયામાં ડાયાબીટીસ વધુ ઘાતક બની રહ્યો છે

ભારતમાં લગભગ ૩.૮૬ કરોડ લોકોને ખબર નથી કે એમને ડાયાબીટીસ થયો છે. કોઈપણ જાતની જાણકારી વગર તેઓ આ બીમારી સાથે જીવી રહ્યા છે અને કોઈ ટ્રીટમેન્ટ લેતા નથી. ચિંતા ફક્ત એટલી નથી કે દેશમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે, પરંતુ આ બિમારીને કારણે દેશની અર્થવ્યવસ્થા પર પણ બોજો વધી રહ્યો છે. થયેલા એક આંતરરાષ્ટ્રીય અભ્યાસ પ્રમાણે ૨૦૨૦થી ૨૦૫૦ની વચ્ચે ડાયાબીટીસને કારણે ભારતને લગભગ ૧૧.૪ ટ્રીલીયન ડોલર (૧૦૫૪.૫૬ લાખ કરોડ રૂપિયા)નું આર્થિક નુકશાન થઈ શકે છે. આ અંદાજમાં સારવાર અને બીમારીને કારણે કામકાજ પર થતી અસર તેમજ દર્દીઓની સારસંભાળ રાખનાર કુટુંબીજનોનો સમય અને કમાણીના નુકસાનનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય ડાયાબીટીસ ફેડરેશનના આંકડા પ્રમાણે ભારતમાં ૨૦ થી ૭૯ વર્ષની ઉંમરના લગભગ ૮.૯૮ કરોડ ડાયાબીટીસ દર્દીઓ છે.

વિવાદાસ્પદ જસ્ટીસ કર્ણનનું અવસાન

મદ્રાસ અને કલકત્તાના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટીસ સી એસ કર્ણન તામિલનાડુના કુડ્ડાલોર જિલ્લામાં ૧૨મી જુન ૧૯૫૫ને જન્મેલા કર્ણન એ ૧૯૮૪માં વકીલાત શરૂ કરી હતી અને ૨૦૦૯ના વર્ષમાં મદ્રાસ હાઇકોર્ટમાં જજ બન્યા હતા. તેઓ પોતાના ચુકાદા કરતા બીજા ન્યાયાધીશોના આક્ષેપો, અભૂતપૂર્વ સંઘર્ષ અને કોર્ટની અવમાનનાને કારણે જેલમાં જનાર પહેલા જજ તરીકે જાણીતા રહ્યા હતા. વિવાદોની શરૂઆત મદ્રાસ હાઇકોર્ટમાં એમના પહેલા કાર્યકાળ દરમિયાન થઈ હતી. એમણે આરોપ મૂક્યો હતો કે દલીત હોવાને કારણે ન્યાયતંત્રમાં એમની સાથે ભેદભાવ રાખવામાં આવે છે. ૨૦૧૪માં તત્કાલીન ચીફ જસ્ટીસની કોર્ટમાં સુનાવણી દરમિયાન પણ એમણે હંગામો કરીને જજોની નિમણૂકમાં ગરબડ થતી હોવાનો આક્ષેપ કર્યો હતો. સૌથી મોટું બંધારણીય સકટ ૨૦૧૭માં આવ્યું હતું જ્યારે એમણે વડાપ્રધાનને પત્ર લખીને સુપ્રિમ તેમજ હાઇકોર્ટના ૨૦ ન્યાયાધીશો વિરુદ્ધ ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો હતો.

બિશ્નોઈ ગેંગ માટે કામ કરતા ગેંગસ્ટરની કેરલમથી ધરપકડ

કુખ્યાત લોરેન્સ ગેંગ સાથે સંબંધ રાખવાના આરોપમાં પલક્કડ જિલ્લાની ૨૭ વર્ષની એક વ્યક્તિને પકડવામાં આવી છે. આ વ્યક્તિ પાસે મુંબઈના ફિલ્મસ્ટારોના ફોટોગ્રાફસ હતા. આ ફોટોગ્રાફસ લોરેન્સ બિશ્નોઈ ગેંગના બીજા સાથીએ પહોંચાડ્યા હતા. આરોપી ગુરુમૂર્તિ તમિલનાડુનો રહેવાસી છે. ત્રિશુર સીટી પોલીસની એક ટીમે એની ઓટ્ટાપાલમ ખાતેથી ધરપકડ કરી હતી. ગુરુમૂર્તિ દૂધના બુથ પર કામ કરતો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે ઓટ્ટાપાલમ આવતા પહેલા ગુરુમૂર્તિ મુંબઈ, મહારાષ્ટ્રના ભરત કોંદીવલી વેસ્ટ વિસ્તારમાં રહેતો હતો. પોલીસને જાણકારી મળી હતી કે બિશ્નોઈ ગેંગના કેટલાક લોકો કેરલમમાં છૂપાયા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ગુરુમૂર્તિ મુંબઈમાં વસુલીનું કામ કરતો હતો. ગુરુમૂર્તિ મુંબઈમાં ફોટોગ્રાફર તરીકે કામ કરતો હોવાનું પણ કહેવાય છે.

શતાબ્દી એક્સપ્રેસમાં એક બેન્ડેજ માટે ટીટીએ માગ્યા ૨૦૦ રૂપિયા

માનવું મુશ્કેલ છે કે શતાબ્દી એક્સપ્રેસ જેવી પ્રિમિયમ ટ્રેનમાં ઓન બોર્ડિંગ સ્ટાફ પાસે બેન્ડેજ નહીં હોય. આ ટ્રેન લાંબા સ્ટોપેજ વચ્ચે ચાલે છે. ટ્રેનમાં એક મહિલાના હાથમાં ઈજા થઈ ત્યારે એના સાથી પેસેન્જરે સ્ટાફ પાસે બેન્ડેજ માંગ્યું. આ બેન્ડેજ માટે એણે આગલા સ્ટેશને ૨૦૦ રૂપિયા આપવાનું કહેવામાં આવ્યું હતું. ત્યાર પછી સાથી પેસેન્જર ટીટીઈ અથવા ગાર્ડની બોગીમાંથી બેન્ડેજ મંગાવ્યું હતું ત્યારે એમણે કહ્યું હતું કે એમની પાસે બેન્ડેજ નથી. પેસેન્જરે ત્યાર પછી રેલવેની હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી ત્યાર પછી ટીટીઈ ઈજા જોઈને કહ્યું હતું કે, ઈજા કઈ એટલી ગંભીર નથી. ટીટીએના કહેવા પ્રમાણે આગલા સ્ટેશન પર મેડીકલ આસીસ્ટન્ટ મળશે પરંતુ એને માટે એમણે ૨૦૦ રૂપિયા આપવા પડશે. જાણકારોના કહેવા પ્રમાણે ૧૯૮૯થી ટ્રેનમાં ડોક્ટરીય મદદની ફી ૨૦ રૂપિયા હતી જે ૨૦૧૮માં વધારીને ૧૦૦ રૂપિયા કરવામાં આવી હતી.

નોકરી વિષયક

ટચુકડી જાહેરખબર

સ્ટાફ

જનરલ

જોઈએ છે બેન્કિંગ અને ફાયનાન્સ એક્ઝિક્યુટિવ અમદાવાદ સ્થિત રિયલ એસ્ટેટ ગ્રુપ માટે બેન્કિંગ કામગીરી, લોન સંબંધિત દસ્તાવેજીકરણ અને ફાયનાન્સના કામકાજનો 3 થી 8 વર્ષનો અનુભવ ધરાવતા લાયક ઉમેદવારની જરૂર છે. CV -મો: 9316108707 /Email કરો. harshil.joshi@thecitygoldgroup.com

જોઈએ છે ફિલ્ડ વર્કર અમદાવાદમાં બેંકિંગ વેરિફિકેશન કાર્ય માટે, મોબાઈલ, બાઇક + ગ્રેજ્યુએશન જરૂરી (મહત્તમ ઉંમર - 40 વર્ષ) કૉલ-9257056211 (કૉલ સમય: 11 -7)

જનરલ

ડ્રાઈવર

જોઈએ છે ડ્રાઈવર, સેટેલાઈટ એરિયા માટે ઉં. 35 થી ઉપર, પરણેલા અનુભવ- 10 વર્ષ, Local અને બહારગામ માટે પગાર મીનીમમ- 22,000/- Whatsapp- 9328994101

અર્ધ સૈનિક દળો ઉપરાંત ત્રણ પ્રકારના દળો તૈનાત

બાંગ્લાદેશમાં કપડા-ઉદ્યોગના કામદારો ફરી સડકો પર ઊતર્યા

ઢાકા,તા.૧૫

બાંગ્લાદેશના કપડા ઉદ્યોગના માથે ફરી એક વાર મજદૂરોનું આંદોલન તેજ થઈ ગયું છે. ગારમેન્ટ ફેક્ટરીઓના કર્મચારીઓએ પગાર વધારાની માગણી સાથે રવિવારે અનેક ઔદ્યોગિક વિસ્તારોમાં દેખાવો કર્યા. તાજા વિરોધની વચ્ચે ૧૩ ગારમેન્ટ ફેક્ટરીઓને અનિશ્ચિત સમય સુધી બંધ કરી દેવાઈ, જ્યારે પાંચ અન્ય ફેક્ટરીઓમાં એક દિવસની રજા જાહેર કરાઈ. ફેક્ટરી માલિકોએ જણાવ્યું કે દેખાવોથી ઔદ્યોગિક ક્ષેત્રમાં કુલ ૫૦ ફેક્ટરીઓના કામકાજને અસર પહોંચી થઈ છે.

ગારમેન્ટ સેક્ટરમાં પગાર વધારીને ૩૦,૦૦૦ ટાકા કરવાની માગણી

રાજધાની ઢાકાની પાસેના ગાજીપુરના કોનાબાડી અને મૌચક વિસ્તારોમાં મજૂરો સડકો પર આવી ગયા. પોલીસે એમને વિખેરવા માટે ટીયરગેસ અને સાઉન્ડ ગ્રેનેડનો ઉપયોગ કર્યો. સવારે ૮.૩૦ના સુમારે શરૂ થયેલા આ દેખાવો પછી આસપાસની અન્ય ફેક્ટરીઓના કર્મચારીઓ પણ સડકો પર મોટી સંખ્યામાં આવ્યા, જેના પરિણામે વહીવટીતંત્રે અનેક કારખાના બંધ કરવા પડ્યા. સવારે અલગ-અલગ સ્થળોએ ભેગા થવાની મજૂરોની કોશિશને સુરક્ષા બળોએ નિષ્ફળ બનાવી.

ઔદ્યોગિક વિસ્તારોના સંવેદનશીલ ગણાતા સ્થળોએ પોલીસ દળોને મોટી સંખ્યામાં તૈનાત કરાયા છે. કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિને સંભાળવા માટે બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બીજીબી)એ અર્ધ સૈનિક દળોની ૧૩ પ્લાટૂન તૈનાત કર્યા છે. તદુપરાંત, રમખાણ નિયંત્રણ પોલીસ, સ્પેશ્યલ રિસ્પોન્સ બટાલિયન, અને અન્સાર બટાલિયનના જવાનો પણ સુરક્ષામાં તૈનાત છે. ૨૫ કાર્યકારી મેજિસ્ટ્રેટોને પણ જવાબદારી સોંપાઈ છે.

બાંગ્લાદેશમાં ગારમેન્ટ ક્ષેત્રના મજૂરો છેલ્લા કેટલાક સપ્તાહોથી લઘુત્તમ માસિક વેતન દર ૧૨,૫૦૦ ટાકાથી વધારીને ૩૦,૦૦૦ ટાકા દર કરવાની માગણી કરી રહ્યા છે. એમના મતાનુસાર, ખાદ્ય પદાર્થો, મકાન ભાડા, પરિવહન તથા આરોગ્ય-સેવાઓનો ખર્ચ સતત વધી રહ્યો છે, જેના પ્રમાણમાં એમની આવક વધી નથી.સરકારે ૧ નવેમ્બરે લઘુત્તમ વેતન બોર્ડની રચના કરી છે, જેની પ્રથમ બેઠકમાં નવેમ્બરના અંત સુધીમાં નવી વેતન વ્યવસ્થાની ભલામણોને અંતિમરૂપ આપવા માટે સંમતિ સધાઈ હતી. આવતીકાલે સોમવારે બોર્ડની દ્વિતીય બેઠક યોજાશે. જેમાં બાંગ્લાદેશ ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એન્ડ એક્સપોર્ટર્સ એસોસિએશનના પ્રતિનિધિ પણ એમની માગણીઓ અને પ્રસ્તાવ મૂકશે.

યુદ્ધ પૂર્વે રચેલી સુરંગોમાં શસ્ત્રો બનાવાય છે

ઈરાન પાસે હજી પણ ૨૫૦૦થી વધુ મિસાઈલ્સ છે

નવી દિલ્હી, તા. ૧૫

ઈરાન પાસે અત્યારે પણ ડ્રોન્સ અને ટૂંકા અંતરના મિસાઈલ્સનો ભંડાર છે તે દ્વારા તે ખાડી ક્ષેત્ર સ્થિત અમેરિકી સૈન્ય મથકો, રડાર સીસ્ટીમ અને અર્લિ-વોર્નિંગ-સીસ્ટીમને સતત નિશાન બનાવી રહ્યું છે.અમેરિકા અને ઈઝરાયલના પ્રચંડ હુમલાઓ છતાં ઈરાને હાર માની નથી. છેલ્લાં આંકલન પ્રમાણે ઈરાને યુદ્ધ શરૂ થયું તે પહેલાં જમીનમાં ઊંડે ઊંડે રચેલી સુરંગોમાં ગુપ્ત રીતે મિસાઈલ્સ અને ડ્રોન્સ બનાવી રહ્યું છે.

ખાડી ક્ષેત્રમાં રહેલા અમેરિકી સૈન્ય મથકો, રડાર અને અર્લી-વોર્નિંગ-સીસ્ટમ નિશાન પર છે

આ રીપોર્ટ દર્શાવે છે કે, અમેરિકાએ તેવો દાવો કર્યો છે કે, ઈરાનની યુદ્ધ શક્તિ લગભગ ખત્મ થઈ ગઈ છે. તે દાવો તદ્દન ખોટો ઠરે છે. એપ્રિલમાં અમેરિકાએ ઓપરેશન 'એપિક ફ્યુરી' હાથ ધર્યા પછી વ્હાઈટ હાઉસે દાવો કર્યો હતો કે, ઈરાનની ૮૫ ટકા જેટલી સંરક્ષણ ઉદ્યોગ ફેક્ટરી ખતમ કરી નાંખી છે, તેની બેલાસ્ટિક મિસાઈલ્સ બનાવવાની ક્ષમતા પણ ખતમ કરી નાખી છે. પરંતુ હવે અમેરિકી અધિકારીઓ જ કહે છે કે યુદ્ધ પહેલાના પ્રમાણમાં ઉત્પાદન ભલે ધીમું થયું હોય તેમ છતાં તેનું મિસાઈલ્સ અને ડ્રોન્સ ઉત્પાદન ચાલુ જ છે.

ઈરાન પાસે અત્યારે પણ ટૂંકા અંતરનાં મિસાઈલ્સ અને ડ્રોન્સનો ભંડાર છે, તેથી તે ખાડી ક્ષેત્રમાં રહેલા અમેરિકી સૈન્ય મથકો, રેડાર સીસ્ટીમ્સ અને અર્લિ-વોર્નિંગ-સીસ્ટીમ્સને નિશાન બનાવે છે. આથી અમેરિકાની સૈન્ય સંપત્તિઓને ભારે નુકસાન પહોંચ્યું છે. તેથી અમેરિકાને પોતાના મહત્વનાં ઉપકરણો ગલ્ફ એરિયામાંથી ફેરવીને ઈઝરાયલ શિફ્ટ કરવા પડ્યાં છે. કારણ કે અમેરિકા અને ઈઝરાયલ બંને ઈઝરાયલને પ્રમાણમાં વધુ સલામત માને છે.

મૂળ મુદ્દો તે છે કે વાસ્તવમાં ઈરાન પાસે કેટલાં મિસાઈલ્સ છે, તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. જાસૂસી સંસ્થાઓ પણ તે જાણી શકી નથી. તહેરાન પોતાની લશ્કરી તાકાતને ગુપ્ત રાખે છે, તે જુદા જુદા નિર્માતાઓ દ્વારા મિસાઈલ્સના જુદા જુદા ભાગ બનાવડાવે છે પચી ભૂગર્ભમાં રખાયેલાં બોગદામાં તે એસેમ્બલ કરે છે.

અમેરિકન

(પહેલા પાનાનું ચાલુ)

ઓડિટ કરવામાં આવ્યું હતું, જે ૨૦૨૧માં હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે ૨૦૨૨માં બે વખત રિવ્યૂ હાથ ધરાયો હતો.

ગયા વર્ષે અમદાવાદમાં એર ઇન્ડિયાનું વિમાન ક્રેશ થતા ૨૬૦ લોકો માર્યા ગયા હતા. આ વર્ષે હેલિકોપ્ટરના અકસ્માતોની કેટલીક ઘટનાઓ સામે આવી છે. એવા સમયે અમેરિકાની એજન્સી ભારતમાં ઉડ્ડયન ક્ષેત્રે ઓડિટ કરવા માટે આવી રહી છે. જાન્યુઆરી ૨૦૧૪માં ભારતને કેટેગરી ૨માં મુકવામાં આવ્યો હતો. બાદમાં તેમાં સુધારો થયો અને ૨૦૧૫માં કેટેગરી એકમાં પહોંચ્યો હતો.

યુએનમાં મૃત્યુદંડ

(પહેલા પાનાનું ચાલુ)

પર પ્રતિબંધની તરફેણમાં હોવાથી બહુમતથી આ પ્રસ્તાવ પસાર થઈ ગયો હતો. ભારતે આ પ્રસ્તાવનો વિરોધ કરતા દલીલ કરી કે આંતરરાષ્ટ્રીય કાયદા કેટલીક શરતો સાથે મૃત્યુદંડની સજાને મંજૂરી આપે છે. જોકે, યુએનજીએમાં આ પ્રસ્તાવ પાસ થવાનો અર્થ એ છે કે સંયુક્ત રાષ્ટ્રે સરકારોને તેમના દેશોમાં મૃત્યુદંડની સજા ખતમ કરવા અપીલ કરી છે.

મૃત્યુદંડના અમલ પર રોક શીર્ષક ધરાવતા આ પ્રસ્તાવમાં વિશ્વના તમામ દેશોને ફાંસીની સજા પર કામચલાઉ પ્રતિબંધ મૂકવાની અપીલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવનો હેતુ ભવિષ્યમાં મૃત્યુદંડની સજા સંપૂર્ણપણે નાબૂદ કરવાનો છે. જે દેશોએ મૃત્યુદંડ નાબૂદ કર્યો તેમને પણ ફરીથી આ સજા અમલમાં ન મુકવાની વિનંતી કરવામાં આવી હતી. જો કે દરેક દેશને પોતાની કાયદાકીય વ્યવસ્થા નક્કી કરવાનો અધિકાર માન્ય રાખવામાં આવ્યો છે.

પ્રસ્તાવમાં વર્ષ ૨૦૨૫ દરમ્યાન વિશ્વભરમાં ફાંસીની સજાના નોંધાયેલા કિસ્સાઓમાં થયેલા નોંધપાત્ર વધારા બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ઉપરાંત ૧૮ વર્ષથી ઓછી વયે અપરાધ કરનાર વ્યક્તિઓને મૃત્યુદંડ ન આપવાની ભલામણ કરવામાં આવી હતી. ગુના સમયે વ્યક્તિની વય નક્કી ન થઈ શકે તેવા કિસ્સાઓમાં પણ આ જ સુરક્ષા આપવાની વાત કરવામાં આવી હતી.

ઉપરાંત ગર્ભવતી મહિલાઓ, માનસિક અથવા બૌદ્ધિક અક્ષમતા ધરાવતા લોકો અને વૃદ્ધોને મૃત્યુદંડ આપવાની મર્યાદા નક્કી કરવાની ભલામણ કરાઈ હતી. મૃત્યુદંડને પાત્ર અપરાધોની યાદી ઘટાડવા તેમજ ફરજિયાત મૃત્યુદંડની જોગવાઈઓ દૂર કરવા પણ સૂચવાયું હતું. ભારત સહિત વિરોધ કરનારા દેશોએ પોતાની કાયદાકીય વ્યવસ્થામાં મૃત્યુદંડ જાળવી રાખવાનું વલણ અપનાવ્યું છે. આ મતદાનથી મૃત્યુદંડ બાબતે વૈશ્વિક મતભેદ ફરી ચર્ચામાં આવ્યો છે.

TORRENT POWER

ટોરેન્ટ પાવર લિમિટેડ
નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાભર્યો વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવિલ સબસ્ટેશનો માંથી વીજ પૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૮:૦૦ થી બપોરના ૨:૦૦ કલાક દરમ્યાન આશરે ત્રણ કલાક માટે વીજ પૂરવઠો બંધ થશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસૂચિત સમય પહેલા વીજ પુરવઠો પુનઃ કાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

તા.૧૮-૧૧-૨૦૨૬ બુધવાર (૧) બરસાણા-TR - આર.ટી.ઓ. (૨) **સોમેશ્વર પાર્ક-TR , સુવર્ણા એપાર્ટમેન્ટ-TR** - રાણીપ (૩) **અક્ષર જ્યોત-SS, આમ્ર કદમ-SS, નિકુંજ (ઇસરો)-SS, મૂર્વનુય-પીએઠી, અક્ષત (સેટેલાઇટ)-SS** - રામદેવનગરથી સેટેલાઇટ રોડ (૪) **સાર્થક ટાવર (સુકોમલ)-SS** - રામદેવનગર (૫) **ત્રિમૂર્તિ કોમ્પ્લેક્ષ (ડિસ્ટ.)-TR, દેવરાજ મોલ (ગ્રુપ-૨)-TR, અંકુર સોસાયટી (એન.એચ. નરોડા)-TR, આશિષ ટેનામેન્ટ-TR, રાજકમલ એપાર્ટમેન્ટ-TR** - નેશનલ હાઇવે, ટી.બી. નગર (૬) **જ્યુટ્રોન-TR**-જીઆઈડીસી વટવા ફેઝ ૧ (૭) **ઈડબલ્યુએસ ક્વાર્ટર્સ (વટવા બ્રિજ) -SS**- વટવા રેલ્વે ક્રોસિંગ.

તા.૧૯-૧૧-૨૦૨૬ ગુરુવાર (૧) **સુવાસ બંગલો-TR** - ન્યૂ સી.જી. રોડ (૨) **સેક્ટર-૨૨ (જીએચ-૬)-TR, શ્રેયસ સોસાયટી સેક્ટર-૨૨-TR-૧** - ગાંધીનગર (૩) **શ્રીનંદ નગર-૫-SS, સાનિધ્ય ગ્રીન SS, ઓમ શાંતિ નગર-SS** - મકરબા ગામ (૪) શ્રીનંદ નગર-૪-**SS** - વેજલપુર (૫) **ન્યૂ સિદ્ધેશ્વર પાર્ક-TR, હરિવિલા-TR, રાધિકા રેસિડેન્સી (ગ્રુપ-૨) TR-૧, ગણેશ કુંજ-TR, સ્વિમિંગ પૂલ-TR** - ઓઢવ નિકોલ રોડ (૬) **મારુતિ કલ્પતરુ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ-TR-૧** - અનિલ સ્ટાર્ચ રોડ (૭) **શ્રી શક્તિ એસ્ટેડ-TR, પંચરત્ન એસ્ટેડ નં. ૧ PMT-** જીઆઈડીસી વટવા ફેઝ ૪.

અસુવિધા બદલ દિલગીર છીએ

વીજ કનેકશનની જાણકારી, ઓનલાઈન બિલ ચૂકવણી અને અન્ય સુવિધાઓ

Mobile APP | connect.torrentpower.com | connect.ahd@torrentpower.com | 6655 1912/ 2255 1912


બદરીનાથમાં ભારે હિમવર્ષા ચોમેર નયનરમ્ય દ્રશ્ય



ઉત્તરાખંડના પહાડી વિ

સ્ટારશિપની લોન્ચિંગથી લઈને લોન્ચિંગ પેડ પર પાછા ફરવા સુધીની સફર

સુપર હેવી બૂસ્ટર સાથે સ્ટારશિપે ઉડાન ભરી



00:00:00 (લિફ્ટઓફ): ૧૩ નવેમ્બરના રોજ 22:47:36 UTC (ભારતીય સમય મુજબ ૧૪ નવેમ્બર સવારે ૪:૧૭ વાગ્યે)સુપર હેવી બૂસ્ટર ૨૨ (Booster 22)ના ૩૩ રેપ્ટર એન્જિનની મદદથી સ્ટારશિપે ઉડાન ભરી.

00:00:58 (Max Q) : રોકેટ પર વાતાવરણનું મહત્તમ દબાણ આવ્યું, જેને રોકેટે સફળતાપૂર્વક પાર કર્યું.


00:02:19 (MECO): સુપર હેવી બૂસ્ટરના મોટાભાગના એન્જિન બંધ થયા.

00:02:21 (હોટ-સ્ટેજિંગ): સ્ટારશિપ (Ship 42)ના એન્જિન શરૂ થયા અને તે બૂસ્ટરથી સફળતાપૂર્વક અલગ થઈ અંતરિક્ષમાં ગયું. બૂસ્ટર સ્ટેજને મહાસાગર તરફ વાળવામાં આવ્યું.

00:02:26 થી 00:03:02 (બૂસ્ટબેક બર્ન): બૂસ્ટરે લોન્ચ સાઈટ તરફ પાછા ફરવા માટે એન્જિન શરૂ કર્યા અને દિશા બદલી.

00:06:10 થી 00:06:35 (બૂસ્ટર લેન્ડિંગ અને ડાઈવર્ટ): લેન્ડિંગ બર્ન દરમિયાન એન્જિન અને નેવિગેશન સિસ્ટમમાં ખામી જણાતા ટાવર કેચ રદ કરાયો. બૂસ્ટરને મેક્સિકોના અખાત તરફ વાળવામાં આવ્યું, જ્યાં દરિયાની સપાટી પર પહોંચતા પહેલા તે નાશ પામ્યો.

બૂસ્ટરથી અલગ થયા બાદ Ship 42ની સફર




00:08:09 : સ્ટારશિપના એન્જિન બંધ થયા અને તે સબ-ઓર્બિટલ માર્ગ પર પહોંચ્યું.

00:26:10 થી 00:26:30 ઓર્બિટલ ઈન્સર્શન બર્ન): ૨૦ સેકન્ડના ટૂંકા બર્ન દ્વારા Ship 42 પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા (આશરે 276 x 278 કિમીની ઊંચાઈ)માં સ્થાપિત થયું.

00:35:01 થી 01:17:40 (સેટેલાઈટ ડિપ્લોયમેન્ટ): સ્ટારશિપના પેલોડ બેમાંથી 26 નવા Starlink V3 સેટેલાઈટ્સ એક પછી એક ભ્રમણકક્ષામાં તરતા મૂકવામાં આવ્યા.

પ્રદક્ષિણા અને સિસ્ટમ ચેક : સ્ટારશિપે પૃથ્વીની કુલ ૧૪ પ્રદક્ષિણા પૂર્ણ કરી. આ દરમિયાન હવાઈ (01:27:46 અને 20:41:55) તથા ચિલી (07:15:35) ખાતેના કંટ્રોલ ચેકપોઈન્ટ્સ પર હીટ શીલ્ડ અને ફ્લેપ્સની તપાસ કરવામાં આવી.

વાતાવરણમાં પુનઃપ્રવેશ અને ઐતિહાસિક કેચ સ્ટારશિપની અંતિમ લેન્ડિંગ પ્રક્રિયા




21:35:57 : ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી, સ્ટારશિપ પૃથ્વી તરફ પાછા ફરવા માટે એન્જિન ફાયરિંગ કરે છે.

22:10:46 : સ્ટારશિપનો અંદાજે ૧૭,૦૦૦ માઈલ પ્રતિકલાકની ઝડપે વાતાવરણમાં પ્રવેશ અને મહત્તમ ગરમીનો સામનો.

22:29:34 : સ્ટારશિપની અવાજની ઝડપ કરતાં ધીમા પડીને, સ્ટારબેઝ લોન્ચ ટાવર તરફ આગમન.

22:32:32 : લેન્ડિંગ બર્ન બાદ 21:20:03 UTC (ભારતીય સમય ૧૫ નવેમ્બર સવારે ૨૪૫૦) વાગ્યે 'ચોપસ્ટિક્સ' આર્મ્સ દ્વારા સફળ કેચ.



ભયને બાજુ પર રાખી શિડ્યૂલ પૂર્ણ કર્યું

ટાઈગરે ફાયરિંગની ઘટના બાદ લગ જા ગલેનું શૂટિંગ પૂર્ણ કર્યું

મુંબઈ, તા. ૧૫

બોલિવુડ અભિનેતા ટાઈગર શ્રોફે તાજેતરમાં તેની કાર પર થયેલા ગોળીબારની ઘટના પછી ફરીથી કામ શરૂ કરી દીધું છે. ગત, ૧૮ ઓક્ટોબરે ફૂટબોલ ગ્રાઉન્ડથી ઘરે પાછા ફરતી વખતે અજાણ્યા હુમલાખોરોએ તેની ગાડી પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં તેને સામાન્ય ઈજાઓ થઈ હતી, પણ હવે તે સ્વસ્થ થઈને શૂટિંગ પર પરત ફર્યો છે.



દિગ્દર્શક રાજ મહેતાની આગામી ફિલ્મ 'લગ જા ગલે'નું પુણે શેડ્યુલ ટાઈગરે અભિનેત્રી જાહ્નવી કપૂર સાથે પૂર્ણ કર્યું છે. હેર અને મેકઅપ આર્ટિસ્ટ સૌરવ રોયે સોશિયલ મીડિયા પર એલજેજી પુણે રેપ લખેલી ચોકલેટ કેકની તસવીર શેર કરીને આ માહિતી આપી હતી, જેને જાહ્નવી કપૂરે પણ પોતાના એકાઉન્ટ પર ફરીથી શેર કરી હતી. ધ મા। પ્રોડક્શનની આ ફિલ્મમાં ટાઈગર અને જાહ્નવી સાથે અભિનેતા લક્ષ્ય પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. અગાઉ ટાઈગર 'બાગી ૪'માં જોવા મળ્યો હતો. હવે પછી તે રેમો ડિસોઝાની એક ફિલ્મમાં એલ્વિશ યાદવ અને અભિષેક બેનર્જી સાથે જોવા મળશે.

સોશિયલ મીડિયા પર ફોટા શેર કરીને જાહ્નવી કપૂર અને ટીમ સાથે ઉજવણી કરી

ટાઈગર પર ફાયરિંગ, ધમકીઓને પગલે અપગ્રેડ

બે ટોચના ફિલ્મ સ્ટાર્સને હવે વાય પ્લસ સિક્યુરિટી અપાઈ

મુંબઈ, તા. ૧૫

બોલિવુડના બે ટોચના સ્ટાર્સની સિક્યુરિટી હવે વધારીને વાય પ્લસ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ બે ટોચના સ્ટાર્સ કોણ છે તેની વિગતો પ્રગટ કરવામાં આવી નથી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જુદા જુદા સેલિબ્રિટીઓની સુરક્ષાની સમયાંતરે સમીક્ષા કરવામાં આવતી હોય છે. તે મુજબ એક સ્ટારની સિક્યુરિટી એક્સ કેટેગરીમાંથી વાય પ્લસ કરવામાં આવી છે. અન્ય કલાકારને ઓલરેડી વાય કેટેગરીની સુરક્ષા અપાતી હતી તે હવે વધારીને વાય પ્લસ કરવામાં આવી છે.

આ સ્ટાર્સને ફિલ્મ સેટ પર,



જુદી જુદી ઈવેન્ટસમાં તથા તેઓ ઘરની બહાર જ્યારે પણ નીકળે ત્યારે વિશેષ સિક્યુરિટી કવર અપાશે. આ ઉપરાંત અન્ય કેટલાક કલાકારોની સિક્યુરિટી પણ વધારવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ટાઈગર શ્રોફ પર બિશ્નોઈ ગેંગ દ્વારા ગોળીબાર થઈ ચૂક્યો છે. આ ઉપરાંત સલમાન ખાન તથા રોહિત શેટ્ટીના નિવાસસ્થાનો પર પણ ફાયરિંગની ઘટનાઓ બની ચૂકી છે. છેલ્લા કેટલાક સમયથી અમિતાભના બંગલો પર બોમ્બ વિસ્ફોટની ધમકીઓ સતત મળી રહી છે. અગાઉ, ફિલ્મ અભિનેતા રણવીર સિંહને પણ બિશ્નોઈ ગેંગના નામે ધમકી અપાયાનું કહેવાય છે. આ સમગ્ર ઘટનાક્રમને પગલે બોલિવુડ કલાકારોમાં ભયનો માહોલ છે.

મુંબઈ પોલીસે સુરક્ષા કારણોસર બે કલાકારોના નામ જાહેર કરવાનું ટાળ્યું

મૌજા હી મૌજા બે મહિના પાછળ ઠેલાઈ ગઈ

બોક્સ ઓફિસ પર અક્ષય-વિદ્યાની સલમાન-શ્રદ્ધા સામે ટક્કર ટળી

મુંબઈ, તા. ૧૫

અક્ષય કુમાર અને દિગ્દર્શક અનીસ બાઝમીની આગામી પારિવારિક કોમેડી-ડ્રામા ફિલ્મ 'મૌજા હી મૌજા' બે મહિના પાછળ ઠેલાઈ છે. આગામી ચોથી ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રિલીઝ થનારી આ ફિલ્મ હવે ફેબ્રુઆરી ૨૦૨૭માં સિનેમાઘરોમાં આવશે. આ ફિલ્મ દ્વારા અક્ષય કુમાર અને વિદ્યા બાલન ફરી સ્ક્રીન શેર કરી રહ્યાં છે.



ઉલ્લેખનીય છે કે ચોથી ડિસેમ્બરે સલમાન ખાનની 'માતૃભૂમિ' તથા શ્રદ્ધા કપૂરની 'ઈઠા' ફિલ્મો રીલિઝ થવાની છે. આથી, બોક્સ ઓફિસ પર ટક્કર ટાળવા માટે અક્ષય કુમારની ફિલ્મ પાછળ ઠેલાઈ ગઈ છે.

વર્ષ ૨૦૧૯ની 'મિશન મંગલ' પછી અક્ષય અને વિદ્યા ફરી એકવાર સાથે કામ કરી રહ્યા છે. તદુપરાંત 'વેલકમ', 'સિંઘ ઈઝ કિંગ' અને 'થેન્ક યુ' જેવી સફળ ફિલ્મો પછી અક્ષય અને અનીસ બાઝમીની આ ચોથી ફિલ્મ છે. ફિલ્મમાં રાશિ ખન્ના પણ સમાંતર મુખ્ય ભૂમિકામાં છે.

ડિસેમ્બર પ્રથમ સપ્તાહમાં હવે સલમાનની માતૃભૂમિ અને શ્રદ્ધા કપૂરની ઈઠા ફિલ્મો ટકરાશે

ઓટીટીથી ડેબ્યૂ બાદ વોઈસ એક્ટિંગ

એઆઈ આધારિત જંગલ બૂકમાં મોગલી માટે વીર હિરાણી વોઈસ આપશે

મુંબઈ, તા. ૧૫

અભિનેતા વીર હિરાણી 'ધી જંગલ બૂક' પર આધારીત આગામી એઆઈ જનરેટેડ ભારતીય ફીચર ફિલ્મમાં મોગલીના પાત્રને પોતાનો અવાજ આપીને વોઈસ એક્ટિંગ ક્ષેત્રે પદાર્પણ કરવા જઈ રહ્યો છે.



રાજ કુમાર હિરાણીનો પુત્ર વીર હિરાણી અવિનાશ અરુણની વેબ સીરીઝ 'પ્રીતમ એન્ડ પેડ્રો'માં અરશદ વારસી અને વિકાંત મેસી સાથે ડેબ્યૂ કરી ચૂક્યો છે. જોકે, તેણે હવે કોઈ મોટો એક્ટિંગ પ્રોજેક્ટ અપનાવવાને બદલે વોઈસ એક્ટિંગમાં ઝંપલાવ્યું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ હોલિવુડની એનિમેશન ફિલ્મો માટે બોલિવુડના મોટા મોટા કલાકારો પોતાનો અવાજ આપી ચૂક્યા છે. વીર હિરાણી ની મોટા પડદે હિરો તરીકે પહેલી ફિલ્મ 'લગન લાગી રે' હશે. તેમાં રાશા થડાની તેની હિરોઈન છે. ચર્ચા અનુસાર આ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે અને હાલ ફિલ્મ પોસ્ટ પ્રોડક્શન હેઠળ છે.

અગાઉ અનેક બોલિવુડ કલાકારો એનિમેટેડ પાત્રો માટે વાઈસ આપી ચૂક્યા છે

સોનિયા ગાંધીના સંસ્મરણોમાં છુપાયેલી બે મકાનોની અકળ ભવિષ્યવાણી, અંધશ્રદ્ધા અને કરુણાંતિકાની કથા

સંજય નહીં, તમારા પતિ રાજીવ ગાંધી એક દિવસ વડાપ્રધાન બનશે!

સમયની ગતિ હંમેશા અકળ હોય છે. માણસ પોતાના વર્તમાનમાં જીવતો હોય ત્યારે તેને એ વાતનો અણસાર પણ હોતો નથી કે ભવિષ્યના ગર્ભમાં કેવા અણધાર્યા અને હચમચાવી નાખનારા વળાંકો છુપાયેલા છે. રાજકારણના શિખર પર રહેલા પરિવારો માટે તો આ અનિશ્ચિતતા વધુ ગુઢ અને સંવેદનશીલ બની જતી હોય છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ તાજેતરમાં પ્રકાશિત થયેલી તેમની આત્મકથા 'બિલોંગિંગ : અ જર્ની ઓફ લવ'માં પોતાના જીવનના અને ગાંધી પરિવારના ઈતિહાસના કેટલાક એવા જ અજાણ્યા, રહસ્યમય અને હૃદયદ્રાવક પ્રસંગોને વાચા આપી છે. આ પુસ્તકમાં સોનિયા ગાંધીએ ભૂતકાળની એવી ઘટનાઓનું વર્ણન કર્યું છે, જે બની ત્યારે કદાચ સામાન્ય કે હાસ્યાસ્પદ લાગી હતી, અંધશ્રદ્ધાથી ભરેલી હતી અને કદાચ આશ્ચર્ય પમાડે તેવી હતી, પરંતુ સમય જતાં તેણે એક ભયાનક અને કરુણ વાસ્તવિકતાનું રૂપ ધારણ કર્યું હતું.

> વિલિંગ્ડન ક્રેસેન્ટના ૧૨ નંબરના બંગલામાં અચાનક ઘુસી આવેલા એક જ્યોતિષીને સોનિયા ગાંધી દરવાજા તરફ ધકેલી રહ્યા હતા, ત્યારે બહાર નીકળતી વખતે પેલા જ્યોતિષીએ પાછળ ફરીને અત્યંત મોટા અવાજે બૂમ પાડીને કહ્યું, 'ના, ના, સંજય નહીં... તમારા પતિ રાજીવજી એક દિવસ આ દેશના વડાપ્રધાન બનશે.' જે અકળ વાણીએ સમગ્ર પરિવારને આશ્ચર્યમાં મુકી દીધો હતો : આ ભવિષ્યવાણી ત્રણ વર્ષ બાદ સાચી પડી. જૂન ૧૯૮૦માં દિલ્હીમાં થયેલી એક દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં સંજય ગાંધીનું અકાળે અવસાન થયું. આ ઘટનાના ચાર વર્ષ બાદ ઓક્ટોબર ૧૯૮૪માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની તેમના જ અંગરક્ષકો દ્વારા ઘાતકી હત્યા કરવામાં આવી. સંજોગોએ એવો વળાંક લીધો કે રાજીવ ગાંધીને દેશના વડાપ્રધાન પદના શપથ લેવા પડ્યા : ૧૦ જનપથમાં રહેવા આવ્યાના માત્ર ૧૫ મહિના બાદ, મે ૧૯૯૧માં તમિલનાડુના શ્રીપેરુમ્બુદુર ખાતે એક ચૂંટણી સભા દરમિયાન આત્મઘાતી હુમલામાં રાજીવ ગાંધીની કરપીણ હત્યા કરી દેવામાં આવી. જે ભય સોનિયા ગાંધીને વર્ષોથી સતાવી રહ્યો હતો, જે ચેતવણીનો ભાસ તેમને ૧૯૮૫ના જન્મદિવસની રાત્રે થયો હતો, તે તમામ આશંકાઓ મે ૧૯૯૧ની એ કાળી રાત્રે સાચી પડી.

સોનિયા ગાંધીના સંસ્મરણોમાં નવી દિલ્હીના '૧૦ જનપથ' બંગલામાં રહેવા જવાના નિર્ણયનો પણ વિગતવાર ઉલ્લેખ કર્યો છે. ૧૯૮૯ની ચૂંટણીમાં સત્તા ગુમાવ્યા બાદ રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી ૫ ફેબ્રુઆરી, ૧૯૯૦ના રોજ ૧૦ જનપથ ખાતે રહેવા ગયા હતા. સોનિયા ગાંધી આજે પણ આ જ નિવાસસ્થાને રહે છે. પરંતુ જ્યારે તેમણે આ બંગલો પસંદ કર્યો, ત્યારે રાજીવ ગાંધીના અનેક નજીકના સહયોગીઓ અને શુભેચ્છકોએ તેમને ત્યાં રહેવા જવાની સ્પષ્ટ ના પાડી હતી. સહયોગીઓનું માનવું હતું કે ૧૦ જનપથનું આ મકાન અશુભ છે અને તેમાં રહેવું પરિવાર માટે સારું નથી.

આ માન્યતા પાછળ કેટલાક સ્થાનિક કારણો અને લોકવાયકાઓ જવાબદાર હતી. કહેવામાં આવતું હતું કે ૧૦ જનપથના પાછળના દરવાજાની બરાબર પાછળ એક ઊંચો ટેકરો હતો, જેના વિશે એવી માન્યતા પ્રચલિત હતી કે ત્યાં કોઈ હાથીની કબર આવેલી છે. આ ઉપરાંત, બંગલાના મુખ્ય પ્રવેશદ્વારની બરાબર સામે એક સૂકી પીરની દરગાહ એટલે કે કબર પણ હતી. વાસ્તુ અને પરંપરાગત માન્યતાઓમાં માનનારા લોકો આ બંને બાબતોને રહેણાંક મકાન માટે અત્યંત અશુભ ગણતા હતા. પરંતુ રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી બંને આધુનિક વિચારસરણી ધરાવતા હતા. તેમને આ બધી વાતો પાયાવિહોણી અને અંધશ્રદ્ધાપૂર્ણ લાગી. બંને પતિ-પત્નીએ પોતાના સહયોગીઓની આ આશંકાઓને હસીને ટાળી દીધી અને ૧૦ જનપથમાં પોતાનો નવો સંસાર વસાવ્યો.

કુદરતની ક્રૂરતા જુઓ કે ૧૦ જનપથમાં રહેવા આવ્યાના માત્ર ૧૫ મહિના બાદ, મે ૧૯૯૧માં તમિલનાડુના શ્રીપેરુમ્બુદુર ખાતે એક ચૂંટણી સભા દરમિયાન આત્મઘાતી હુમલામાં રાજીવ ગાંધીની કરપીણ હત્યા કરી દેવામાં આવી. જે ભય સોનિયા ગાંધીને વર્ષોથી સતાવી રહ્યો હતો, જે અણસાર તેમને બંગલા નંબર ૧૨માં પેલા જ્યોતિષીની બૂમ સાંભળીને આવ્યો હતો, અને જે ચેતવણીનો ભાસ તેમને ૧૯૮૫ના જન્મદિવસની રાત્રે થયો હતો, તે તમામ આશંકાઓ મે ૧૯૯૧ની એ કાળી રાત્રે સાચી પડી. રાજીવ ગાંધીના અવસાન સાથે જ સોનિયા ગાંધીના જીવનમાં એક એવો શૂન્યાવકાશ સર્જાયો, જે ક્યારેય ભરાઈ શકે તેમ નહોતો.

ન્યુઝ ફોકસ

શું ૧૦ જનપથ તેમના માટે વધુ એક આઘાત લાવવા સજ્જ હતો

નિયતિ અને અશુભ સંકેતોની આ શૃંખલા અહીં અટકી નહોતી. સોનિયા ગાંધીએ પોતાના સંસ્મરણોમાં નવી દિલ્હીના '૧૦ જનપથ' બંગલામાં રહેવા જવાના નિર્ણયનો પણ વિગતવાર ઉલ્લેખ કર્યો છે. ૧૯૮૯ની ચૂંટણીમાં સત્તા ગુમાવ્યા બાદ રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી ૫ ફેબ્રુઆરી, ૧૯૯૦ના રોજ ૧૦ જનપથ ખાતે રહેવા ગયા હતા. સોનિયા ગાંધી આજે પણ આ જ નિવાસસ્થાને રહે છે. પરંતુ જ્યારે તેમણે આ બંગલો પસંદ કર્યો, ત્યારે રાજીવ ગાંધીના અનેક નજીકના સહયોગીઓ અને શુભેચ્છકોએ તેમને ત્યાં રહેવા જવાની સ્પષ્ટ ના પાડી હતી. સહયોગીઓનું માનવું હતું કે ૧૦ જનપથનું આ મકાન અશુભ છે અને તેમાં રહેવું પરિવાર માટે સારું નથી.

આ માન્યતા પાછળ કેટલાક સ્થાનિક કારણો અને લોકવાયકાઓ જવાબદાર હતી. કહેવામાં આવતું હતું કે ૧૦ જનપથના પાછળના દરવાજાની બરાબર પાછળ એક ઊંચો ટેકરો હતો, જેના વિશે એવી માન્યતા પ્રચલિત હતી કે ત્યાં કોઈ હાથીની કબર આવેલી છે. આ ઉપરાંત, બંગલાના મુખ્ય પ્રવેશદ્વારની બરાબર સામે એક સૂકી પીરની દરગાહ એટલે કે કબર પણ હતી. વાસ્તુ અને પરંપરાગત માન્યતાઓમાં માનનારા લોકો આ બંને બાબતોને રહેણાંક મકાન માટે અત્યંત અશુભ ગણતા હતા. પરંતુ રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી બંને આધુનિક વિચારસરણી ધરાવતા હતા. તેમને આ બધી વાતો પાયાવિહોણી અને અંધશ્રદ્ધાપૂર્ણ લાગી. બંને પતિ-પત્નીએ પોતાના સહયોગીઓની આ આશંકાઓને હસીને ટાળી દીધી અને ૧૦ જનપથમાં પોતાનો નવો સંસાર વસાવ્યો.

કુદરતની ક્રૂરતા જુઓ કે ૧૦ જનપથમાં રહેવા આવ્યાના માત્ર ૧૫ મહિના બાદ, મે ૧૯૯૧માં તમિલનાડુના શ્રીપેરુમ્બુદુર ખાતે એક ચૂંટણી સભા દરમિયાન આત્મઘાતી હુમલામાં રાજીવ ગાંધીની કરપીણ હત્યા કરી દેવામાં આવી. જે ભય સોનિયા ગાંધીને વર્ષોથી સતાવી રહ્યો હતો, જે અણસાર તેમને બંગલા નંબર ૧૨માં પેલા જ્યોતિષીની બૂમ સાંભળીને આવ્યો હતો, અને જે ચેતવણીનો ભાસ તેમને ૧૯૮૫ના જન્મદિવસની રાત્રે થયો હતો, તે તમામ આશંકાઓ મે ૧૯૯૧ની એ કાળી રાત્રે સાચી પડી. રાજીવ ગાંધીના અવસાન સાથે જ સોનિયા ગાંધીના જીવનમાં એક એવો શૂન્યાવકાશ સર્જાયો, જે ક્યારેય ભરાઈ શકે તેમ નહોતો.

સોનિયા ગાંધી અંદરથી હચમચી ગયા. તેમણે લખ્યું છે કે એ સમયે તેમના મનમાં જે વિચારોનું વાવાઝોડું ચાલી રહ્યું હતું, તેને તેઓ કોઈની સાથે ચર્ચી શકે તેમ નહોતા. એક તરફ આ એક મોટી રાજકીય આફત હતી, તો બીજી તરફ સોનિયા ગાંધીને તેમાં કોઈ અશુભ સંકેતનો ભાસ થઈ રહ્યો હતો. તેમના મનમાં વારંવાર એક જ સવાલ ગુંજતો હતો કે આખરે રાજીવના જન્મદિવસના દિવસે જ આવી લોહિયાળ ઘટના કેમ બની? શું આ માત્ર એક સંયોગ હતો કે પછી ભવિષ્યમાં આવનારા કોઈ મોટા સંકટની ચેતવણી?

'બિલોંગિંગ : અ જર્ની ઓફ લવ' પુસ્તકમાં નોંધાયેલી આ તેમ કરીને મને મારી જ નાખશે.' આ શબ્દોમાં એક પતિની લાચારી અને એક પુત્રની પોતાની માતા પ્રત્યેની ફરજ બજાવવાની નિર્ભયતા બંને છલકાતા હતા. આ રીતે, બંગલા નંબર ૧૨માં પેલા જ્યોતિષીએ કરેલી ભવિષ્યવાણી બે અત્યંત કરુણ ઘટનાઓ બાદ સાચી પડી હતી.

સોનિયા ગાંધી પોતાના પુસ્તકમાં વારંવાર એ વાત પર ભાર મૂકે છે કે તેઓ ન તો ક્યારેય અંધશ્રદ્ધાળુ હતાં, ન તો શુકન-અપશુકનમાં માનતા હતાં. પરંતુ તેમના જીવનમાં બનેલી કેટલીક ઘટનાઓએ તેમને એ વિચારવા પર મજબૂર કરી દીધા કે શું ખરેખર



આપણી આસપાસ બનતી ઘટનાઓ પાછળ કોઈ ગૂઢ સંકેત છુપાયેલો હોય છે? આવી જ એક અન્ય ઘટના ઓગસ્ટ ૧૯૮૫માં બની હતી. એ દિવસે રાજીવ ગાંધીનો ૪૧મો જન્મદિવસ હતો. વડાપ્રધાન નિવાસસ્થાને પરિવારના સભ્યો રાત્રિભોજન માટે સાથે બેઠા હતા. વાતાવરણ ખુશનુમા હતું, પરંતુ અચાનક પંજાબથી એક અત્યંત દુઃખદ સમાચાર આવ્યા. અકાલી દળના વરિષ્ઠ નેતા હરચંદ સિંહ લોંગોવાલની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી.

રાજીવ ગાંધીએ થોડા સમય પહેલાં જ પંજાબમાં શાંતિ સ્થાપવા માટે લોંગોવાલ સાથે ઐતિહાસિક સમજૂતી કરી હતી. પોતાના જન્મદિવસની ઉજવણી વચ્ચે આ હત્યાના સમાચાર સાંભળીને ગાંધીના મન પર આ ઘટનાની ઊંડી અને વિચિત્ર અસર પડી. તેઓ તુરંત ત્યાંથી પોતાના રૂમમાં ચાલ્યા ગયા. તેમણે પોતાની જાતને શાંત કરવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ અજાણ્યા ભય અને બેચેનીને કારણે તેઓ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા. કદાચ તેમના અંતર્મનને કોઈ અણધારી આફતનો અણસાર આવી ગયો હોય તેમ લાગતું હતું.

સમયનું ચક્ર ફરતું ગયું અને જે વાતને એ દિવસે મજાક સમજીને હસી કાઢવામાં આવી હતી, તેણે ધીમે ધીમે એક ભયાનક વાસ્તવિકતાનું સ્વરૂપ લેવાનું શરૂ કર્યું. જૂન ૧૯૮૦માં દિલ્હીમાં થયેલી એક દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં સંજય ગાંધીનું અકાળે અવસાન થયું. આ ઘટનાએ ગાંધી પરિવાર અને ભારતીય રાજકારણના સમીકરણો રાતોરાત બદલી નાખ્યા. પરિવાર હજુ આ આઘાતમાંથી બહાર આવે તે પહેલાં જ, ચાર વર્ષ બાદ ઓક્ટોબર ૧૯૮૪માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની તેમના જ અંગરક્ષકો દ્વારા ઘાતકી હત્યા કરવામાં આવી. સમગ્ર દેશ શોક અને સ્તબ્ધતામાં ડૂબી ગયો હતો. ઈન્દિરા ગાંધીની હત્યાના ગણતરીના કલાકોમાં જ સંજોગોએ એવો વળાંક લીધો કે રાજીવ ગાંધીને દેશના વડાપ્રધાન પદના શપથ લેવા પડ્યા.

સોનિયા ગાંધીએ એ કાળમુખી રાતનું વર્ણન કરતા લખ્યું છે કે તેઓ જરાય નહોતા ઇચ્છતા કે રાજીવ ગાંધી રાજકારણમાં પ્રવેશે કે વડાપ્રધાન પદ સ્વીકારે. તેમને પોતાના પતિના જીવનું જોખમ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. તેમણે રડતા રડતા રાજીવ ગાંધીને આ નિર્ણય ન લેવા માટે ખૂબ વિનંતી કરી હતી. પરંતુ રાજીવ ગાંધીએ અત્યંત શાંત અને દ્રઢ સ્વરે સોનિયા ગાંધીને જે જવાબ આપ્યો, તે આજે પણ રૂંવાડા ઊભા કરી દે તેવો છે. રાજીવ ગાંધીએ કહ્યું હતું કે, 'તેઓ ગમે

હોલીવૂડની ફેશન પરેડ : કાર્ડી બીની હટકે સ્ટાઈલ ચર્ચામાં



લોસ એન્જલસમાં યોજાયેલા 'બેબી૨બેબી ગાલા ૨૦૨૬'માં હોલિવૂડની જાણીતી એક્ટ્રેસ અને સિંગર્સે પોતાના સ્ટાઈલિશ અંદાજથી રેડ કાર્પેટને ગ્લેમરસ બનાવી દીધો હતો. આ ઈવેન્ટમાં ગોલ્ડન, બ્લેક અને વ્હાઈટ કલરના આઉટફિટ્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. સિંગર કાર્ડી બી વ્હાઈટ કલરના હોલ્ટર નેક ગાઉનમાં જોવા મળી હતી. તેની વ્હાઈટ કલરના પીંછાવાળી હેટ ચર્ચામાં રહી હતી. આ હેટે તેનો ચહેરો લગભગ ઢાંકી દીધો હતો. બીજી તરફ, કેરી વોશિંગ્ટને ગોલ્ડન ફ્રિન્જ ગાઉન પસંદ કર્યું હતું. ગાઉન પર લટકતી ગોલ્ડન લેયર્સે તેના લુકમાં ખાસ આકર્ષણ ઉમેર્યું હતું. જેસિકા આલ્બા બ્લેક કલરના ડીપ નેક ગાઉનમાં જોવા મળી હતી. મોડલ બાર્બરા પેલ્વિને બ્લેક ઓફ-શોલ્ડર ગાઉન સાથે યલો કલરની લાંબી ટ્રેલ પસંદ કરી હતી. આ ઉપરાંત કેટી પેરીએ મેટાલિક શોર્ટ ડ્રેસ સાથે લાંબો શેમ્પેન કલરનો સ્કર્ટ પહેરીને અલગ અંદાજ રજૂ કર્યો હતો. કેટી પેરી આ ઈવેન્ટમાં પોતાના પાર્ટનર અને કેનેડાના પૂર્વ પીએમ જસ્ટિન ટ્રૂ ડો સાથે પહોંચી હતી. આ ગાલામાં જેન્ના દીવાન, મિરાન્ડા કેર, સોફિયા વર્ગારા અને પેરિસ હિલ્ટન સહિતની હસ્તીઓએ પણ હાજરી આપી હતી.

પોપસ્ટાર કેટી પેરી પોતાના પાર્ટનર અને કેનેડાના પૂર્વ પીએમ જસ્ટિન ટ્રુડો સાથે પહોંચી હતી

આરબીઆઈનાં નવા નિયમથી ડિજિટલ પેમેન્ટ સુરક્ષા મજબૂત થશે

નોન બેન્ક પેમેન્ટ ઓપરેટરો માટે ૬ કલાકમાં અંદર સાયબર ઘટનાઓનું રિપોર્ટિંગ ફરજિયાત

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૧૫

આરબીઆઈએ નોન બેન્ક પેમેન્ટ ઓપરેટરો માટે સાયબર ઘટનાઓનું રિપોર્ટિંગ ૬ કલાકની અંદર આપવું ફરજિયાત બનાવી દીધું છે જેના કારણે ડિજિટલ પેમેન્ટ સુરક્ષા મજબૂત થશે અને છેતરપિંડી પર અંકુશ મૂકાશે. નવા નિયમો સાયબર સ્થિતિસ્થાપકતા વધારે છે.

એનપીસીઆઈ, કાર્ડ નેટવર્ક્સ, પેમેન્ટ એગ્રીગ્રેટર્સની ગાઈડલાઈન્સમાં સોફ્ટવેર સુરક્ષા, થર્ડ પાર્ટી પ્રોવાઈડર્સના કડક નિયમો સામેલ

આરબીઆઈ નોન બેન્ક પેમેન્ટ સિસ્ટમ ઓપરેરટરોને છ કલાકની અંદર સાયબર ઘટનાઓ, આઉટેજ અને સેટલમેન્ટ વિલંબની જાણ કરવાનો આદેશ આપે છે.

આ નવા નિર્દેશનો હેતુ સાયબર સુરક્ષાને મજબૂત બનાવવા, ડિજિટલ છેતરપિંડી રોકવા અને ચુકવણી ઇકોસિસ્ટમમાં ઝડપી નિયમનકારી હસ્તક્ષેપને સક્ષમ કરવાનો છે.

આ ગાઇડલાઇન્સ એનપીસીઆઈ, કાર્ડ નેટવર્ક્સ અને ચુકવણી એગ્રીગ્રેટર્સ જેવી સંસ્થાઓને લાગુ પડે છે જે સોફ્ટવેર સુરક્ષા અને થર્ડ પાર્ટી પ્રોવાઇડર્સ માટે કડક આવશ્યકતાઓ રજૂ કરે છે.

નિષ્ણાતોએ આ પગલાનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે તે સાયબર સુરક્ષાને પ્રતિક્રિયાશીલ કાર્યમાંથી સક્રિય સાયબર સ્થિતિસ્થાપકતામાં ફેરવે છે અને બોર્ડરૂમમાં તેનું મહત્ત્વ વધારે છે. નવા નિયમોમાં મહત્ત્વપૂર્ણ થર્ડ પાર્ટી સોર્સ કોડને પોતાની પાસે રાખવા, વાર્ષિક સિસ્ટમ ઓડિટ અને આફતમાંથી બહાર આવવાની મજબૂત વ્યવસ્થા રાખવી પણ સામેલ છે.

નિષ્ણાતોનાં જણાવ્યા અનુસાર આરબીઆઈનાં તાજેતરનાં વ્યાપક માસ્ટર દિશાનિર્દેશોનો ઉદેશ સાયબર સુરક્ષાને મજબૂત કરવા અને ડિજિટલ છેતરપિંડીનાં વધતા ખતરાને રોકવાનો છે.

આ દિશાનિર્દેશો હેઠળ નોન બેન્ક પેમેન્ટ સિસ્ટમ ઓપરેટરોને કોઈ પણ અસામાન્ય ઘટના જેમ કે સાયબર હુમલા, સિસ્ટમ અચાનક બંધ થવી કે સેટલમેન્ટમાં વિલંબની જાણ થયાનાં ૬ કલાકની અંદર રિપોર્ટિંગ કરવું ફરજિયાત છે.

વાંગચુકે ચૂંટણીનાં સમય અંગે વિરોધ કર્યો હતો

ચૂંટણીને પગલે સોનમ વાંગચુક ૬૦ દિવસ માટે નજરકેદ

નવી દિલ્હી, તા. ૧૫

પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકને ૬૦ દિવસ માટે નજર કેદ કરી લેવામાં આવ્યા છે અને રેલીઓ અને જુલુસોમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. લેહનાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટની તરફથી આ આદેશ જારી કરવામાં આવ્યો છે.

૪ ડિસેમ્બરે લદ્દાખ ઓટોનોમસ હિલ ડેવલોપમેન્ટ કાઉન્સિલની ચૂંટણી થવાની છે

વહીવટી તંત્રે પોલીસનાં એક રિપોર્ટ અને લેહ પોલીસ પ્રમુખનાં એક પત્રનો સંદર્ભ આપ્યો છે. તેમાં વાંગચુંગની વિરુદ્ધ આદેશ જારી કરવા અને તેમના પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરવામાં આવી હતી.

મેજિસ્ટ્રેટે વાંગચુકની અવરજવર પર રોક લગાવવા માટે બીએનએસએસની કલમ ૧૬૩નો ઉપયોગ કર્યો છે. આદેશમાં જણાવવામાં આવ્યું છે કે આ આદેશ તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવશે અને ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે. લદ્દાખ ઓટોનોમસ હિલ ડેવલોપમેન્ટ કાઉન્સિલની ચૂંટણી ૪ ડિસેમ્બરે થવાની છે. વાંગચુક અને અન્ય સ્થાનિક નેતાઓએ આ ચૂંટણીનાં સમયનો વિરોધ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે ઠંડીની સિઝન અને ઠંડીનાં કારણે લોકોનાં સ્થળાંતરથી લદ્દાખનાં અનેક મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે.

જો કે લદ્દાખનાં મુખ્ય સચિવ આશીષ કુંદ્રાએ શિયાળામાં ચૂંટણી કરાવવાનાં નિર્ણયનો બચાવ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે વહીવટી તંત્ર એ સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલા ભરશે કે ખરાબ હવામાનને કારણે મતદાર મતદાન કરવાથી વંચિત ન રહી જાય.તેમણે જણાવ્યું હતું કે મતદાર કેન્દ્રો પર હીટર લગાવવામાં આવશે અને વૃદ્ધ મતદારો માટે અલગ લાઈનની વ્યવસ્થા કરવામાં આવશે.

વિમાન ઉદ્યોગમાં ઈલેક્ટ્રિક ટેકનોલોજીનો નવો અધ્યાય

ચીનની મોટી સિદ્ધિ : ૧૯ બેઠકવાળા ઈલેક્ટ્રિક વિમાનનું ૧૬ મિનિટનું ઉડાન

બેઈજિંગ, તા.૧૫

ચીને ઈલેક્ટ્રિક વિમાન ક્ષેત્રે મોટી સફળતા હાંસલ કરી છે. સરકારી વિમાન ઉત્પાદક કંપની કોમેક દ્વારા તૈયાર કરાયેલા સીઈ-૨૫એ ઈલેક્ટ્રિક વિમાને પ્રથમ વખત પાયલટ અને અન્ય કર્મચારીઓ સાથે સફળ ઉડાન ભરી છે. આ વિમાન એકસાથે ૧૯ મુસાફરોને લઈ જવાની ક્ષમતા ધરાવે છે. આ સફળતા ઈલેક્ટ્રિક હવાઈ મુસાફરીને નવી દિશા આપી શકે છે.

ચીનના ઈલેક્ટ્રિક વિમાને ૨,૪૦૦ મીટરની ઊંચાઈએ પહોંચી ૬૦ કિ.મી અંતર કાપ્યું : હવે મોંઘા ટર્બાઈન ઈંધણની જરૂર નહિ પડે

સીઈ-૨૫એનું મહત્તમ વજન દસ ટન છે. તે કલાકના ૩૦૦ કિલોમીટરની ઝડપે ઊડી શકે છે અને એક વખત ચાર્જ કર્યા પછી આશરે ચારસો કિલોમીટરનું અંતર કાપી શકે છે. ૧૪ નવેમ્બરે શાનડોંગ પ્રાંતના બિનઝોઉ શહેરમાં તેનું માનવસંચાલિત પરીક્ષણ થયું હતું. તેમાં બે પાયલટ અને એક ફ્લાઈટ ટેસ્ટ એન્જિનીયર સામેલ હતા. વિમાન ૨,૪૦૦ મીટરની ઊંચાઈએ પહોંચ્યું હતું.

આ પરીક્ષણ દરમ્યાન વિમાન ૧૬ મિનિટ અને ૩૮ સેકન્ડ સુધી હવામાં રહ્યું અને ૬૦.૪ કિલોમીટરનું અંતર કાપ્યું હતું. તેની વિશેષતા ઈલેક્ટ્રિક એન્જિન સીસ્ટમ છે. પાંખો પર લગાવેલા અનેક ઈલેક્ટ્રિક ડક્ટેડ ફેન હવાને પાછળ ધકેલીને વિમાનને આગળ ધપાવે છે. આ ટેકનોલોજી પરંપરાગત જેટ એન્જિનથી અલગ છે અને ઈલેક્ટ્રિક ઉડ્યન ક્ષેત્રે નવી સંભાવનાઓ ઊભી કરે છે.

આ માનવ સંચાલિત ઉડાન પહેલા વિમાને ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પ્રથમ સ્વચાલિત ઉડાન ભરી હતી. વિકાસ દરમ્યાન ૧૯ માનવરહિત પરીક્ષણો પણ કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટમાં સીએટીએલ સહિતની સંસ્થાઓ જોડાયેલી છે.

વ્યાવસાયિક ઉપયોગ પહેલા વિમાનને સુરક્ષા અને ટેકનીકલ પરીક્ષણો પાસ કરવાના રહેશે. ચીનની સીએએસી સંસ્થાએ તેના ટાઈપ સર્ટિફિકેટ માટેની અરજી સ્વીકારી છે.

બિરસા મુંડાની ૧૫૧મી જયંતી પ્રસંગે કાર્યક્રમનું આયોજન

નકસલીઓ બાળકો ઉપાડી જતા હતાં છતાં અગાઉની સરકારો ચૂપ રહેતી હતી : મોદી

નવી દિલ્હી, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નકસલી હિંસા અંગે અગાઉની સરકારો પર પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે નકસલ અસરગ્રસ્ત વિસ્તારોમાં આદિવાસી સમુદાયો પાસેથી મત આપવાનો અધિકાર પણ છીનવી લેવામાં આવ્યો હતો. આમ છતાં અગાઉની સરકારો મૂકદર્શક બની રહી હતી.

પીએમ મોદીએ જનજાતીય ગૌરવ દિવસનાં કાર્યક્રમને વર્ચ્યુઅલી રીતે સંબોધિત કર્યો

પીએમ મોદીએ આ વાત રવિવારે જનજાતીય ગૌરવ દિવસનાં કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધિત કરતી વખતે જણાવી હતી. આ કાર્યક્રમ આદિવાસી સ્વતંત્રતા સેનાની બિરસા મુંડાની ૧૫૧મી જયંતીનાં પ્રસંગે મહારાષ્ટ્રનાં ગઢચિરોલીમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે અગાઉ માઓવાદીઓ આદિવાસી બાળકોને બળજબરીપૂર્વક ઉઠાવીને લઇ જતા હતાં. આદિવાસી યુવતિઓનું અપહરણ કરવામાં આવતું હતું. તે સમયની સરકારો આ અંગે ચુપ રહી હતી. નકસલીઓએ આદિવાસીઓને મત આપવાનાં અધિકારથી પણ વંચિત રાખ્યા હતાં.

વડાપ્રધાને દાવો કર્યો હતો કે હવે સ્થિતિ બદલાઇ ગઇ છે. નકસલ હિંસા ઘટી જવાને કારણે આદિવાસી વિસ્તારોમાં સુરક્ષાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આદિવાસી મહિલાઓ હવે સરકારને આર્શિવાદ આપી રહી છે.

હિંસાથી અસરગ્રસ્ત રહેલા બાળકોને શિક્ષણ અને રોજગારની તકો મળી રહી છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે છેલ્લા ૧૨થી ૧૩ વર્ષોમાં લગભગ ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. તેમણે આને સ્વતંત્રતા પછી ભારતની મોટી સિદ્ધિઓ પૈકીની એક ગણાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે જનમન યોજના અને ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન માટે એક લાખ કરોડ રૂપિયાથી વધુનું બજેટ આપ્યું છે. આ યોજનાઓથી એ આદિવાસી વિસ્તારોમાં વિકાસને વેગ મળશે જ્યાં અત્યાર સુધી પાયાની સુવિધાઓની ઉણપ રહી છે.



છઠ પૂજાની ભારતભરમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. દરેક શહેરોમાં પૂજા માટે સ્પેશિયલ ઘાટ બનાવવામાં આવ્યા હતા. પરંતુ, આ ઉજવણી ભારત સુધી સીમિત નહોતી રહી. અમેરિકા, કેનેડા, બ્રિટન, જાપાનમાં રહેતા મૂળ બિહારના નાગરિકોએ પણ છઠ પૂજાની અનોખી ઉજવણી કરી હતી. આ ઉજવણીના વીડિયો સોશિયલ મીડિયા સાઈટ્સ પર વાયરલ થયા હતા. ગ્લાસરોનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં, લોકગીતો સાથે છઠ પૂજાની ઉજવણી કરતા ભારતીયો જોવા મળ્યા હતા.

ટ્રેન ઉડાવવાના કાવતરામાં બે લોકોની અટક

રાજસ્થાનમાં રેલવે પાટાના વિસ્ફોટ પાછળ પાકિસ્તાની ISIનો હાથ

જયપુર,તા.૧૫

રાજસ્થાનના શ્રીગંગાનગરમાં ૩ નવેમ્બરે રેલવે પાટા પર થયેલા વિસ્ફોટ પાછળ પાકિસ્તાની જાસૂસી એજન્સી આઈએસઆઈનો હાથ હતો, જેણે પાટા પર આઈઈડી (ઈમ્પ્રોવાઈઝડ એક્સપ્લોઝિવ ડિવાઈસ) મૂકીને આખી પ્રવાસી ટ્રેનને ઉડાવવાનું કાવતરું ઘડ્યું હતું.

પાકિસ્તાની હેન્ડલરના ઈશારે પંજાબમાં રહેતા બે દેશદ્રોહીઓનો નિષ્ફળ પ્રયાસ

રાજસ્થાન પોલીસે આ મામલે બે આરોપીઓને અટક કર્યા છે, જેમના નામ મહકદીપ અને દેવિંદરસિંહ છે. બંને પંજાબમાં રહે છે. બંને આરોપીઓને ૧૪ નવેમ્બરે પકડી લેવાયા. એમને પૂછપરછ માટે રાજસ્થાન લાવવામાં આવ્યા છે.

પાકિસ્તાનમાં બેઠેલા શાહ નામના શખ્સે આ બંનેને શ્રીગંગાનગર રેલવે પાટા પર વિસ્ફોટ કરવાની જવાબદારી સોંપી હતી. તપાસમાં જણાયું છે કે મહકદીપ કૌર અને દેવિંદરસિંહે પાકિસ્તાની હેન્ડલરના નિર્દેશ પર રેલવે પાટા પર વિસ્ફોટ કર્યો હતો. આ સમગ્ર કાવતરા પાછળ પાકિસ્તાની જાસૂસી એજન્સી આઈએસઆઈ હતી. બંનેનો બદઈરાદો રેલવે પાટા પર આઈઈડી ગોઠવીને આખી પ્રવાસી ટ્રેનને લક્ષ્ય બનાવવાનો હતો. જોકે એમનું કાવતરું સંપૂર્ણપણે સફળ થયુ નહિ અને એક મોટી દુર્ઘટના ટળી ગઈ.બંને આરોપીઓના ખાતામાં પાકિસ્તાનથી પૈસા મોકલી અપાયા હતા. એમને પાકિસ્તાનથી શસ્ત્રો પણ મોકલાયા હતા. આરોપીઓ પાસેથી બે પિસ્તોલ અને ૪૬ કારતૂસ કબજે કરાયા છે.

લગ્ન માટે ભારત આવેલી કેનેડાની મહિલા નિરાશ થઈ

કેનેડાની મહિલા વૃદ્ધ નીકળતા ભારતીય યુવકે લગ્નની ના પાડી

નવી દિલ્હી, તા.૧૫

કેનેડાની એક મહિલા અને રાજસ્થાનનો એક યુવક ઓનલાઈન પ્રેમમાં પડ્યા હતા, બન્નેએ લગ્ન કરવાનું નક્કી કર્યું, જોકે જ્યારે કેનેડાની આ મહિલા જ્યારે ભારત આવી ત્યારે તેની ઉંમર જાણીને યુવકે ફેરવી તોડ્યું, પરિણામે મહિલાએ આ યુવકની સામે કેનેડિયન એમ્બેસી સમક્ષ ફરિયાદ કરી હતી.

મહિલાએ કેનેડાની એમ્બેસીમાં ફરિયાદ કરી, પોલીસે યુવકને કસ્ટડીમાં લઇ પૂછપરછ કરી

હરિયાણાનો રહેવાસી નિતિન નામનો એક યુવક કેનેડાની એક મહિલાના સંપર્કમાં આવ્યો હતો, બન્ને ડેટિંગ એપ્લિકેશનના માધ્યમથી એકબીજાને મળ્યા હતા. મહિલા અને યુવક એક વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા. બન્નેએ લગ્ન કરવાનું પણ નક્કી કર્યું હતું. જેને પગલે મહિલા કેનેડાથી આ યુવક સાથે લગ્ન કરવા માટે ભારત આવી હતી.

દિલ્હી એરપોર્ટ પર યુવક પોતે મહિલાને લેવા માટે પહોંચ્યો હતો. બન્ને બાદમાં રાજસ્થાનના એક ફ્લેટમાં રોકાયા હતા, આ દરમિયાન જ યુવકને જાણકારી મળી હતી કે મહિલાની ઉંમર ૬૧ વર્ષ છે. બાદમાં યુવકે આ મહિલા સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી, પરિણામે મહિલાએ કેનેડાની એમ્બેસીમાં ફરિયાદ કરતા પોલીસ પહોંચી હતી. પોલીસ બન્નેને પોલીસ સ્ટેશન લઇ ગઇ હતી અને પૂછપરછ કરી હતી, બાદમાં યુવકને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

અમેરિકાના લેબર ડિપાર્ટમેન્ટની સ્પષ્ટ ચેતવણી

H1-B વિઝા મામલે ભારતીય IT કંપનીઓ પર તપાસનો ગાળિયો

વોશિંગ્ટન, તા.૧૫

અમેરિકામાં H-1B વિઝા અને ગ્રીન કાર્ડ મેળવવાની પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓ સામે ટ્રમ્પ વહીવટીતંત્રે કડક વલણ અપનાવ્યું છે. હવે અમેરિકાના લેબર ડિપાર્ટમેન્ટે કંપનીઓને સ્પષ્ટ ચેતવણી આપતાં કહ્યું છે કે, H-1B વિઝાનો ઉપયોગ બિઝનેસ ચલાવવાની કાયમી વ્યૂહરચના તરીકે કરી શકાય નહીં. આ નિવેદન બાદ ભારતની મોટી આઈટી કંપનીઓ ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો અને એચસીએલ સહિતની કંપનીઓ પર તપાસનું દબાણ વધવાની શક્યતા છે.

વિઝાનો ઉપયોગ બિઝનેસ મોડલ તરીકે થતો અટકાવાશે : શૈક્ષણિક સંસ્થાઓ સામે પણ તપાસ થશે

અમેરિકાના લેબર ડિપાર્ટમેન્ટના ઈન્સ્પેક્ટર જનરલ એન્થની ડી'એસ્પોઝિટોએ ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, H-1B વિઝા કામચલાઉ વ્યવસ્થા છે. અમેરિકામાં તે જ કામ કરવા સક્ષમ અને તૈયાર કર્મચારી ઉપલબ્ધ ન હોય ત્યારે જ કંપનીઓએ વિદેશી કર્મચારીઓને આવા વિઝા પર નોકરી આપવી જોઈએ. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે વિઝા વ્યવસ્થાને બિઝનેસ મોડલ બનાવી શકાય નહીં.

આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ઓક્ટોબરમાં ટ્રમ્પ વહીવટીતંત્રે માઇક્રોસોફ્ટ, એડોબી અને છ મોટી આઈટી આઉટસોર્સિંગ કંપનીઓને પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન કાર્યક્રમમાંથી સસ્પેન્ડ કરી હતી. આ લિસ્ટમાં ટીસીએસ, ઈન્ફોસિસ, વિપ્રો, એચસીએલ, કોગ્નિઝન્ટ અને કેપજેમિનીનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીથી આ કંપનીઓ દ્વારા વિદેશી કર્મચારીઓ માટે ગ્રીન કાર્ડ મેળવવાની પ્રક્રિયા અટકી છે.

અમેરિકી અધિકારીઓનો આરોપ છે કે કેટલીક કંપનીઓ વિદેશી કર્મચારીઓને ઓછા પગારે નોકરી પર રાખીને અમેરિકાના સ્થાનિકોની જગ્યા લઈ રહી છે.

ડી'એસ્પોઝિટોએ સંકેત આપ્યો છે કે તપાસ આગળ વધતાં અન્ય કંપનીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સામે પણ આવી કાર્યવાહી થઈ શકે છે. તેમની ઓફિસ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સની વ્હાઈટ હાઉસ ફ્રોડ ટાસ્ક ફોર્સ સાથે મળીને કામ કરી રહી છે.

ફ્લાઈટમાં ૧૯૨ પ્રવાસી હતા : વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ

લેન્ડિંગ ગિયરમાં ખામી સર્જાતાં પુણેથી ગુવાહાટી જવા નીકળેલું વિમાન પરત

મુંબઈ તા.૧૫

પુણેથી ગુવાહટી જવા માટે આજે સવારે રવાના થયેલા ઈન્ડિગોના વિમાનમાં ટેકનિકલ ખામી ઉભી થતા પાછું ફર્યું હતું અને સહીસલામત રીતે ઉતરાણ કર્યું હતું.

ટેક ઓફની થોડી જ ક્ષણોમાં પાયલટે એટીસીને જાણ કરતાં પુણે એરપોર્ટ પર ફૂલ ઈમરજન્સી ડિક્લેર કરાઈ

આજે પુણેથી ૧૯૨ પ્રવાસી સાથે રવાના થયેલી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ ૬ઈ-૦૬૨૩ (વીટી-આઈઝેઈ)ના ફ્લાઈટના પાઈલટે થોડી વારમાં જ એર-ટ્રાફિક કન્ટ્રોલ (એ.ટી.સી)ને જાણ કરી હતી કે પ્લેનના વ્હીલ ટેકઓફ કર્યા પછી પાછા ખેંચાયા નથી એટલે સલામતીના કારણસર પ્લેનને પાછું વાળું છું.

આ સંદેશ મળતાની સાથે જ પુણે એરપોર્ટ પર તાકીદની સ્થિતિને પહોંચી વળવા માટે તૈયારી રાખવામાં આવી હતી. એરપોર્ટનું સંચાલન કરતા એરફોર્સે તરફથી ફૂલ ઈમર્જન્સી ડિક્લેર કરવામાં આવી હતી. ફાયર સર્વિસીઝ, એમ્બ્યુલન્સો અને અન્ય ઈમર્જન્સી રિસ્પોન્સ ટીમ રન-વે પર સજ્જ થઈ ગઈ હતી.

સાવચેતી ખાતર વિમાને ઓછી ઉંચાઈએ એક ચકરાવો લીધો હતો. જેથી રનવે ઉપરથી બચાવ ટીમ જોઈ શકે કે તેનાં વ્હીલ (લેન્ડિંગ ગિયર) કઈ સ્થિતિમાં છે. ગણતરીની મિનિટોમાં બધી જ તૈયારી થઈ ગયા બાદ સવારે ૯.૧૦ કલાકે વિમાને પુણે એરપોર્ટ પર સહી સલામત ઉતરાણ કર્યું હતું. ત્યાર પછી એરફોર્સ દ્વારા ઈમર્જન્સી ઉઠાવી લેવામાં આવી હતી. તમામ ૧૯૨ પ્રવાસી અને ક્રુ મેમ્બર્સ સલામત હોવાની એરલાઈન્સે જાહેરાત કરી હતી.

અટવાયેલા મુસાફરોને ગુવાહટી પહોંચાડવા વૈકલ્પિક વિમાનની વ્યવસ્થા કરવામાં આવી હતી.



'જે ઊગ્યું તે આથમે, ફૂલ્યું તે કરમાય, એહ નિયમ અવિનાશનો, જે જાયું તે જાય. અરે અબુધ ઓ આદમી! મનમાં શું મલકાય, ઘાટ થશે શો ઘડી પછી, જે જાયું તે જાય...' ઢળતો સૂરજ એક સંકેત આપી જાય છે કે જે ઊગે છે, તે આથમે પણ છે. હાલ શિયાળાની મોસમ ધીરે-ધીરે દસ્તક આપી રહી છે. શિયાળાના સૂર્યાસ્તનો અદ્‌ભૂત નજારો હોય છે. સામાન્ય દિવસો કરતાં આ ઋતુમાં વહેલો સૂર્યાસ્ત થવા સાથે સૂર્યની વિશાળતા પણ વધુ હોય છે. ત્યારે લાઈટના બલ્બ જેવો પણ લાલીમય વિશાળ સૂર્યનો અદ્‌ભૂત નજારો જોવા મળી રહ્યો છે. (તસવીર : સુરેશ મિસ્ત્રી)

મોદીની સૂચનાથી તરુણ ચુગ સ્નેહમિલનમાં હાજર રહેશે

મંત્રીમંડળ અને ભાજપ પ્રદેશ સંગઠનમાં પણ મોટા ફેરફારની જાહેરાતની શક્યતા

અમદાવાદ,રવિવાર

ગાંધીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઓચિંતી મુલાકાત બાદ હવે પ્રદેશ પ્રભારી તરુણ ચુગ પણ પાટનગર પહોંચ્યાં છે. સોમવારે કોબા સ્થિત ભાજપના મુખ્યાલય 'કમલમ'માં યોજાનારા દિવાળી સ્નેહમિલન પર હવે સમગ્ર રાજ્યની નજર મંડાઈ છે તેનું કારણ એછેકે, આગામી દિવસોમાં રાજ્યના મંત્રીમંડળ જ નહી, ભાજપના સંગઠનમાં મોટા ઉલટફેર થાય તેવી પુરેપુરી શક્યતા છે. આજે તેની જાહેરાત થાય તેવી પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં વહીવટી તંત્ર પર સરકારની પકડ રહી નથી. વર્તમાન પરિસ્થિતીને જોતાં વડાપ્રધાન મોદી તાબડતોડ દિલ્હીથી ગાંધીનગર દોડી આવ્યા હતાં જ્યાં રાતવાસો કરીને મંત્રીઓ સાથે બેઠક કરવી પડી હતી. વડાપ્રધાનની દિલ્હી વિદાય બાદ ગુજરાતનું રાજકારણ ગરમાયુ છે. હવે ગમે તે ઘડીએ મંત્રીમંડળમાં ઉલટફેર થશે. કેટલાક મંત્રીઓની નબળી કામગીરી અને વિવાદોને લઈ તેમની વિદાય લગભગ નક્કી માનવામાં આવી રહી છે. હવે કોના પર ગાજ ગરજશે અને કોને મંત્રીમંડળમાં એન્ટ્રી મળશે તે અંગે અત્યારથી જ તરેહ તરેહની રાજકીય અટકળો વહેતી થઈ છે.

ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રીપદેથી ખસેડવાનું લગભગ નક્કી કરવામાં આવ્યુ છે પણ તેમના સ્થાને કયા પટેલ નેતાને મૂકવા તે મુદ્દે ભાજપ હાઈકમાન્ડ હજુ અવઢવમાં છે તેનુ કારણ એછેકે, એ નામ સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે હજુ સંમતિ સધાઈ શકી નથી. સાથે સાથે ભૂપેન્દ્ર પટેલના સ્થાને મુખ્યમંત્રીપદે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું નામ પણ નક્કી છે.

બીજી તરફ, વડાપ્રધાન મોદીની સૂચનાથી ગુજરાત ભાજપના પ્રભારી તરુણ ચુગ પણ સતત રાજ્યના પ્રવાસે રહીને સંગઠનાત્મક સમીક્ષા કરી રહ્યા છે. સોમવારે બપોરે ૩ વાગ્યે કમલમ ખાતે ભાજપ દ્વારા દિવાળી સ્નેહમિલનનું આયોજન કરાયુ છે તેના એક દિવસ પહેલાં જ પ્રભારી ચુગ પાટનગર પહોંચ્યાં છે. હાલ તેઓ સમગ્ર રાજકીય સ્થિતી પર નજર રાખી રહ્યાં છે. દિવાળી સ્નેહ મિલનમાં તમામ સાંસદો, ધારાસભ્યો અને ભાજપના પદાધિકારીઓને હાજર રહેવા ખાસ સૂચના અપાઈ છે.

સ્નેહમિલનના બહાને કમલમ ખાતે તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ એકઠા થઈ રહ્યા છે, ત્યારે પડદા પાછળ બંધ બારણે કોઈ મોટી રાજકીય રણનીતિ ઘડાઈ શકે છે. વહીવટી તંત્ર પર પકડ મજબૂત કરવા અને આગામી ચૂંટણીઓ પહેલાં પક્ષની છબી વધુ સુદ્રઢ બનાવવા માટે હાઈકમાન્ડ દ્વારા 'નો-રિપીટ' કે મોટા ફેરબદલનો તખ્તો તૈયાર કરાયો હોય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. એટલુ ચોક્કસ છેકે, કમલમની આ બેઠક બાદ ગુજરાતના રાજકારણમાં મોટા બદલાવ આવશે.ભાજપનું મુખ્ય લક્ષ્યાંક પટેલ અને આદિવાસી મતદારોને સાચવવાનો રહ્યો છે.

આજે ભાજપના મુખ્યાલય કમલમ્‌માં 'દિવાળી સ્નેહમિલન'માં સાંસદો-ધારાસભ્યો,પદાધિકારીઓને હાજર રહેવા આદેશ

છોટા ઉદેપુરમાં ભીડ ભેગી કરવા સરકારે ૪૬૫ બસો દોડાવી

ગુજરાતમાં આદિવાસી વોટબેંક સરકી જશે તેવા ડરથી સરકાર દોડતી થઈ

અમદાવાદ,રવિવાર

વિધાનસભાની ચૂંટણીને આડે હવે એકાદ વર્ષ બાકી છે ત્યારે હવે સરકારને ડર પેઠો છેકે, આદિવાસી વોટબેંક સરકી જશે. આ જોતાં સરકારમાં દોડધામ મચી છે. તેનું કારણ એછેકે, જીલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં આદિવાસી વિસ્તારમાં ભાજપનો રકાસ થયો છે સાથે સાથે હાલ સરકાર વિરોધી આંદોલન પૂરજોશમાં ચાલી રહ્યાં છે. આ કારણોસર આદિવાસી મતોમાં ગાબડું પડવાના ડરથી મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને મંત્રીઓનો કાફલો છોટાઉદેપુર દોડી આવ્યો હતો, એટલું જ નહીં, ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ ઉજવવાના બહાને ભીડ ભેગી કરવા સરકારે ૪૬૫ બસો દોડાવવી પડી હતી. ટૂંકમાં, આદિવાસી વિસ્તારમાં શક્તિ પ્રદર્શન કરવા ભાજપ સરકારે પ્રયાસો કર્યા હતાં. મહત્વની વાત એછેકે, સરકારી મશીનરીનો ઉપયોગ કરાયા બાદ પણ ધારી ભીડ ભેગી થઈ શકી ન હતી.

૩૦ વર્ષના શાસન પછી પણ આદિવાસી વિસ્તારોમાં પાયાની સુવિધાઓ નથી ત્યારે સરકારને હવે બિરસા મુંડાની યાદ આવી

છોટાઉદેપુરમાં સરકાર આયોજીત કાર્યક્રમમમાં ૩૦ હજારથી વધુ જનમેદની એકત્ર કરવા નક્કી કરાયુ હતું. આ ઉપરાંત લોકોના સભા સ્થળે લાવવા લઈ જવા ૪૬૫ એસટી બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્થાનિક આગેવાનોનો એવો આક્ષેપ છેકે, સામાન્ય દિવસોમાં અંતરિયાળ ગામોમાં વિદ્યાર્થીઓ કે દર્દીઓ માટે એક બસ ફાળવવામાં ઠાગાઠૈયા કરતી સરકારે પોતાની વાહવાહી માટે રાતોરાત ૪૬૫ બસો દોડાવી દીધી.

એટલુ જ નહીં. જિલ્લા વિકાસ અધિકારીથી લઈ તલાટીઓને ભીડ ભેગી કરવાની જવાબદારી સોંપાઈ હતી. મહત્વની વાત એકે, વહેલી સવારે ૮ વાગ્યે ગ્રામજનોને લઈને એસટી બસો રવાના કરવાના પણ ફરમાન છુટ્યુ હતુ જેથી તલાટીઓમાં કચવાટ જોવા મળ્યો હતો. સ્થાનિકોનો દાવો છે કે, ડુંગર વિસ્તારના અનેક ગામોમાંથી નીકળેલી બસો ખાલીખમ જોવા મળી હતી, જેમાં ૨ થી ૧૦ લોકો જ બેઠેલા જોવા મળ્યા હતા.અત્યાર સુધી સરકારે આદિવાસીઓની ધરાર અવગણના કરી છે. હવે જ્યારે સરકારને મતબેંક ગુમાવવાનો ડર પેઠો છે ત્યારે પ્રત્યેક મંત્રીને આદિવાસી વિસ્તારોમાં ત્રણ દિવસ રહેવા આદેશ કરાયો છે. મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીએ પણ આદિવાસી વિસ્તારોમાં રાતવાસા કરવા પડ્યાં છે. આ જ દર્શાવે છેકે, આદિવાસી મતદારો સરકારથી ખફા છે. અત્યારે તો સરકારી યોજનાનો લાભ આપવાના બહાને આદિવાસીઓને રિઝવવા સરકાર ધમપછાડાં કરી રહી છે.

કોંગ્રેસ પ્રવક્તા ડો.મનિષ દોશીએ એવો મુદ્દો ઉઠાવ્યો કે,છેલ્લાં ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપનું શાસન છે ત્યારે આજે પણ વણઉકેલ્યા પ્રશ્નો છે. સરકારને પ્રશ્નો હલ કરવામાં રસ નથી. આજે પણ અનેક આદિવાસી ગામોમાં પાકા રસ્તા નથી. શાળાઓમાં પૂરતા શિક્ષકો અને વર્ગખંડો નથી, જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડાક્ટરો અને સ્ટાફની અછત હોવાથી આદિવાસી પરિવારોને સારવાર માટે

(અનુસંધાન ૪થે પાને)

મુખ્યમંત્રી, ના.મુખ્યમંત્રી, મંત્રીઓના આદિવાસી વિસ્તારોમાં 'રાતવાસા', આદિવાસીઓને રિઝવવા ભાજપના ધમપછાડા

શિયાળો હવે ૩ દિવસમાં જમાવટ કરશે

ગુજરાતમાં તાપમાન ૩ ડિગ્રી સુધી ગગડતાં ઠંડી વધશે

અમદાવાદ,રવિવાર

અમદાવાદ સહિત રાજ્યભરમાં ઠંડીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. આગામી ૩ દિવસ બાદ તાપમાનમાં ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થતાં ઠંડીમાં હજુપણ વધારો થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં ૧૯.૬ ડિગ્રી તાપમાન : ત્રણ દિવસમાં તાપમાન ૧૭થી નીચે ગગડી શકે છે

અમદાવાદમાં ગત રાત્રિના ૧૯.૬ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૯ ડિગ્રીનો વધારો નોંધાયો હતો જ્યારે આજે દિવસ દરમિયાન સરેરાશ મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી હતું. આગામી ૩ દિવસ અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૮થી ૨૦ ડિગ્રી વચ્ચે રહેશે. પરંતુ ૧૮ નવેમ્બર બાદ તાપમાન ૧૭ ડિગ્રીથી નીચે જતાં ઠંડીના પ્રમાણમાં હજુ વધારો થઈ શકે છે. છેલ્લા ૧૫ વર્ષમાં અમદાવાદમાં નવેમ્બરમાં ૧૫ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું હોય તેવું ૧૦ વર્ષ બન્યું છે. ગત રાત્રિના રાજ્યમાંથી અન્યત્ર મહુવામાં ૧૬.૯, વડોદરામાં ૧૮, ગાંધીનગરમાં ૧૮.૫, ડીસામાં ૧૯.૪, સુરતમાં ૧૯.૬, ભાવનગરમાં ૧૯.૮, નલિયા-પોરબંદરમાં ૨૦, રાજકોટમાં ૨૧.૫, ભુજમાં ૨૧.૮, સુરેન્દ્રનગરમાં ૨૨.૩, કંડલામાં ૨૨.૫, દ્વારકામાં ૨૪.૨ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

માર્ગ પરિવહન હવે વધુ મોંઘું થશે

ગુજરાત એનર્જી દ્વારા પણ CNGના ભાવમાં કિલોએ રૂ.પાંચનો વધારો

અમદાવાદ, રવિવાર

પેટ્રોલ, ડિઝલ, સીએનજી સહિતના ઈંધણ અને દૂધ, ખાદ્યતેલ, કઠોળ, અનાજ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારવાની જાણે કે હરિફાઈ જામી હોય તેમ અદાણી બાદ હવે ગુજરાત એનર્જી દ્વારા પણ સીએનજીના ભાવમાં કિલોએ રૂ.પાંચનો વધારો કરવામાં આવ્યો છે. આજે મધરાતથી જ આ નવો વધારો લાગૂ પડી જશે.

મોંઘવારી વધારવાની જાણે કે હરિફાઈ જામી, ગુજરાત ગેસના CNGનો પ્રતિ કિલોનો નવો ભાવ રૂ.૯૩.૭૬

દિવાળીના તહેવારો પહેલાં અદાણી દ્વારા ૧૩ દિવસમાં બે વખત મળીને સીએનજીના ભાવમાં કિલોએ રૂ.૬.૭૫નો વધારો કર્યો હતો. જેના પગલે અદાણી સીએનજી ગેસની પ્રતિ કિલોની કિંમત ૧૦૦ રૂપિયાને પાર કરી ગઈ છે.

દિવાળીના તહેવારો પૂરા થતા જ આજે ગુજરાત એનર્જી દ્વારા પણ સીએનજીના ભાવમાં વધારો કરવાનો નિર્ણય કરાયો છે. ગુજરાત ગેસ તરીકે ઓળખાતા ગુજરાત એનર્જીના સીએનજીનો ભાવ અત્યાર સુધી રૂ.૮૮.૭૬ હતો. તેમાં આજ મધરાતથી પાંચ રૂપિયાનો વધારો થશે. એટલે સોમવારથી લોકોએ ગુજરાત એનર્જીના સીએનજી માટે પ્રતિ કિલોએ રૂ.૯૩.૭૬નો ભાવ ચૂકવવો પડશે. અદાણી બાદ ગુજરાત ગેસ દ્વારા પણ સીએનજીના ભાવમાં કરાયેલા વધારા બાદ હવે અન્ય કંપનીઓ પણ ભાવ વધારવાની તૈયારી કરવા માંડી છે. જેના પગલે આગામી દિવસોમાં માર્ગ પરિવહન વધારે મોંઘુ બનશે.

અમૂલની નવી આર્થિક યુક્તિ

દૂધ, દહીં બાદ છાશનો વારો, MRP યથાવત જથ્થામાં કાપ

અમદાવાદ, રવિવાર

દૂધ, ઘી-બટર અને દહીં બાદ હવે અમૂલની છાશમાં પણ આડકતરો ભાવ વધારો લાગૂ પડ્યો છે. જોકે આ વખતે અમૂલે નવી આર્થિક યુક્તિ વાપરીને એમઆરપીમાં વધારો કરવાના બદલે છાશના જથ્થાને ઘટાડી દીધો છે. માટે લોકોએ દુકાનો પર જઈને અત્યાર સુધી ચૂકવતા હતા એટલા રૂપિયા જ આપવાના રહેશે, પરંતુ તેને છાશ ઓછી મળશે.

લોકોએ દુકાન પર અત્યાર સુધી ચૂકવતા હતા એટલાં જ રૂપિયા આપવાના રહેશે, પરંતુ જથ્થો ઓછો મળશે

વધતી મોંઘવારી વચ્ચે અમૂલ દ્વારા એક પછી એક પ્રોડક્ટમાં ભાવ વધારો કરવામાં આવી રહ્યો છે. અગાઉ દૂધ, ઘી-બટર અને દહીંના ભાવમાં ત્રણ તબક્કામાં વધારો કરાયા બાદ હવે અમૂલ દ્વારા છાશમાં પણ ભાવ વધારો લાગૂ કરાયો છે. જોકે આ વખતે અમૂલે વૈશ્વિક સ્તરે ખાદ્ય પદાર્થો વેચતી અનેક કંપનીઓ દ્વારા અપનાવવામાં આવેલી જથ્થામાં ઘટાડાની પદ્ધતિ અખત્યાર કરી છે. ખાસ કરીને બિસ્કિટ, વેફર, ચોકલેટ વગેરેમાં આવી રીતે એમઆરપી વધાર્યા વગર જ જથ્થામાં ઘાટાડો કરીને આડકતરો ભાવ વધારો થાય છે.

અમૂલ છાશના જથ્થામાં થયેલો ઘટાડો

પ્રોડક્ટ-કિંમત	અગાઉ	હવે	ઘટાડો
છાશ-રૂ.૨૦	૬૫૦	૬૨૦	૩૦
છાશ-રૂ.૧૦	૩૦૦	૨૮૦	૨૦
જીરા છાશ-રૂ.૫	૧૫૦	૧૪૦	૧૦

(જથ્થાના આંકડા એમએલમાં છે.)

માત્ર પાંચ જળાશયો હવે સંપૂર્ણ છલોછલ

ગુજરાતના ૯૦ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછું જળસ્તર

અમદાવાદ,રવિવાર

ગુજરાતમાં ઘટતાં જતાં જળસ્તરથી અત્યારથી જ ચિંતાના વાદળો ઘેરાવવા લાગ્યા છે. રાજ્યના ૨૦૬માંથી ૯૦ જળાશયોમાં ૨૫ ટકાથી પણ ઓછું જળસ્તર છે.

કચ્છમાં ૨૯.૨૮ ટકા, ઉત્તરમાં ૪૧.૫૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૫ ટકા સાથે સૌથી ચિંતાજનક સ્થિતિ

ગુજરાતના ૨૦૬માંથી માત્ર પાંચ જળાશયો છલોછલ છે. જેમાં સૌરાષ્ટ્રના ૩, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૧-૧ જળાશયનો સમાવેશ થાય છે. રાજ્યના જળાશયોમાં હાલ સરેરાશ જળસ્તર ૬૧.૫૮ ટકા છે. જેમાં કચ્છના ૨૦ ડેમમાં ૨૯.૨૮ ટકા, ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૪૧.૫૬ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૫.૦૧ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૬૨.૩૩ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૨.૧૦ ટકા જળસ્તર છે.

રાજ્યમાંથી હાલ ૨૯ ડેમમાં ૯૦ ટકાથી વધુ, ૧૪ ડેમમાં ૮૦થી ૯૦ ટકા, ૧૩ ડેમમાં ૭૦થી ૮૦ ટકા જળસ્તર છે જ્યારે ૭૦ ટકાથી ઓછું જળસ્તર હોય તેવા ૧૫૦ ડેમ છે. રાહતની વાત એ છે કે, રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં સરેરાશ ૯૬.૭૭ ટકા જળસ્તર નોંધાયેલું છે.

૧૩૦ કિલોના મુદ્દામાલ સાથે આરોપી મુદસર પઠાણ ઝડપાયો

સરખેજમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપાઈ AIની મદદથી આખું યુનિટ તૈયાર કર્યું હતુ

અમદાવાદ, રવિવાર

શહેરના સરખેજમાં આવેલા લબ્બેક પાર્કમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને સરખેજ પોલીસે રવિવારે સવારે દરોડો પાડીને એક મકાનમાં છુપી રીતે બનાવેલા ભોયરામાંથી એમ ડી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ઝડપીને મુદસર પઠાણ નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. પોલીસે સ્થળ પરથી એમ ડી ડ્રગ્સ બનાવવા માટેના ૨૦ જેટલા વિવિધ કેમીકલ સહિત કુલ ૧૩૦ કિલો જેટલો કરોડો રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મુદસર પઠાણને એમડી ડ્રગ્સનું સેવન કરવાની આદત હતી અને તેણે રાજસ્થાનના પ્રતાપગઢમાં એમડી ડ્રગ્સની એક ફેક્ટરી જઈને બનાવવા માટેની પદ્ધતિ જાણીને ગૂગલ-એઆઈની મદદથી એમ ડી ડ્રગ્સ તૈયાર કરવા માટે સેટઅપ બનાવ્યું હતું.

વાપી-મધ્ય પ્રદેશથી કેમિકલ અને ડ્રગ્સનો જથ્થો લાવી આરોપી ઘરના છૂપા ભોંયરામાં ડ્રગ્સ બનાવતો હતો



નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અમદાવાદ ઝોન અને સરખેજ પોલીસને સંયુક્ત બાતમી મળી હતી કે સરખેજ રોડ ગ્યાસપુર લબ્બૈલ પાર્કમાં રહેતો મુદસર અહેમદ ખાન નામનો વ્યક્તિ તેના ઘરમાં એક ભોયરૂ બનાવીને તેમાં એમ ડી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ચલાવી રહ્યો છે. જે બાતમીના આધારે છેલ્લાં ઘણા દિવસથી વોચ રાખવામાં આવી હતી અને રવિવારે સવારે એનસીબી અને સરખેજ પોલીસે સંયુક્ત દરોડો પાડ્યો હતો. જેમાં મકાનમાં તપાસ કરતા અંદરથી છુપી રીતે તૈયાર કરવામાં આવેલું એક ભોયરૂ મળી આવ્યું હતુ. જેની નીચેના રૂમમાંથી મુદસર એમ ડી ડ્રગ્સ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતા ૨૦ થી વધારે વિવિધ કેમીકલ અને પાવડરનો આશરે ૧૩૦ કિલોથી વધારાનો જથ્થો મળી આવ્યો હતો. સાથે સાથે સાધનો પણ મળી આવ્યા હતા. સાથેસાથે પ્રવાહી અને પાવડરની પેટર્નમાં એમ ડી ડ્રગ્સ પણ મળી આવ્યું હતું.

આ અંગે વધુ માહિતી આપતા ડીસીપી ઝોન-૭ શિવમ વર્માએ જણાવ્યું કે મુદસર ખાનને એમ ડી ડ્રગ્સના સેવનની આદત હતી. જેથી એમ ડી ડ્રગ્સનું સેવન કરવાની સાથે પોતાના માટે સારી ક્વોલીટીનું એમ ડી ડ્રગ્સ મળી રહે તે માટે કોઈની મદદથી રાજસ્થાનના પ્રતાપગઢ ગયો હતો અને જ્યાં એમ ડી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીની મુલાકાત લઈને ડ્રગ્સ તૈયાર કરવાની પદ્ધતિ અંગે માહિતી લીધી હતી. બાદમાં ગુગલ કે

(અનુસંધાન ૪થે પાને)

મુદસર ખાન સાથે અન્ય કોઈ ભાગીદારની સંડોવણીની શક્યતા

પોલીસે મુદસર ખાન પાસેથી જપ્ત કરેલા કેમીકલની કિંમત કરોડો રૂપિયા સુધીની છે. ત્યારે તેની પાસે આ કેમીકલ ખરીદીના નાણાં એકસાથે આવે તેવી શક્યતા ઓછી છે. જેથી એમ ડી ડ્રગ્સ બનાવવાના કેમીકલમાં અન્ય વ્યક્તિની ભાગીદારી હોય શકે છે. તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

આરોપી એસજી હાઈવેના કાફેથી ગ્રાહકોને ડ્રગ્સ આપતો હોવાની દિશામાં તપાસ

મુદસર ખાન એસ જી હાઈવે પર કાફે ધરાવે છે. જેથી તેણે ત્યાં આવતા ચોક્કસ ગ્રાહકો માટે ડ્રગ્સ તૈયાર કરીને વધુ નફો રળવા માટે સમગ્ર યુનિટ તૈયાર કર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

કેમિકલનો જથ્થો સપ્લાય કરનારા લોકોની યાદી તૈયાર કરાશે

પોલીસે જપ્ત કરેલા કેમિકલ પૈકી કેટલાંક કેમીકલ મેળવવા માટે ચોક્કસ લાયસન્સની જરૂર રહે છે. પરંતુ, મુદ્દસર ખાન પાસે આ પ્રકારનું કેમીકલ અને ડ્રગ્સ મળી આવ્યું હતું. જે ગંભીર બાબત હોવાથી પોલીસ કેમિકલ સપ્લાય કરનારની યાદી તૈયાર કરીને પૂછપરછ કરવાની સાથે કેટલાંક કિસ્સામાં ધરપકડની કાર્યવાહી પણ કરશે.

પકડાયેલા દર ૧૦ પૈકી ૪ આરોપી ડ્રગ્સના નશાના બંધાણી

ગુજરાત માત્ર 'ટ્રાન્ઝિટ પોઈન્ટ' નહીં પણ ડ્રગ્સ માફિયાઓનું બજાર બન્યું

અમદાવાદ,રવિવાર

ગુજરાતનો દરિયાકાંઠો અત્યાર સુધી ડ્રગ્સની હેરાફેરી માટેના 'ટ્રાન્ઝિટ પોઈન્ટ' તરીકે જાણીતો હતો, પરંતુ હવે રાજ્યની અંદર જ ડ્રગ્સનો વપરાશ ચિંતાજનક સપાટીએ પહોંચી ગયો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સત્તાવાર આંકડાઓએ ગુજરાતમાં યુવાધનના ભવિષ્ય સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં એનડીપીએસ એક્ટ હેઠળ પકડાયેલા ૧,૩૪૯ વ્યક્તિઓ એટલે કે આશરે ૪૪ ટકા લોકો માત્ર ડ્રગ્સનું સેવન કરવાના ગુનામાં જેલના સળિયા પાછળ ધકેલાયા છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયનો ખુલાસો : ગુજરાતમાં ૪૪ ટકા લોકો ડ્રગ્સનું સેવન કરવાના ગુના બદલ જેલના સળિયા પાછળ

ગુજરાતમાં નશાબંધી માત્ર નામપુરતી જ રહી છે. હવે તો દારુ કરતાં ડ્રગ્સનું દૂષણ વધુ વકર્યુ હોય તેમ લાગી રહ્યુ છે. રાજ્યમાં ડ્રગ્સ સપ્લાય કરનારા તત્વોની સામે નશાની ગર્તામાં ધકેલાયેલા સ્થાનિક ગ્રાહકોની સંખ્યા લગભગ બરાબર છે. કાયદાકીય એજન્સીઓ માટે હવે ડ્રગ્સ પેડલરોની સાથે સ્થાનિક બંધાણીઓના અદ્રશ્ય નેટવર્કને તોડવું મોટો પડકાર બન્યુ છે.

સામાજિક નિષ્ણાતોના મતે, પોલીસ ચોપડે નોંધાયેલા આ આંકડા માત્ર હિમશીલાની ટોચ સમાન છે, વાસ્તવિક સ્થિતિ આનાથી પણ વધુ ગંભીર હોઈ શકે છે. યુવાનોમાં ઈન્સ્ટન્ટ નશા માટે મેફેડ્રોન, ચરસ અને કેમિકલ ડ્રગ્સનો ક્રેઝ વધી રહ્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા જેવા મહાનગરોની શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ અને હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓમાં સોશિયલ મીડિયા તથા ડાર્ક વેબના માધ્યમથી આખુય નેટવર્ક ચાલે છે. આ ઉપરાંત રોકડને બદલે ઓનલાઈન પેમેન્ટ અને કોડવર્ડ્સનો ઉપયોગ થતો હોવાથી ડ્રગ્સનું સેવન કરનારાં સરળતાથી પોલીસની પકડમાં આવતા નથી.

લોકસભામાં રજૂ થયેલાં રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં વર્ષ ૨૦૨૧માં હેરાફેરીમાં ૪૭૯ લોકો ઝડપાયા, તેની સામે ૪૬૭ લોકો ડ્રગ્સનું સેવન કરતા પકડાયા હતાં. જ્યારે વર્ષ ૨૦૨૨માં ડ્રગ્સની હેરાફેરીના ગુનામાં ૫૨૮ લોકો સામે કાર્યવાહી થઈ, જ્યારે ૪૭૧ લોકો અંગત વપરાશ કરતા ઝડપાયા. આ ઉપરાંત વર્ષ ૨૦૨૩માં હેરાફેરી નેટવર્કના ૭૧૯ આરોપીઓ પકડાયા, તો ૪૧૧ સ્થાનિક બંધાણીઓ જેલભેગા થયા હતાં.

(અનુસંધાન ૪થે પાને)

ડ્રગ્સના કેસોનું ત્રણ વર્ષનુ સરવૈયું

વર્ષ	અંગત વપરાશના કેસ	ધરપકડ	હેરાફેરીના કેસ	ધરપકડ
૨૦૨૧	૨૦૦	૪૬૭	૨૬૧	૪૭૯
૨૦૨૨	૨૧૧	૪૭૧	૨૯૭	૫૨૮
૨૦૨૩	૨૦૩	૪૧૧	૩૫૮	૭૧૯
કુલ	૬૧૪	૧,૩૪૯	૯૧૬	૧,૭૨૬

એક્ઝિક્યુટિવ પ્રોગ્રામમાં પ્રવેશ માટે ઓક્ટો.માં લેવાયેલી

CS એન્ટ્રન્સ ટેસ્ટમાં અમદાવાદના ૭ વિદ્યાર્થીઓ દેશના ટોપ ૨૫ રેન્કમાં

અમદાવાદ,રવિવાર

ભારત સરકારની ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા ગત ઓક્ટોબરમાં લેવાયેલી કંપની સેક્રેટરી એક્ઝિક્યુટિવ એન્ટ્રન્સ ટેસ્ટ (સીસેટ)નું આજે પરિણામ જાહેર કરવામા આવ્યુ હતું.જેમાં અમદાવાદના ૭ વિદ્યાર્થીઓએ દેશના ટોપ ૨૫ ઓલ ઈન્ડિયા રેન્કમાં સ્થાન મેળવ્યુ છે.અમદાવાદના ૬૧૦ સહિત ગુજરાતના ૧૦૫૯ વિદ્યાર્થીઓ આ એન્ટ્રન્સ ટેસ્ટમાં પાસ થયા છે અને હવે જેઓ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામમાં પ્રવેશ લેશે.આગામી એન્ટ્રન્સ ટેસ્ટ હવે ફેબ્રુઆરીમાં લેવાશે અને જે ૧થી૪ ફેબ્રુઆરી દરમિયાન દેશભરના સેન્ટરોમાં લેવાશે.

અમદાવાદના ૬૧૦ સહિત ગુજરાતના ૧૦૫૯ વિદ્યાર્થીઓ એક્ઝિક્યુટિવ એન્ટ્રન્સ ટેસ્ટમાં પાસ થયા

આઈસીએસઆઈ દ્વારા દર વર્ષે ત્રણ સેશનમાં કંપની સેક્રેટરી એક્ઝિક્યુટિવ એન્ટ્રન્સ ટેસ્ટ લેવામા આવે છે.સીએસમાં પ્રવેશ માટેની એટલે કે એક્ઝિક્યુટિવ પ્રોગ્રામમાં પ્રવેશ માટે આ પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે અને અગાઉ આ પરીક્ષા ફાઉન્ડેશન પ્રોગ્રામ પરીક્ષા કહેવાતી હતી.આઈસીએસઈઆઈ દ્વારા ઓક્ટોબર સેશનની પરીક્ષાનું પરિણામ આજે રવિવારે રજા છતાં જાહેર કરવામા આવ્યુ છે.સમગ્ર દેશમાંથી ૯૧૯૯ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં પાસ થયા છે. અમદાવાદના ૬૧૦ સહિત ગુજરાતના ૧૦૫૯ વિદ્યાર્થીઓ આ એન્ટ્રન્સ ટેસ્ટમાં પાસ થયા છે અને હવે સીએસના એક્ઝિક્યુટિવ પ્રોગ્રામમાં પ્રવેશ માટે લાયક થયા છે. આ પરીક્ષામાં દેશમાં પ્રથમ રેન્ક

(અનુસંધાન ૪થે પાને)

બેસના



સ્વ. શ્રીમતી ચન્દ્રવતી દેવી બજાજ (ધર્મપત્ની : સ્વ શ્રી રમેશચંદ્રજી બિશનલાલજી બજાજ) અત્યંત દુંખ કે સાથ સૂચિત કિયા જાતા હૈ કિ હમારી પૂજનીય માતાજી કા સ્વર્ગવાસ દિનાંક 15.11.2026 કો હો ગયા હૈ ।

બેસના : 16.11.2026 સોમવાર કો સુબહ 9.30 સે 11.00 બજે તક રખા ગયા હૈ

સ્થલ – રાની સતી ભવન, શાહીબાગ, અહમદાબાદ

શોકાકુલ

શિવદયાલજી (જેઠ) રવિ બજાજ – પીનલ બજાજ (પુત્ર–પુત્રવધૂ)
જયગોવિંદજી (દેવર) દેવેંદ્ર બજાજ – આંચલ બજાજ (પુત્ર–પુત્રવધૂ)
જયપ્રકાશજી (દેવર) ગીરીશ બજાજ – વિજ્યા બજાજ (પુત્ર–પુત્રવધૂ)
વેદપ્રકાશજી (દેવર) નિર્મલા અગ્રવાલ – સંજય અગ્રવાલ (પુત્રી–દામાદ)
એવં સમસ્ત બજાજ પરિવાર

પ્રતિષ્ઠાન : એરોમૈક્સ સિંથેટિક ઇંડસ્ટ્રીજ (નરોડા) – એરોમૈક્સ